સ્વર્ગની સુંદરી.

જેશીંગભાઇ મોતીલાલ શાહની પરવાનગીથી
છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર છોટાલાલ છગનલાલ.
રીચીરોડ – અમદાવાદ.

આ આવૃતિમાં સુધારો વધારો કર્યો નથી.

અમદાવાદમાં.
શ્રી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૨ જી   પ્રત ૨૦૦૦
સંવત ૧૯૬૮   સને ૧૯૧૨

કીંમત ૦-૮-૦

સ્વર્ગની સુંદરી.

પ્રકરણ ૧ લું.

અનેક ઉપવનો અને પર્વતોથી પરિપુર્ણ, હાલાર નામે એક કર્ત્તાની કલમને દીપાવતો રમણીય પ્રદેશ છે, એ પ્રદેશમાં અનેક રિદ્ધિ સિદ્ધિયોથી છલાછલ કૃષ્ણગઢ નામે એક શેહેર હતું આ શહેરની શોભા અને મકાનોની બાંધણી એવા ઉત્તમ પ્રકારની હતી કે વિદેશથી કેટલાક વિદેશીય કારીગરો આ પુરાતન શહેરની રચના જોવા આવતા. આ શહેરની ચારે બાજુ પથરથી બાંધેલો મજબુત કોટ હતો અને કોટની પાસે ચારે બાજુએ સુંદર બગીચો દરેક નવીન આવનાર મુસાફરને આનંદ આપતા હતા.

આ શહેરની મધ્યમાં એક ક્લોક ટાવર હતો જેનો નાદ આખા શહેરમાં સંભળાતો તેથી કરી સર્વ કોઇ પોતાનું નિયમિત કાર્ય બરાબર નીમેલે વખતેજ કરી શકતા આ શહેરના રાજ્ય કર્ત્તાને વિદ્યા અને કળાં પ્રતિ અપૂર્વ પ્રેમ હોવાથી આ શહેરમાં વિદેશથી આવેલા કેટલાક વિદ્વાનો અને કળાવાનો વસતા હતા અને પોતાની નીપુણતા બતાવી એક બીજાથી વધવા પ્રયાસ કરતા હતા. આ શહેરના મહારાજાએ જુદી જુદી સભાઓ સ્થાપી હતી, જેમાં વિદ્યા, વ્યાપાર. હુન્નર, કળા, ખેતી અને સંસાર સુધારા વગેરેની સભાઓ મૂખ્ય હતી. દેશની અને પોતાની પ્રજાની ઉન્નતિ માટેજ આ સભાઓ મહારાજાએ સ્થાપી હતી. સિવાય રાજ્ય પ્રબંધ યથાસ્થિત ચલાવવા માટે પણ તેણે જુદાં જુદાં ખાતાઓ વાર જુદી જુદી સભાઓ સ્થાપી હતી. આ વ્યવસ્થાથી આ દેશનો રાજ્ય પ્રબંધ પણ બહુજ ઉત્તમ પ્રકારે ચાલતો.

આ શહેરના મહારાજાનું નામ પ્રતાપસિંહ હતુ. ખરેખર તેનો પ્રતાપ તેના આખા મુલકમાં એવો પ્રસર્યો કે કોઇ સ્થળે ચોરી યા લુંટ થયાનું તો સ્વપ્ન પણ નહોતું. બાળકને પણ ઉન્માદ કરતાં શાન્ત પમાડવા માટે તેનાજ નામનું સ્મરણ અપાતું, માહારાજા પ્રતાપસિંહ પોતાની પ્રજાને પોતાના સંતાનરૂપેજ લેખતા અને સંતાન રૂપેજ તેમનું તન મન અને ધનથી પાલન કરતા કોઇ પણ તરેહનો તેમનાપર પોતા તરફથી કિંવા કોઇ રાજ અધિકારી તરફથી જુલમ કે બળાત્કાર નહોતો. આથી કરી પ્રજા સંપૂર્ણ રીતે સુખી હતી અને પોતાના માલીકને તન મનથી ચાહાતી હતી.

આ મહારાજાને દુર્મતિ નામે. પત્નિ હતી. મહારાજા સર્વ પ્રકારે સુખી હતો પરંતુ પોતાની પત્નિ (રાણી) થી સદા તે અસંતુષ્ટ રહેતો આ રાણીનો સ્વભાવ દ્વેષીલો અને વાત વાતમાં લડી પડે તેવો કંકાસીલો હતો. આ માહારાને પ્રથમની રાણી સુલોચનાને પેટે અવતરેલાં ત્રણ બાળકો હતાં તેમાં બે પુત્રો હતા અને એક પુત્રી હતી. પુત્રો જન્મતાંજ ગુમ થતા હતા. માહારાજાએ પોતાનાં તે બે બાળકો માટે સર્વ જગોએ તપાસ કરાવી હતી, પરંતુ કોઇ સ્થળેથી તેમનો પત્તો મળ્યો નહોતો તેથી તે પોતાની આ એકજ પુત્રીને પુત્રનાથી અધિક લાલન પાલન કરી ચાહતો હતો. અને વિદ્યા કળાથી તેને ઉત્કૃષ્ટ રચવા ત્હેનો વિચાર હતો. માહારાજાની પ્રથમની રાણી સુલોચના પતિપરાયણ સાધવી સ્ત્રી હતી. ધર્મની તેણીયે સારી કેળવણી લીધી હતી. ને વિદ્યા કળામાં પણ પરિપૂર્ણ હતી. માતાનાજ સર્વ ગુણો આ પુત્રીમાં જન્મતાંજ સ્ફુરવા માંડય હતા. તેની કાંતિ એવી તો તેજસ્વી અને મુખમુદ્રા એવી તો રસાળ અને હસતી હતી કે–જોનારનું મન સર્વ પ્રકારે તે બાળાથી આકર્ષાઇ જતું અને આનંદ પામતું.

રાણી દુર્મતિ આ પ્રમાણે પોતાના પતિને પોતાની પુત્રી તરફ અધિક પ્યાર દર્શાવતા જોઇ તે સહન કરી શકી નહિ તે વારંવાર પોતાના પતિના કાન ભંભેરતી અને પુત્રીને વધારે લાડ લડાવવાં યોગ્ય નથી, એથી કરી એ સ્વચ્છંદી બની કોઈ દિવસ આપણને દુરાચણથી કલંકીત કરશે. એવું એવું વારંવાર કહી કંટાળો આપતી. મહારાજા તેના ઉત્તરમાં કહેતા કે–' આપણે વા પુત્ર ગણીયે તો હાલ એજ છે. વળી હાલ હજુ એ બાળક છે એની બાલ્યાવસ્વામાં આપણેજ જ્યારે લાડ ન લડાવીયે ત્યારે કોણ લડાવે ! એની માતા તો એને જન્મતાંજ આપણને સુપ્રત કરી ચાલી નીકળી છે માટે એની માતાની ખોટ આપણે પુરી ન કરીયે તો બીજું કોણ કરે ? વળી બાલ્યાવસ્થાથીજ તેને ભણવા તરફ કેવો પ્રેમ છે ? સ્વભાવ તેનો કેવો આનંદી છે. ? તેનામાં ચંચળતા કેવી છે ? આપણી હરકોઈ આજ્ઞા કેવા ઉમંગથી તે પાળે છે અને તે કાર્યમાં તે કેવી સત્વર પરોવાય છે ? સ્વચ્છતા તો તેને અત્યારથીજ પ્રિય છે આ બધા ગુણો તેની માતાનાજ તેનામાં પરિણામ પામ્યા છે, ગમે તેવા મનુષ્ય ને પણ તેના આનંદી સ્વભાવ અને હસ્તી મુખકળા જોઇ તેનાપર વ્હાલ પ્રગટયા વિના રહેતું નથી. ત્યારે આપણે તો તેના માતા પિતાજ છીયે આપણને વ્હાલ ઉત્પન્ન ન થાય ત્યારે કોને થાય ? આ સાંભળી દુર્મતિ બોલી.

' હું આપને વ્હાલ કરવાની ક્યારે ના પાડું છું ? પોતાનાં સંતા-
ન કોઇને અળખામણા હોય છે પણ લાડ રીતિસરજ જોઇએ. આ
પુછાવો તો દીકરીને તો લાડ લડાવવાં એ તેનો ભવ બગાડવ જેવુંજ.
છે કારણ કે એને પરઘેર જવાનું છે બીજાની મરજી આધિન રહેવાનું
છે માટે તેના પર જેટલો અંકુશ તેટલોજ તેના હકમાં લાભ સમાયેલો
છે. હું વારંવાર તેને ઠપકો આપું છું તેનાપર ચીડાઉ છું તે શું કાંઇ
મ્હને તે અળખામણી છે એમ ધારીને નહિ પરંતુ આગળ ઉપર સ્વા-
ર્થ સુધારવા માટે એટલું પણ આપને ગમતું ન હોય અને ફુલાવી
ફુલાવીને બગાડવીજ હોય તો તમે જાણો અને તમારી દીકરી ! આ-
જથી આપણે એને એક અક્ષરપણ કહેવો બંધ કર્યો. હજુ સુધી તો
મ્હેં એવું કાંઇ ઓરમાનવટું એની સાથે જણાવ્યું નથી પણ એવોજ
હુકમ ભાઇ રહ્યો છે તે આજથી એ પછી રહ્યું હુંતો કહું છુ કે એને
મ્હારી પાસે પણ શા માટે આવવા દ્યો છો ? આપ જાતેજ એને કે-
ળવો એટલે પછી આપને એ સંબંધી મ્હને કંઈ કહેવુંજ ન પડે
' આ સાંભળી માહારાજાએ ઉત્તર આપ્યો.

ત્હારો સ્વભાવ તે કોણ જાણે કેવા વિચિત્ર પ્રકારનો છે કે–વાત વાત-
માંયે આડી. હું ત્હને એને કંઇ પણ શીખામણની વાત કહેતાં ક્યારે
અટકાવું છું. વળી બાળક છે અને કંઈ ભુલ કરે તો તે માટે. માતાયે
તેને ઠપકો આપી તે ભુલ તેની સુધારવીજ જોઇયે. આ પ્રમાણે ન
થાય તો બાળક બગડે એ તો સ્પષ્ટજ છે, પરંતુ વારંવાર દરેક બા-
બતમાં તેનાપર ચીડાવાથી અને ચીડાઇ વાત કરવાથી સુધરવાને બદલે
ઉલટાં બાળક બગડે છે અને આપણું જોઇ તેઓના સ્વભાવ પણ
ચીડીલા અને રીસાળ રચાય છે માટેજ મ્હેં ત્હને સહજ એ બાબત
માં કહ્યું ! આ સાંભળી દૂર્મતિ બોલી––

વારૂ એટલુંજ હું કયાંથી સમજુ ! મ્હારામાં કંઈ બુદ્ધિ બળી છે
કે મ્હને કંઇ વરસ થયાં છે ? બધું આપજ સમજો, મ્હારે અને એને
કંઇ સગપણ છે ? સગપણ અને વ્હાલ બધું તમારેજ એની સાથે છે
અમારૂ તો મન તણાય એટલે બળ્યું બોલીયે અને વચમાં નકામાં અ-
ળખામણા થઇયે, એથી ન બોલ્યામાં નવ ગુણ આમેય મ્હારૂં બોલવું
આપને કયે દહાડે ગમે છે ? મ્હારી આગળ દહાડો ઉગ્યા વિના રહે
તો જુનીના વખાણ થયા વિના રહે. હું બધુંય સમજુંછું પણ ઇશ્વરે અ-
મને જેવાં ઘડયાં તે ખરાં સારા કયાંથી થઇ શકીયે ? સારાં હતા ત્યારે
એમને જવા શા સારૂ દીધાં? માહારાજાએ ચીડાઇને ઉત્તર આપ્યો–

'વારૂ, હું જાઉં છુ. ત્હારી સાથે માથાફોડ કયાં લગી કરૂં. ત્હનેફાવે
તેમ કર' એમ કહી માહારાજા ત્યાંથી કોરટનો સમય થવાથી ગયા.

મહારાજા પ્રતાપસિંહને એક વિજયસિંહ નામે મિત્ર હતો એ વિજયસિંહએ દીલ્હીના બાદશાહ સાથે દુશ્મનાવટ થતાં તેની સાથે યુદ્ધ કરતાં મરણ પામ્યો હતો અને તેનું રાજ્ય બાદશાહે પોતાને સ્વાધીન કર્યું હતું આ વિજયસિંહ પોતાની પાછળ એક ત્રણ વરસના બાળકને મુકી ગયો હતો એ બાળક આ મહારાજા પ્રતાપસિંહનાજ અંતઃપુરમાં ઉછરતો હતો. ત્હેની માતા પોતાના પતી પાછળ સતિ થઇ હતી. આ બાળકનું નામ તેના પિતા વિજયસિંહે ધીરસિંહ પાડયું હતું. આ ધીરસિંહ અને પ્રતાપસિંહની રાજકુમારી ઉભય સાથેજ રમતાં અને ઉછરતાં રાજકુમારીનું નામ વીરમતિ હતું. પરંતુ ઘણી રૂપાળી હતી તેથી ઘણા લોકો સ્વર્ગની સુંદરી પણ કહેતાં. કુમારથી કુમારી બે વર્ષ વયમાં ન્હાની હતી.

આ બેઉ વિદ્યાર્થીયોનો એકજ વિદ્યાગુરૂ હતો. એ બેઉ વિદ્યાર્થીયો ભણવામાં બહુ ઉમંગી હતાં તેથી તેમણે ટુંક મુદતમાં સ્વભાષાનું સંપુર્ણ જ્ઞાન મેળવી લીધું. ત્યાર બાદ સંસ્કૃત અને ઇંગ્રેજીનો પણ અભ્યાસ કર્યો અને તેનું પણ આવશ્યક જ્ઞાન સંપાદન કર્યું. આ શિવાય કુમારીયે એક હોંશીયાર સ્ત્રી શિક્ષક પાસે સ્ત્રી યોગ્ય ગુંથવાની શીવવાની કળા પણ શીખી અને ચિત્રકળા ગાનકળાનું પણ સંપુર્ણ જ્ઞાન મેળવ્યું. અને ધર્મ તથા નીતિના ગ્રન્થોનું પણ સારૂં શિક્ષણ મેળવ્યું. કુમારે એક કુશળ સેનાધ્યક્ષ પાસે સર્વ પ્રકારનું સૈનિક જ્ઞાન મેળવ્યું. આ બેઉ કુમાર કુમારી પોત પોતાની વિદ્યાકળામાં એવાં તો કુશળ નીવડયાં કે એ સમયમાં એ પ્રદેશમાં તેમની જોડ મળવી મુશ્કેલ હતી.

આ બેઉ કુમાર અને કુમારી ઘણો વખત એક બીજાના સહવાસમાંજ રહેતાં તેથી તેઓ વચ્ચે અપુર્વ પ્રેમ બંધાઇ ગયો હતો ઘડીપણ એક બીજાનો વિયોગ તેઓ સહન કરી શકતાં નહિ. સાથે હોય ત્યારે તેઓ એક બીજાને પોતાની શીખેલી વિદ્યા કળાના પ્રશ્નોતર કરે,સંધ્યા સમયે ઉધાન આદિમાં ફરવા પણ સાથેજ જાય. ત્યાં પણ બાળ રમતો રમે અને હાસ્યજનક વાર્તાઓ કરે.

જેમ જેમ તેમની ઉમર વધતી ગઈ તેમ તેમ તેમની પ્રીતી મજબુત થતી ગઇ અને બાળ સ્નેહનું રૂપાંતર થઇ સાંસારિક હવાનો તેમને સ્પર્શ થવા લાગ્યો. જે સ્નેહથી તેઓ નિઃશંક બની રમતાં હતાં અને એક બીજાને એક બીજા પાછળ દોડી પકડી પાડતાં હતાં અને એક બીજાની કોટે વળગી પડતાં હતાં તેમાં હવે ભંગાણ પડવા માંડયું એક બીજાની કોટે વળગતાં અચકાવા માંડયું. એક બીજાની પાછળ દોડતાં કોઇ દેખશે તો--એવો ભય થવા લાગ્યો. કોઇ કોઇવાર તેઓ ઉંડા વિચારમાં ઉતરી પડયાં હોય તેમ એક બીજાને માત્ર જોઇ રહેતાં, અને આખરે કોઇ

પણ બોલ્યા ચાલ્યા સિવાય તેમના ઉંડા અંતઃકરણમાંથી નિઃશ્વાસજ માર્ગ આવી મુખ વાટે ઢોળાઇ જતા. આ નિશ્વાસનો ભાવાર્થ બંને સમજી શકતાં હતાં પરંતુ કોઇ એકબીજાને પૂછી શકતાં નહિ. 'શા વિચારમાં ઉંડા ઉતરી પડયાં છો'--એવું વખતે એકાદ જણથી પૂછી જવાતુ તો બીજાથી લજ્જાને લીધે નીચું જોઇ--'કંઈ નહિ એટલોજ ઉત્તર અપાતો.

રાણી દુર્મતિને એક બ્હેન હતી ત્હેને ગુમાનસિંહ નામે એક પુત્ર હતો. આ ગુમાનસિંહ બાલ્યાવસ્થામાંજ નીચ શોબતને લીધે કુમાર્ગે ચડયો હતો. ત્હેની રાજમાતાએ તેહેને ભણાવવા માટે ઘણા ઘણા ઉપાયો યોજ્યા, ઘણા ઘણા માસ્તરો રાખ્યા, પરંતુ એ સર્વ નિરર્થક ગયું. ગુમાનસિંહે નીચ સંગતિ મૂકી નહી અને ભણ્યો પણ નહી. રાણી દુર્મતિનો વિચાર આ ગુમાનસિંહ વેરે કુમારી વીરમતિનું લગ્ન કરવાનો હતો અને ગુમાનસિંહને પોતાના પતિ પાછળ રાજ્યનો વારસદાર કરવાનો હતો કારણ કે કુમારી વીરમતી સિવાય ત્હેને કોઇ અન્ય સંતાન નહોતું. પરંતુ આ વિચાર હજુ તેણે મનમાંજ રાખ્યો હતો. આ વિચારથીજ તે કુમારી વીરમતિપર પ્રેમ રાખી ચાહતી.

રાણી દુર્મતિને જ્યારે માલુમ પડયું કે--કુંવરી કુમાર ધીરસિંહ સાથે બહુજ હળીમળી ગઇ છે અને ત્હેનાપર બહુજ મમતા રાખે છે ઘડી પણ તેઓ એક બીજાથી વીખુટાં પડતાં નથી--ત્યાને ત્હેને મહા ખેદ થયો અને વિચારવા લાગી કે--રખેને બાળ મૈત્રીમાંથી તેઓ એક બીજાને વરવાનો નિશ્ચય કરી બેસે--એવા ભયથી તેણીએ કુમારી વીરમતિપર અંકુશ રાખવા માંડયો, અને જેમ બને તેમ તેમનો સહવાસ બંધ પાડવા અનેક ઉપાયો યોજવા લાગી. એક દિવસ વીરમતિને ઉદાશ જોઇ તે કહેવા લાગી.

બેટા વીરૂ ! ત્હારી મુખકલા આજ મ્હને કેમ સંકુચિત લાગે છે? શા વિચારમાં તું ઉતરી પડી છે ? ત્હારે આ અવસ્થામાં વિચાર શા ? તું વિષારમાંને વિચારમાં દીન પરદીન સુકાતી જાય છે. તું સર્વ પ્રકારની વિધા અને કળામાં પ્રવીણ થઇ છે ત્હારી હવે ઉમર પણ થવા આવીછે. ત્હારી જોડ મળવી દુર્લભ છે હું તથા તારા પિતાજી એજ શોધમાં છીયે મ્હારા ધ્યાનમાં તો એક છે રાજ્ય પણ આપણાથી મ્હોટું. કુલ પણ ઉંચું, વયમાં પણ સરખી જોડ અને વળી સગામાં મતને ખાતરી છે કે ત્હારા પિતાજીને પણ એ વાત ગમતીજ આવશે પછી તો ત્હારા જેવું ભાગ્યશાળી કોઇ નહિ !

આ સાંભળતાંજ વીરમતીના કોમળ હૃદયપર વજ્ર પ્રહાર થયો હોય તેવું થયું તેનું અંતઃકરણ ચીરાવા લાગ્યું પોતાને થયેલા એકાએક વજ્ર પ્રહારનું દારૂણ દુઃખ પોતાની ઓરમન માતા કળી ન જાય તેટલા માટે

તેનાથી બન્યું તેટલું બળ આ બાળ મુગ્ધારે પોતાના પર વાપર્યું છતાંએ ચાર અશ્રુ બિન્દુ જેટલું નીર હૃદયનાળમાંથી ઉછાળો મ્હારી નયનમાં ભરાયું બાલિકા બિચારીયે નીચુ જોતે તે અશ્રુ બિન્દુઓને પોતાના ઉત્સંગમાં ઝીલી સંતાડી દીધાં છતાં તહેનું મુખ છેક પડી ગયું અને દરેક જોનારને કરૂણાજનક થઈ પડયું. આટલું દુઃખ છતાં વીરબાળા નિરૂત્તરજ રહી છતાં તહેની માતા દુર્મતી મનમાં સમજી ગઇ કે–મહારા કહેવાથીજ વીરમતીને દુઃખ થયું છે અને એ ઉદાસ રહે છે તેનું કારણ પણ તેણે કોઇને પ્રેમ સમર્પણ કર્યો છે તેજ છે, અને એ પ્રેમ સમર્પિત સ્થાન ધીરસીહસિવાય અન્ય ન હોવું જોઇએ. અરરરર ! આ તો બહુજ અનિષ્ટ થયું. હવેશોશ: ઇલાજ કરવો? ધીરસીંહ તરફ તહેના ગમેલા મનને રોકવા મ્હારે અત્યારથીજ કંઇ ઇલાજ લેવા જરૂરના છે. કારણ કે નહિ તો પાછળથી સર્વ ઉપાયો નિરર્થક જશે. અત્યારે જેટલું હું આ સબંધમાં કાહશ એથી એને મહા કષ્ટ તો થશે પરંતુ પછીથી ત્હેને લાભ છે. કારણ કે જાગીર વિનાના એક નિરાધાર ધીરસિંહ વેરે ત્હેનું લગ્ન કરાવવું એ તો તદ્દન એના ભાગ્યને રંક રચવા જેવું છે વળી પારકા કરતાં મ્હારી બ્હેનનાજ પુત્રને વારસદાર કરવો એજ ઉત્તમ છે કારણ કે એનાપર હું જેટલું જોર કરૂં તેટલું પોસાય અને પારકાનો શો ભરૂંશો? માટે દુઃખ થાય તો ભલે થાય પરંતુ અત્યારથીજ હું વીરમતિને એ વાતો શીખામણની કહું.

બાપુ! હવે તું મોટી થઇ બાળક હતી ત્યારની વાત જુદી હતી. હવે ત્હારે ધીરસિંહ સાથે વિશેષ પરિચ ન રાખવો. કારણ કે લોકો પાછળ વાતો કરે એમાં આપણી શોભા કહેવા નહિ વળી ત્હને ખબર છે કે ધીરસિંહની જાગીર બાદશાહે પડાવી લીધી છે. એને અત્યારે કોઇપણ જાતનો આધાર નથી. ત્હારા પિતા ભલા સ્વભાવના છે તેથી તેમણે ત્હેને ઉછેરી મ્હોટો કર્યો અને કદાચ કોઇ નોકરીયે પણ એને વળગાડશેપરંતુ બેટા ! ત્હારે માટે એવો રંક રજપુત જોઇએ ? ત્હારા માટે તો આપણા જેટલીજ જાગીરવાળો આબરૂવાળો રાજ કુમાર જોઇયે એમાંજ અમારી પણ આબરૂ અને ત્હારૂં પણ સૌભાગ્ય ગમે તેમ તું ભણી પણ હજુ સંસારી બાબતો ત્હને જ્ઞાન નહી ત્હારા સ્વાર્થની બાબત અમે જેટલી સમજી શકીયે તેટલી હજુ તું સમજી ન શકે ?

માતુશ્રી ! યોગ્ય ઉમરે પહોચ્યા પછી સર્વ કોઈ પોત પોતાનો સ્વાર્થ સમજી શકે છે તેમાં વળી જેણે વિદ્યા ગ્રહણ કરી હોય તે તો સત્વર અને સારી રીતે સમજી શકે છે મન મળ્યા વિના કે મન સંતુષ્ટ થય વિના કોઇ સાથે લગ્ન કરવું એ યોગ્યને કોઇ વેળા ભ્રષ્ટ થવાનો ભય રહે

છે. માનસિક યોગ વિના શારીરીક વિવાહ રચવો એ વ્યભિચાર છે વિદ્યા વય અને ગુણમાં સમાન હોય તો પછી ચહાય તો તે પુરૂષ રંક હોતો તેની કાંઇ સ્પૃહા નહિ માતુશ્રી ! હું પૈસાને કે સાહેલીને ચહાતી નથી પણ વિદ્યાવાન અને ગુણવાન પુરૂષનેજ ચહાઉ છું મ્હારા લગ્નની બાબતમાં તમારે હાલ કંઇ પણ હીલચાલ કરવી નહી કારણ કે મનઅને વિદ્યાની પુર્ણ પરિક્ષા સિવાય હું કોઇ સાથે પાણી ગ્રહણ કરવાની નથી પુત્રીયોગ્ય ઉમરે આવવા છતાં તેના સંમતી લીધા સિવાય તેની મરજી વીરૂદ્ધતેના લગન કરવાં:એનેજ બલાત્કાર-વિવાહ કહે છે અને બલાત્કાર વિવાહએ પુત્રીને ફાંસીની દોરીએ લટકાવવા બરોબર છે' આ સાભળી દુર્મતિએ કહ્યું

'વારૂ, વારૂ, તુંતો ભણી. એટલે મ્હારાથી પણ વધુ ડાહી થઈ ગઇ ને ! માતા પિતાને તો કંઇ હિસાબમાંજ ન લેખવાં ખરૂં કે? ભુલ કરી કે તેને ઉછેરી મોટી કરી અને ભણાવી તારા પિતાશ્રીએજ તહને છેક મોઢે ચડાવી બગાડી મુકી ! અને ઓછામાં પુરૂં વળી ભણાવી ભણ્યા એટલે તમે તો જાણે સ્વતંત્ર મગજના થઇ ગયાં પણ જોઉં કે કોનુ ધાર્યું થાય છે ! તારી હઠઉપર તને મારી બેનના દીકરા ગુમાનસિંહ વેરેજ પરણાવું ત્યારેજ હું ખરી અને એ તારો તોર પળવાળમાં ઉતારી નાંખ-શે ! વીરમતી ગુસ્સાના આવેશમાં બોલી—

'બસ બસ માતુશ્રી ? તમારે વિશેષ ન બોલવું. તમારાથી થાય તે કરી નાંખજો એટલું બોલી તે ત્યાંથી બીજા ખંડમાં ગઇ પણ તેનું હૈયું ભરાઇ આવ્યું અને ચોધાર આંસુયે રોવા લાગી. અને રડતાં રડતાં ડુસકાં ખાતી બોલી-'અરેરે વ્હાલી માડી ? તુ મરતાની સાથે મને ખેંચતી ન ગઇ! મારે હવે શું કરવું! વ્હાલા ધીરસીંહ! તમે માહારો સત્કાર કરશો ? અરે! મારૂં કષ્ટ વિદારણ કરશો! દીલગીર! પણ તેમ કરવાથી તમે મારાં માતા પિતાના કોપનું પાત્ર થશો. અરરરે ! મારા સુખ માર્ગ માટે આપને દુ:ખાગ્નિમાં પોમવા! અરરર તે મહારાથી કેમ જોઇ શકાય ! ત્યારે શુ મારે મારી ઓરમાન માતાની આજ્ઞાને વશ થઈ અણગમતા સંસારમાં ઝબકોળાવું અને વાલા ધીરસંહને ભુલી જવા ? ના, ના, તેતો કદી બનનાર નથી હું ધીરસીંહને ચાહુ છું. તેમ તેઓપણ મને સંપુર્ણ રીતે ચાહે છે એવું મને પ્રસંગોપાત માલુમ પડ્યું છે હું કદાચ માતાની આજ્ઞાને બલાત્કારે વશ થાઉંયણ એથી એમને દારૂણ દુ:ખ થાય એવો મને ભય રહે છે. અરર ! હું કેવી મંદભાગીની ? કે મારી સાથે આપનો સ-બંધ સધાતા પણ આપને દુ:ખ અને તોડતાં પણ આપને દુ:ખ ? ધી-રસીંહ ! વાલા ધીરસીંહ ! તમે તો હીણભાગી વીરપતિના શા માટે બા-ળ શોબતી થયા ? મૈત્રીમાં વીયોગકાળે આવું દુ:ખ છે એતો પ્હેલોજ

અનુભવ વ્હાલા ધીરસીંહ ! માતાની આજ્ઞાને શરણ થાઉં તો તમે મને નહી ભુલી શકો ? વ્હાલા ! ત્યારે કાંઇ માર્ગ મ્હને બતાવોને ! કહોને પ્રિય તમે મ્હને ચહાઓ છો ?

ધીરસીંહ દ્વાર આગળ ઉભો રહી આ સઘળું સાંભળી રહ્યો હતો તેની ધીરજ વીરમતિ છેલ્લા વાક્યો સાંભળતાં સરીપડી, અને એકદમ અંદર પ્રવેશ કરી સ્નિગ્ધ વાણીએ બોલ્યો—

'કૃષ્ણગઢ કુમારી ! આ અલ્પજંતુ માટે આપ આટલું બધું શાસારૂ સહો છો ? માતાની આજ્ઞાનું પાલનકરો. આ ક્ષુદ્ર પ્રાણીને ભુલી જાઓ મારા માટે સર્વના અસંતોષનું પાત્ર ન થાઓ હું દ્રવ્ય હીન, સત્તાહીનછું મ્હારાથી શા માટે આકર્ષણ પામો છો ? આપની પ્રતિજ્ઞાનું પાલન કરો અને માતા પિતાને સંતોષ આપો. આપની સાથેની મૈત્રિનો હું આભાર કે એણે મ્હને અત્યારથીજ એવો બોધ પાઠ શીખવ્યો છે કે--હવે પછી કોઇ સાથે વિશેષ સંસર્ગમાં ન રહેવું અને આપનેજોતાંજ એ પાઠ મ્હારો તાજો થાય છે કુમારીકા સાથેજ વિશેષ સંસર્ગમાં ન રહેવું એટલુંજ નહિ પરંતુ કોઇ કુમાર સાથે પણ વિશેષ પરીચય ન રાખવો એવો મ્હારો નિશ્ચય છે. સુકુમારી ! પ્રતાપસિંહ તનયા ! આ ધીરસીંહને ભુલી જાઓ, એમાંજ તમારૂં અને સર્વનું શ્રેય સમાયેલું છે વિચારો કે મ્હને રંકને પરણી શું સુખ મળવાનું છે ? વીરમતી ! કહોને તમે મ્હને નહી ભુલી શકો ? કેમ બોલતાં નથી ? શા માટે હૃદય સંતાપ કરોછો !

ધીરસિંહના દરેક વાક્યથી વીરમતીનું મુગ્ધ અંતઃકરણ ચીરાવામાંડયું મનને ઘણું કઠીન કરવા છતાં અશ્રુ પ્રવાહ રોક્યો રહ્યો નહિ અને અંતે રોઇ પડી.

પોતાની વ્હાલી વીરમતીને ચોધાર આંસુએ રડતી જોઇ ધીરસીંહ ધીર પ્રકૃતિનો છતાં તેની સર્વ ધીરજ જ જતી રહી અને વીરમતી પાસે જઇ તેના અશ્રુ લુતો બોલ્યો

વીરમતી ! પ્રિય વીરમતિ ! શા માટે હૃદયફાટ રૂદન કરોછો ! તમારી આ સ્થિતી મ્હારાથી જોવાઇ શકતી નથી તમારા હૃદયનું અસહ્ય દુઃખ મ્હારા આગળ સત્વર પ્રકાશીત કરો તમારા સુખ માર્ગ માટેજ આ પ્રાણ આ દેહ મંદિરમાં સંચાર કરી રહ્યો છે ! કહોને તમને કોણે કટુ વચનોનો પ્રહાર કર્યો ! આ મુગ્ધ કુસુમ વદનને અસહ્ય દુઃખ મનમાંને મનમાં સહન કરી કરીને આ કિશોરાવસ્થામાંથીજ શા માટે કરમાવી નાખો છો ! મ્હારા વચનોથી તમને કંઇ દુઃખ થયું હોય તો તે કહો મુગ્ધા મ્હારા સમ કહોને તમને શું હૃદય દુઃખ છે ! આ પ્રમાણે શા

નાવન આપ તો ધીરસિંહ મારીના કપોલ માર્ગે વહેતાં તૃષ્ણુ અશ્રુ બિંદુઓ પોતાના રૂમાલવતિ લ્હુવા લાગ્યો, મ્હારી આ સ્થિતિ પ્રિયથી જોવાઇ શકાતી નથી અને હુંજ તેમને વિશેષ દુઃખના કારણરૂપ થઈ છું. એમ કલ્પિત વીરમતીએ પોતાના નરમ થયેલા હૃદયને બળાત્કારે કઠિન કરી ધીમેશ્વરે અચકાતી બોલી—

પ્રિય કુમારશ્રી ! તમે પુરુષ છો તમે મ્હને ભુલી જવા સમર્થ છો હું તેમ કરવા જતાં નિષ્ફળ નિવડું છું. અરરર ! એ કલ્પનાથી પણ મ્હારૂં મ્હારૂં અંતઃકરણ ચીરાય છે. પ્રેમપક્વ થયા પછી ભુલાઇ જતો હોય, ભુંસાઇ જતો હોય, એ જ્ઞાનોપદેશ આજે મ્હને આપેજ કર્યો. એ જ્ઞાનોપદેશ આપે મ્હને પ્રથમ કર્યો હોત તો આપ મ્હારા શ્રેય સાધક કહેવાત મ્હને ભુલી જવા ઉપદેશ કરોછો અને મ્હારી અપ્રાપ્તિથી આપ જીંદગી પર્યંત કુંવારા રહેવા ઇચ્છોછો—પ્રિય ઉપદેશક ! કૃપા કરી જરા કહેશો કે એનો મર્મ હું સમજતી હઇશ ? અને સમજી, એથી મ્હને કંઇ દુઃખ થતું હશે ? 'હું દ્રવ્યહીન સત્તાહીન છું મ્હને રંકને પરણીને સુખ પામશો ? મ્હારા રંક પ્રેમીયો દ્રવ્ય અને સત્તા અવલોકે પ્રેમ નથી અવલોકતો ખરૂં ? મ્હને રંકને પરણીને તમે શું સુખ પામશો ?' એ વાક્યમાં આપનો મ્હારા પ્રતિ જરા પણ પ્રેમ નથી ખરૂં મ્હારા પ્રેમ વિલાસી ?

'અધિક થયું કુમારી ! હવે જે આજ્ઞા હોય તે કહો !'

'આપ જો મ્હને વિસરવા સમર્થ હોવ તો હું આપને વીસરી જઇ આપના ઉપદેશને ગ્રહણ કરૂં.'

'અપરિસિમ દુઃખ વેઠતા પણ આપ મહને વીસરવા અસમર્થ નીવડો તો મ્હારાથી પણ આપને ન વીસરી સકાય.

'થોડા દિવસ અગાઉ સ્વપ્નમાં બનેલી બીનાને વીસરી જવી અને આપના પ્રેમને વીસરી જવો એ સમાનજ છે અને વળી સ્નેહ—સાંકળથી સંધાયેલા હૃદયોને તોડવા જતાં તે હૃદયોને કંઇપણ ઇજા થતી નથી ખરૂં સ્નેહ ધારી ?

'કુમારી ! આટલું બોલતાં ક્યાંથી શીખ્યાં !

'કોઇ એક રંક ધીરસિંહ નામક ઉપદેશક પાસેથી !

'એ ઉપદેશક કેમ ?'

"પોતાનું તો ગમે તેમ હોય અને બીજાને ધીરજ આપી વીસરી જવા ઉપદેશ કરે એ ખરા ઉપદેશક!"

'કુમારી ! અધિક થયું. હવે શી ઇચ્છા છે?'

'પ્રિય ! શું કહું ! કહેતાં વળી મારૂં હૃદય નરમ બને છે?'

'ના, ના, કહો મ્હારા સમ છે, તમારા હૃદયને કોણે દુભવ્યું છે?

'કહેવડવવાથી શો લાભ?'

'ત્હેનો ઉપાય થાય એ લાભ!'

'પ્રિય! વ્હાલા ધીરસિંહ! આજજ હું મ્હારૂં હૃદય આપની સમક્ષ સંપુર્ણ ખુલ્લું કરૂં છું. આપ ગમે તેવા ધીર હો વીર હો, પરંતુ પ્રાણ જતાં પણ મારાથી આપને વીસરી શકાય તેમ નથી મેં મ્હારૂં મન આપનેજ સમર્પિત કર્યું છે તે મનનું હવે કલ્પાંતે પણ પુનર્લગ્ન થવાનુ નથી જે મનના સ્વામી છે એ તનના પણ સ્વામિ છે આજ કાલ ઘણી એક કન્યાઓ બલાત્કારે માબાપની ઇચ્છાને શરણ થઇ મન વિવાહ અને શરિર--વિવાહ જૂદા જૂદા રચે છે કુમારોમાં પણ તેવું જોવામાં આવે છે તેથી દામ્પત્ય પ્રેમથી અધોગતિ થતાં દેશની સત્વર અવનતિ થાય છે હું તેવા પ્રકારની કુમારી નહિ હોઉં, એમ આપનું હૃદય અધિક પરિ ચયથી સાક્ષી પુરશે. આપ મ્હારો ત્યાગ કરો કે હું આપનો બલાતક ત્યાગ કરૂં, એમાં ઉભયમાંથી એકેને સુખ નથી. આપણે જોડાશું રે- આપણાપર વખતે અનેક આફતો આવશે, પરંતુ આપણે મુક્ત હોવાથી તે આફતો પણ આપણને સુખરૂપજ લાગશે. આગળ પણ કેટલાએક પ્રેમી જોડલાંઓ પર અનેક આફતો આવેલી આપણે સાંભળીજ છે. વ્હાલા ધીરસિંહ! મ્હારી સાવકી માતાએ જેવો તેની બ્હેનના પુત્ર ગુમાનસિંહ વેરે મારૂં વેવીશાળ કરવા નિશ્ચય કર્યો છે. તેવો મેં પણ મારા અ ગરીબ ધીરસીંહને આ હૃદયભવનના રાજાધિરાજ સ્થાપવા દ્રઢ સંપકલ્પ કર્યો છે. મ્હારા પીતાશ્રીને પણ તે આડું અવળું સમજાવી તેના પક્ષમાં વખતે લઇ લેશે અને મ્હારૂં સ્વાતંત્ર્ય વખતે છીનવી લઇ મહારાપર બલાત્કાર ગુજારશે બલાત્કારે અણગમના સંસાર કીચડમાં રગદોળાતા મહને શું દારૂણ દુઃખ થશે એ આ આપને અત્યારેજ વિચારવું જરૂરનું છે. મહારા પક્ષમાં અને મારા શ્રેય માટે માત્ર આપ એકજ છો. આપ દ્રવ્ય જાગીર અને અધિકાર વિના પણ પૂર્ણ છો સમર્થ છો, મ્હારા હૃદયના વિલાસી અને પ્રકાશક છો. પ્રાણ! આ પ્રાણ આ પ્રાણ માટેજ છે અને એ પ્રાણનું પોષણ કરવા જતાં આપને કોઇ પરોક્ષ રીતે અટકાવતું હોય તો સત્વર આ પ્રાણને આ દેહપીંજરમાંથી તમારા સ્વહસ્તેજ વિદાગ કરી દ્યો, પરંતુ કૃપા કરી પર પુરૂષના હસ્તથી આ હસ્તને ભ્રષ્ટ કરવાથી ભ્રષ્ટનો વિચાર આણશો નહિ?

'મુગ્ધ કુમારી? જરા પણ શોક કરશો નહિ. તમારૂં હૃદય મે સંપૂર્ણ અવલોકી લીધું, આ મન અને શરીર તમારાજ સ્નેહાધિન છે, અને તેથી તમારાંજ લેખશો, પણ આ વિષયમાં આપણે કેવી રીતે માર્ગ લેવે-

એ બાબતમાં તમારી સલાહ માગું છું?

'હું આપને શું સલાહ આપું? આપની ઇચ્છાના પ્રવાહ અનુસારજ મારૂં અનુવર્તન પરંતુ આ વિષયમાં હું આપને ટુંકમાં એટલુંજ વિદિત કરૂં છું કે આ કાર્યમાં આપણે વિલંબ કરવો ભયપ્રદ છે. આપણા ગુપ્ત લગ્ન સત્વર થવા જરૂર છે એટલા કથનથીજ આપ સમજશો?

ઉભયની સંમતિથી તેઓના ગુપ્ત લગ્ન થયાં. અંતઃકરણનો રાજાધિરાજ શરીરનો સ્વામિ થઇ ચુકયો. વીરમતિ પોતાના સંકલ્પમાં સફળ થઇ દુરમતી વીરમતીને દુરાચારી ગુમાનસિંહ વેરે લગ્ન કરી તેને શોક સમુદ્રમાં ઝંપલાવવાના કૂતર્કો રચવામાંજ ગુંચવાઇ રહી.

પ્રકરણ ૨ જું.

ભાગ્ય દેવિયે પ્રેમી પ્રેમીનો યોગતો રચ્યો, પરંતુ આ યોગ રચાતાંજ દુઃખનું કાળું વાદળ ચારે બાજુથી ઘેરાઇ તેમના પર તુટી પડવા ટમ ટમી રહ્યું. ગુપ્ત વાર્તા આખરે પ્રકાશમાં આવીજ ગઇ. આથી કરી દૂર્મતિને પોતાની મતિનો ઉપયોગ કરવાની અને વીરમતિના ભાગ્યને ભસ્મિભૂત કરવાની ઉત્તમ તક મળી. દુર્મતી વીરમતિના આવા સ્વતંત્ર વર્ત્તનથી અતિશય ઉસ્કેરાઇ ગઇ અને રોષમાં ને રોષમાં ગાજી ઉઠી.

'યાદ રાખ વીરમતિ? તેં મારાથી ઉપરવટ થઇ અને મારી પ્રતિસ્પર્ધિ થઇ જે અયોગ્ય પગલું ભર્યું છે તેનો કટુ સ્વાદ હું તને હાલજ ચખાડું છું તું ભણી પણ હજુ ગણી નથી કે--મારૂં નામ દુર્મતિ છે. તારા પિતાશ્રી પણ મારી ઇચ્છા વિરૂદ્ધ ચાલે તો તેનું વૈર લેવા પણ હું સમર્થ છું તો તું કોણ માત્ર? મારાથી ગુપ્ત તું ધીરસિંહ સાથે પરણી તો ખરી? પરંતુ એ પરણેતનો તું તારા ધીરસિંહ સાથે કેવો લ્હાવો લે છે. એ હું જોઇશ, ધીરસિંહા તારી ઉન્મત્તાઇનું કટુ ફળ તને સત્વર આપવા તારી ભાગ્યદેવી હવે સજ્જ થઈ રહી છે. એ તારી ભાગ્ય દેવી તે બીજી કોઇ નહિ પણ હુંજ છું. ધીરસિંહા વીરમતિ! હા! તમારૂં નામ લેતાં મારૂં લોહી ઉકળી જાય છે. તમારી ગેરવર્તણુંક માહારાજશ્રીને હાલ વિદીત કરૂં છું. તમે મારો સ્વભાવ ઓળખવામાં મોટી ભુલ કરીછે નહિ તો આ પ્રમાણે સાહસ નજ કરત. હું મારા વૈરી સાથે કાળી નાગણછું. ધીરસિંહા ગભરાઇશ નહિ તારૂ જડમુળ આ પ્રદેશમાંથી હાલ ઉખાડી નાંખું? તારી છાયા પણ હવે આ પ્રદેશમાં પડવી ન જોઇએ. વીરમતિ પછી તું કેવી સુખી થાય છે. તે હું જોઇશ. વીરમતિ અત્યારે તેં તારો સંકલ્પ જેવો સિદ્ધ કર્યો છે તેવોજ ગુમાનસિંહ વેરે તને પરણાવવાનો મારો સંકલ્પ હું સિદ્ધ કરીશ. ધીરસિંહને દેશનિકાલ કરાવીશ અને તને મારી ઇચ્છાને સ્વાધીન કરીશ?

દુર્મતિ આ પ્રમાણે વૈરના આવેશમાં આવી વચનોચ્ચારણ કરતી હતી તે પળે વીરમતિ પણ ત્યાં આવી અને પોતાની ઓરમાન માતા પાસે બેઠી. વીરમતિને જોઇ તે સહજ ક્રોધને દબાવી બોલી--'વીરમતિ ! તું જાણીશ નહિ કે તારી કોઇપણ હીલચાલ મારાથી અજ્ઞાનતામાં છે તેં જે ગુપ્તરીતે અયોગ્ય વર્તણુક ચલાવી છે તે વાર્તા મારા જાણવામાં આવી ગઇ છે હવે તેનું શું પરિણામ આવે છે તે હું સારી રીતે અનુભવીશ. મેં તને હિતનું કહ્યું હતું તે તને અહિત લાગ્યું અને અહિત હતું તે હિત લાગ્યું માટે તેનો યોગ્ય બદલો તને મળવોજ જોઇયે. ધીરસિંહથી તું કેવી સુખી થાય છે અને ધીરસિંહ તારાથી કેવી રીતે સુખી થાય છે એ હું હવે જોઇશ!

'માતુશ્રી ! શા માટે એટલા અકળાઓછો. અને તપ્ત થાઓ છો આ સૃષ્ટિમાં વિચરતાં સર્વ પ્રાણીયો પોતાના પ્રારબ્ધ--પ્રવાહમાંછે વહેછે. સર્વ કોઇ મનુષ્ય પ્રારબ્ધ—અધિનજ છે. અને પ્રારબ્ધ એજ મનુષ્યના પૂર્વ સંચિત કર્મો વા પુરૂષાર્થનું બંધારણ ફળ અને પરિપાક છે. મારા પ્રારબ્ધથી હું પોતેજ પ્રતિકુળ વર્તવા અસમર્થ છું તો તમે તો શું કરી શકો ? જે પ્રારબ્ધ દેવિયે અમારો સંયોગ રચ્યો છે. એનાજ હાથમાં અમારા સુખ દુઃખની લગામ છે. માતુશ્રી ! તમે શું કહેશો ! અમારા યોગની સંકલનાજ એવા પ્રકારની હતી કે અમે સ્વેચ્છાયે દુઃખોનો અનુભવ લેવા અને એનું ભોગ થવા સજ્જી થયા હોઇએ અમે અમારા યોગમાં પ્રથમ જે દુખ કલપ્યું છે તેના કરતાં શહસ્ત્ર અંશે વિયોગમાં અમે અધિક દુઃખ કલપ્યું છે અમારો યોગ થતાં અમે પ્રથમથી અમારા પર જેટલું દુઃખ પડવું ધાર્યું છે તેટલું દુઃખ તમે અમારા પર નહિ પાડી શકો ભલે અમારા શરીરોનો જીવન પર્યંત વિયોગ થાઓ પરંતુ અમારા મન મંદિરમાં મોટી થયેલી સ્નેહ લતા કરમાવી ન જોઇએ જ્યાં સુધી એ લતા રસભરી અને સ્નેહ ભીની હશે રહેશે ત્યાં સુધી જેટલાં દુઃખો આવશે તેમને અમે હર્ષભેર વધાવી લઈ સુખોમાંજ તેમનું રૂપાંન્તર કરીશું કુંન્તિ માહા માયાના પાટવીકુમાર અને હસ્તિનાપુર નરેંદ્ર ધર્મ (યુધિષ્ઠિર) ને ધર્મ પર જેમ અસાધારણ રાગ હતો. સતી તારામતી પ્રાણેશ્વર, સૂર્ય કુલમણી સત્યવ્રત તપ ધારી હરિશ્ચંદ્રને જેને સાચ પર અપરિસિમ પ્રેમ હતો તેજ અને તેવોજ પ્રેમ મારો માગ પ્રાણ ધીરસિંહ સાથે છે માટે એ પ્રેમની રક્ષા કરવા જતાં ગમે તેવાં ઘોર વિપદ વાદળ તુટી પડે તો પણ શું થયું? પ્રેમી માટે દુખ સહન કરવું એ તો પ્રેમને પકવ થવાનું અને અમર થવાનું એક સબળ સાધન છે. અરે એના આગળ બિચારી આફતો શી વસ્તુઓ છે!

માતુશ્રી ! એટલું નિશ્ચય સમજજો કે હું મારા પ્રાણેશ્વર ધીરસીંહને માત્ર તેની શરીર-સુંદરતા અવલોકી વરી નથી, પરંતુ તેમના મન સૌંદર્યને મોહી પડી તેમને વરી છું. શારીરીક ભોગની જેને વિશેષ તૃષ્ણા હોય છે તે શારિરીક વિયોગથી દુઃખીત થઇ દુર્બળ થાય છે દુઃખથી ડરે છે અમારી માનસિક પ્રિતી દૃઢ અને અમર થશે તો એજ માનસિક પ્રીતી સારીરિક ભોગ રચવા પણ સમર્થ થશે. સંસારિક અને કેવળ શરીરરાગી જંતુઓ બિચારાં એ માનસિક પ્રીતી તોડવા સમર્થ નથી. માનસીક પ્રેમ હજારો નવ નવા દેહો રચે છે, ત્યાં દેહાનુરાગી બીચારાની શી વિસાત ! માટે માતુશ્રી ! જે પ્રમાણે આપે કરવું ધાર્યું હોય તેમ સુખેથી કરજો. હું દુઃખથી ડરૂં તેમ નથી એટલું બોલી વિરમતી ત્યાંથી ઉઠી ચાલી ગઇ.

વીરમતિના ગયા પછી દુર્મતિ વીરમતિના દરેક વીર વાક્યોનું સ્મરણ કરતી ઉંડા વિચારમાં ઉતરી પડી. અને વિરમતીના પક્ષમાં બોલવા લાગી--'ધન્ય છે વીરમતી ! તારૂં નામ વીરમતિ યથાર્થજ છે તું પ્રેમ આગળ દુઃખને કાંઇ હિસાબમાં લેખતી નથી. પરંતુ એ મારે જાતે અનુભવવું જોઇએ, તારા વિર વાક્યો પરથી એટલું તો સ્પષ્ટસીદ્ધ થાય છે કે પ્રાણાંતે તું શુમાનસિંહને તો હવે પરણવાનીજ નહિ. પરંતુ એ પણ તારી કસોટી ધીરસિંહને અહિંથી દેશનિકાલ કરી મારે કરવી ! આ પ્રમાણે વિચાર કરે છે એવામાં મહારાજા પ્રતાપસિંહ આવ્યા અને દુર્મતિને ઉદાસીન મુખાકૃતિ વાળી જોઇ તેણે કહ્યું.

'પ્રિયા ! આજ તારી મુખકલી મને કરમાયેલી કેમ ભાસે છે! કંઇ શરીર અસ્વસ્થ છે ? આ સાંભળી દુર્મતિયે પ્રત્યુત્તરમાં કહ્યું.

'પ્રાણનાથ ! પ્રતિષ્ઠા ગયા પછી બળ્યું આ જીવવું !

'કેમ શું છે ? પ્રતિષ્ટા વળી કેવી રીતે ગઇ ?'

'આ આપના લાડકવાયાં પુત્રિયે અજવાળું કર્યું ને!'

'શું અજવાળું કર્યું ?'

'વાહ વાહ ! આપતો જાણે જાણતાજ નહિહો, અજાણ્યાથઇનેપુછવું'

'ના, ના, કહેતો ખરી, શી હકીકત છે ?'

'શી હકીકત શું! તમારાં આ શાણા વીરબાએ ધીરસિંહ સાથે ગુપ્ત લગ્ન કર્યાં અને ગામમાં પણ ઘણી ખરી જગોએ એ વાત થઇ ગઈ બીજું શું ?'

'હેં ! આવું શું કહે છે ! શું આ વાત સાચી છે !

'સાચી નહિ ત્યારે જુઠી. આપ એ વિશે તપાસ કરો એટલે સર્વ જાણવામાં આવશે !' મહારાજા ત્યાંથી ઉઠી ગુસ્સાના આવેશમાં રાજ-

મહેલમાં આવ્યા અને તપાસ કરતાં દુર્મતીની વાત તેને સાચી મા મ પડી. પછી તેણે ધીરસિંહને રૂબરૂમાં બોલાવી તીરસ્કાર ભરી મુદ્રાયે કહ્યું.

'ધીરસિંહ! શરમ છે! તારા માટે બહુ દિલગીર છું મેં તને પાળી પોષી ઉછેરી મોટો કર્યો અને પુત્ર માફક લાલન પાલન કર્યું તેનો બદલો તેં આવી રીતે વાળ્યો? ધીક્કાર છે તને! અરરર મારી! આજ્ઞા શિવાય કુમારી વિરમતિ સાથેજ ગુપ્ત લગ્ન? આ તારા મહાન અપરાધ માટે તને હું શી સજા કરૂં? એ મને સુઝતું નથી; તારા સિવાય અન્ય કોઇ આવા પ્રકારના ગુનાનું પાત્ર હોતતો હું જરૂર તને ફાંસીની દોરીયે લટકાવત. પણ તારા માટે દિલગીર છું. તારા પીતાશ્રી મારા મીત્ર અને તેનો તુ પુત્ર, વળી તને મેં ઉછેરી મોટો કર્યો--આ કારણોને લઇનેજ તારા તરફ મને જરા દયા પ્રગટે છે, અને ક્ષમવૃતિ સ્ફુરે છે. પરંતુ છેવટમાં હું તને એટલુંજ કહુંછું કે-જેમ બને તેમ તું મારા પ્રદેશમાંથી સત્વર ચાલ્યો જા, જેમ જેમ હું તને વિશેષ જોતો જાઉં છું તેમ તેમ મને મારી તરફ વિશેષ રોષ પ્રગટે છે. જ્યાં સુધી તારો આ પતિત દેહ રહે ત્યાં સુધી તારે કદી પણ આ પ્રદેશમાં પગ મુકવો નહિ. જે પળે મારી આજ્ઞાનું તું ઉલંઘન કરીશ તેજ પળે તું તારા આ પાપી જીવને ફાંસીની દોરીયે લટકાયેલો જોઇશ. માટે મારી દ્રષ્ટિથી તું એકદમ દુર થઇ જા. તું કંઇ પણ બોલીશ તો પણ મને વિશેષ કાળ વ્યાપશે.

માહારાજાના ક્રોધયુખ્ય વચનો સાંભળી ધીરસિંહ કંઇ પણ પ્રતિ-ઉચ્ચારણ કર્યા વિના, માહારાજાને પ્રણામ કરી ત્યાંથી ચાલતો થયો. વિરમતિના પ્રેમનો સત્કાર કરતાં તેણે પ્રથમથીજ જાણ્યું હતું કે--લગ્ન સબંધી વાત જ્યારે ત્યારે પણ પ્રકાશમાં આવતાં રાણી દુર્મતિના ઉ-સ્કેરવાથી મારે માહારાજા પ્રતાપસિંહના કોપનું પાત્ર થવુંજ પડશે, પરંતુ વીરમતિને દુઃખસાગરમાં ડુબતી બચાવવાને અને પોતાના પ્રતિ-ના તેણીના નિઃસીમ શુદ્ધ પ્રેમનું સંરક્ષણ કરવાને માટેજ તેણે સર્વ અપતાદ અને દુઃખો સ્વેચ્છાયેજ પોતાના શીર વ્હોરી લીધાં હતાં તેથી માહારાજાના ક્રોધયુક્ત વચનોથી તેને વિશેષ અસર થઇ નહિ. માહા-રાજાને પણ તેની તે પળે અવિકૃત મુદ્રા જોઇ નવાઇ જેવું લાગ્યું હતું કુમાર ધીરસિંહને માહારાજાથી જુદા પડી માર્ગમાં ચાલતાં અનેક તર્ક વિતર્કો થયાં--'વહાલી વિરમતિ! મારી રસમંજરી? આ પ્રદેશને છેલ્લા પ્રણામ કરી હું હંમેશને માટે ચાલ્યો જાઉંછું પરંતુ તે પહેલાં સહજ મને તારૂં દર્શન આપીશ? તારૂં લલિત રસભર્યું મુખડું છેહેલ વેહેલું બતાવીશ તારી રસ ભરી વાણીનું નિત્ય સ્મરણ રહેવા માટે થોડું પણ

મીઠું. (આ ધીરસિંહમે છેલ્લી વાર બેઠી લઇ) કંઇ બોલીશ ? અરે ! પણ અત્યારે તું ક્યાં હઇશ ! ક્યાં તને મળું ! ક્યાં સોધું ! અરે! હવે અંતઃપુરમાં મારાથી શી રીતે જવાય ! અરેરે ! "ત્યારે વ્હાલી વીરમતિને છેલ વેલું પણ મારાથી, નહી મળાય ! વળી હવે તો મારાથી આ પ્રદેશથાં વિશેષ સમય રોકાવાય પણ નહિ! વિધાતા ! તને છેવટ એમજ ગમ્યું ! વ્હાલી સાથે છેલ્લી ભેટ કરાવવામાં પણ તું છેક ક્રૂર હૃદયની થઇ ! વીરમતિ માહારાજશ્રીયે મને દેશનિકાલ કર્યો અને હું તને મળ્યા વિના નગર છોડી ચાલી નિકળ્યો--એ દુખદ સમાચાર જ્યારે ં શ્રવણ કરીશ ત્યારે તને શું નહિ થાય! પણ શુંકરૂ નીરૂપાય છું અંતઃપુરમાં મારાથી હવે આવી શકાય તેમ નથી તેમજ આ પ્રદેશમાં માહારાજાના હુકમનું અપમાન કરી મારાથી વિશેષ સમય ટકી શકાય તેમ પણ નથી. વ્હાલી ! ત્યારે હું જાઉં છું ! તને નિરાધાર દુખી કરી, અરે ! છેલ્લું આશ્વાસન, આલીંગન આપ્યા વિના જાઉંછું! વિરમતિ ! વ્હાલી ! શુદ્ધ ક્ષત્રીય વીરબાળા ! સુંદરી ! હજુ પણ તું સમજ. આ મંદભાગી રંક દુઃખીયારા ધીરસિંહને શા માટે વળગી રહી છે ! તું મને વિસરી જા, એટલે સંસાર પ્રતિ તેં ચડાવેલો મારો રંગ નષ્ટતાને પામે અને હું સ્વતંત્ર થાઉં. મને સંસારમાં દોરનારી તુંજ છે. તું પણ સંસારી નથી. સંસારી હોતો મને દુઃખીઆરાને રંકને તું વળગીજ ન રહે ! તું સંસારમાં રહી સંસારી જનોરૂપી જ્વાળાઓ વચ્ચે તપ કરીશ તો હું અરણ્યમાં જઇ તપ આદરીશ. પણ વ્હાલી! તારા તપ આગળ મારા તપને તું કાંઇ લેખામાં ગણીશ નહિ. મને વિસરવા માટે તને મેં તે દિવસે સંપૂર્ણ કહ્યું હતું પરંતુ જ્યારથી મારી તરફનો તારો અનિવાર્ય પ્રેમ મેં તે દિવસે પ્રત્યક્ષ અવલોકયો ત્યારથી મારા મનને નિશ્ચય થઇ ગયો છે કે તું અનેક રીદ્ધી સીદ્ધિ કરતાં પણ સહૃદયને અધિક ચ્હાય છે. માટે સંસારમાં તને એક પ્રેમ સહૃદય સીવાય અન્ય કોઇ પણ લલચાવવા સમર્થ નથી."

'વાહ વ્હાલી ! તારૂં માનસિક ધ્યાન કરી, તારી લલીત છબી હૃદય મંદીરમાં ખડી કરી પ્રેમના પૂર્ણ વેગમાં તારા લલાટ પ્રદેશપર તારા કપોલપર અને તારા કામો દીપક અધર પર સ્નેહ દ્રવીત વૃત્તીયે નેહ નિશામાં મસ્ત બની દ્રઢાલીંગન કરી પુષ્ટ બનું છું. અને હસ્ત જોડી સવિનય રજા માંગું છું. અને છેલ્લુ એટલુંજ કહું છું કે--પ્રિતી પરાયણ રહી અવિચળ રહેશો, દુઃખોના પર્વતોને ઓળંગી જશો. અને અસહ્ય પણ સહન કરવા સજ્જ અને સમર્થ થશો તો સાક્ષી અંતર્યામી આપણને મેળવશેજ. એ નક્કી સમજજો, એ સાક્ષી પ્રભુની સત્તા આગળ

સંસારમાંના સત્તાધારીયો બીચારા જખ મારે છે. વ્હાલી હવે મને રોકે નહી, મને જવા ધો. તરે સ્નેહ મને અહીંથી એક ડગલું ખસવા દેતો નથી પરંતુ માહારાજશ્રીની આજ્ઞા મારે માન્ય છે. વ્હાલી! માર્ગ મુકી દ્યો મને રોકો નહી.

'કુમાર ધીરસિંહ વીરમતીના સ્નેહમાં સ્નેહઘેલો બની યથા તથા બોલતો હતો તેજ પળે વીરમતી. પોતાના વ્હાલાને દેશનિકાલ કર્યાના વર્તમાન સાંભળી ત્વરાયે તેની શોધ કરતી તે માર્ગેજ આવી ચઢી. કુમાર ધીરસિંહ એવા માર્ગે થઇ પસાર થતો હતો કે જે માર્ગ બહુજ થોડા મનુષ્યોનો આવજા હતો તોપણ કુમારી વીરમતીયે ત્હેની બાતમી મેળવી હમેશના માટે કૃષ્ણગઢની સીમ છોડી ચાલી જનાર પોતાના પ્રાણપ્રિય ધીરસિંહને પટડી પાડયો. જેપળે કુમારી વીરમતી તેની પાછળ લગોલગમાં આવી પહોંચી તેજ પળે તેણે પોતાના વ્હાલાના મુખમાંથી--વ્હાલી માર્ગ મુકી દ્યો મને રોકો માં--એ શબ્દો ઉચ્ચારણ થતાં સાંભળ્યા સાંભળતાંજ પ્રાણનાથને કોટે વળગી બોલી--હા, હા, પ્રાણનાથ! હું રોકીશ, આપને નહીં જવા દઉં! જવાજ જો નિશ્ચય કર્યો હોય તો મને સાથે લેતા જાઓ શરીર જેમ અનથી લીલું રહે છે તેમ આ મન પણ આપના દર્શનથી લીલું રહે છે. તે મન આપના એકાએક અદર્શનથી શુષ્ક થઇ જશે. પ્રાણનાથ! મારા માટે આપને દેશવટો! અરરરા એટલુંજ નહિ પરંતુ વિના અપરાધે કટુ વચનોનો સખ્ત પ્રહારો આહા! પ્રાણ! ધન્ય છે આપના પૂજ્ય આહાર્યને! કહોને વ્હાલા મને આપની સાથે નહિ લ્યો! જો ન લ્યો તો હું આપની સુખ દુઃખ વિભાગીની શી રીતે કહાવું! અરરર! મેં આપને અત્યંત દુઃખી કર્યા છે તેનાં પ્રાયશ્ચિતમાં મારે શું કરવું! પ્રાણ! આપ આમ સુન્ય કેમ બની ગયાછો મારૂં દુઃખ આપને અસહ્ય થઇ પડ્યું છે! કહોને વ્હાલા! શાથી આપ ની અસ્થિતી થઇ છો મારા અહિં રહેવાથી આપના દુઃખમાં કંઇક અંશે ઘટાડો થતો હોય તો તેમ કરવા પણ હું મારા મનને બળાત્કારે વારીશ અને આ શરીર સુકાશે, બળશે, ઝળશે અને પડીજશે, એ સર્વ હું શહન કરીશ, સર્વના કોપનું, અસંતોષનું અને તીરસ્કારનું હું આપને માટે પાત્ર થઇશ. મારા મનના સઘળા વિલાસોને અને શારીરીક સઘળા ભોગોને આપની પ્રેમપુજા અર્થે હું આપના પ્રેમ અગ્નિહોત્રમ આહુતિયો અર્પિશ. માટે વ્હાલા! કોઇ પણ પ્રકારે આ શોકતો અવસરજ નથી. આપની સાથે મારૂં પાણીગ્રહણ થયું ત્યારથીજ મારો સઘળો શોક શમીજ ગયો છે. આવો સમય એ ઉચ્ચ હૃદય માટે તો એકમોટો અવસરજ છે અને ક્ષુદ્રહૃદય માટેતો એક મહાન દુઃખપુર્ણ મરણસમય

પ્રસંગ છે વ્હાલા ! આપ ધીર નામથી ઓળખાઓ છો અને ધીરજ રહેશે. કહોને નાથ ! ત્યારે મને સાથે લેશી એ આપની ઇચ્છાનુકુળ છો'

વીરમતીના આ પ્રમાણે ધીર અને પ્રેમપૂર્ણ વચનો સાભળી ધીરસિંહે કહ્યું' 'વીરબાળા! મારી સ્નેહ સરીતા! તારા દરેક પ્રેમાળ વીરવાક્યથી મારામાં એક નવીન તેજ આવે છે પ્રિયા ખરેખર તું વીરબાળાજછે તારા યોગથી હું મને પોતાને મહાભાગ્યશાળી સમજુછું. ખરેજ! આજ તું મારી ઉપદેશક થઇ. વ્હાલી! મારૂં અંતઃકરણ તને મારી સાથેજ લઇ જવા તત્પર છે. પણ વર્તમાનસંયોગો આપણી આડે એવા આવી પડેલા છે કે તેમ કરવા જતાં તારાપર એક મહાન વિપદવાદળ તુટી પડે એવો ભય રહેછે વળી તારાપર પીતાશ્રીના કોપનો પણ પાર રહે નહી, તેમ મારા પ્રતિ પણ પુર્ણ તીરસ્કાર ઉપજ્યા વિના રહે નહી. વળી મારાથી રાજ્ય પીતાશ્રીને ઉંચે સ્વરથી એમના અકારણ કોપ માટે કંઇપણ પ્રતિકુળ બોલાય પણ નહિ અને વખતે મારા દેહનો વીનાશ પણ થઇ બેસે! મારા દેહના વિનાશની મને સ્પૃહા નથી પરંતુ એથી તને કેટલું દુઃખ થાય? એ કલ્પનાજ પુર્ણ દુઃખપ્રદ છે તારા અહિં રહેવાથી પણ તને અને મને દુઃખતોછે પરંતુ એ દુઃખમાત્ર વિયોગનુંજ છે. રાજપીતાશ્રી કેટલેક કાળે શાંત થશે અને તારો તથા મારો પ્રેમ પ્રવાહ એવોને એવોજ સતત્ પ્રવાહીત કેટલાક કાળ લગી જ્યારે તેઓ સંપૂર્ણતઃ અવલોકશે એટલે આપણા પ્રેમની તપ સિદ્ધિઓ એમના અંતઃકરણમાં પ્રવેશી આપણા પર પ્રેમ ઉપજાવ્યા વિના રહેશે નહી અને એ પ્રમાણે આપણે આપણા તપનું ફળ અંતે મેળવીશુંજ?

'પ્રાણેશ! આપની ઇચ્છાનુકુલ વર્તન એજ મારૂં કુળવ્રત છે એમાંજ મારૂં હીત સમાયેલું છે. જે માર્ગે આપને સુખ થતું હોય, સુખ ભાસતું હોય તે માર્ગ ગમે તેવો દેખાવમાં નીકટ હોય તો પણ તે માર્ગ મારે અનુગમનીય છે. વ્હાલા! મારા માટે આપ જરા પણ દુઃખ ધરશો નહિ, સુખેથી પધારો?

'વ્હાલી ? જેમ જેમ તું તારા હૃદયનું સૌંદર્ય, મહત્વ અધીક પ્રકટાવતી જાયછે તેમ તેમ તારા પ્રતિની સ્નેહરજનું મને તારી તરફ વીશેષ આકર્ષતી જાયછે. પણ દીલગીર! રાજ પીતાશ્રીની આજ્ઞા મને એકદમ મૂઢ બનાવી દે છે. પ્રીયા ! હવે તો અત્ર વિલંબ કરવો અઘટીતજ છે. મારે આ પ્રદેશને આ ભૂમીને, પરમાત્માની કૃપા થતાં લગી, હાલ તે માટે તો છેલ્લા પ્રણામ કરી અહીંથી સત્વર ચાલ્યા જવું જોઇયે. વ્હાલી કુસુમકલી! અરરર! તું ઉછરતાંજ કરમાઇશ? ના, ના, કરમાઇશ નહિ. દુર ગયેલા તારા પ્રેમ પંથીના હૃદયરસનું માનસિક ધ્યાનદ્વારા સીંચન

અને આકર્ષણ કરી કરીને તું વીકસજે, પ્રફુલ્લીત રહેજે. આપણી પ્રા-
રબ્ધ દેવીજ આજ્ઞાને સ્વાધીન થજે, એજ આપણાપર કરૂણા લાવી કોઇ
કાળે આપણને મળવશે, પણ મારી જુઇ! તારી પાંખડીયો હજુ પુરેપુરી
ટેકસી પણ નથી. તે દરમીઆન તારા ઉપર આ અસહ્ય શોક ભાર!
કોમળાંગી! જરા પણ શોકના વેગને માર્ગ આપીશ તો તું જુઇના છે.
સહજ તાપથી કરમાઇ જઇશ અને આ ધીરાસંહને પણ પ્રાણ રહીત
કરીશ. વાર ત્યારે હવે હું રજા લઇશ!'

'વ્હાલા ધીરસિંહ! રજા શું આપનું કનક સુકોમળ વદનનું દર્શન
આ મંદભાગ્યની દૃષ્ટિ મર્યાદામાંથી લોપજ થશે! મારા રસીક ધીર! શું
આપ આ વીરમતીને વીરત્વ રહીત કરીજ જશોજ?'—એમ સ્નેહ વાણી
થી બોલતી વીરમતીયે પોતાની મસ્તીક કલીને સ્વામી શરીરપર ઢાળી દી-
ધી, અને દ્રષ્ટીને પ્રિય મુખચંદ્રની દ્રષ્ટી સાથે સાંધી તેમાંથી ઝરતા સ્નેહ
સુધારસનું પાન કરવા લાગી. રસીકે રસીકાના અધરને પુનઃ પુનઃ આ-
લીંગને અર્પિ રસપુષ્ટ કર્યો, અને વિયોગમાં સ્નેહતૃષા લાગતાં ઘણા કાળ
લગી રસ પહોંચે તેટલો રસ નીઃશબ્દ પીધો અને પાયો એ રસના ઘેનમાં
ઉભય ઘેરાયાં કેટલોકકાળ એ રંગમાં વ્યતીત થયો ઉભય કેટલોક કાળ
જૂદા પડવાનું ભાન ભૂલ્યાં. અધરામૃતે ઉભયને રાગી અને રંગીત કર્યા;
માનસીક સ્નેહ સારીરીક સ્નેહાધીન થયો. સ્વતંત્ર આત્માધીન મન ઉન્મત્ત ના
ના બાહ્યેન્દ્રીયોવશ થયું. શરીરમાં સંતાઇ રહેલો કામ ઉભયને આ સ્થિતિમાં
જોઇ પ્રકટ થયો. ઉભય આ અભ્યાસ અને અનુભવમાં બાળક હતાં તેથી
કામ તેઓને ફોસલાવી લલચાવતો હતો. 'મહારાજશ્રીનું કોઇ માણસ
અત્યારે આપણને આ સ્થિતિમાં જોશે તો તેનું કેવું અનીષ્ટપરીણામ આવશે—'
એનું ભાન ઉભયમાંથી કોઇને ન રહ્યું. એવામાં વળી સ્તન પ્રદેશપર વીરા-
જતો પ્રલયકુમારને આમંત્રણ કરવા અને કુમારીને સંપૂર્ણ સ્નેહ રસનું
આસ્વાદન કરાવવા, પવનથી ઉડવાનું બહાનું કરી, ત્યાંથી ખસી ગયો. તેને
ખસી જતો અટકાવવા કુમારનો હસ્ત ઉપડયો પણ નીષ્ફળ થઇ કુમારીના
સ્તનકમળ પર પડયો પડતાંજ સ્તનપ્રદેશમાં સંતાઇ રહેલા કામદેવે તેને
રોકીરાખ્યો. કુમારનો હસ્ત બંધમાન થવાથી તે દીન થઇગયો, અનેસ્તન
પ્રદેશ મારગે કામદેવે કુમારના હસ્તમાં પ્રવેશ કર્યો અને ત્યાંથી આખા
શરીરમાં વ્યાપી ગયો, કુમારી વીરમતીને આખરે ભાન આવ્યું અને સ્વસ્થ
બની જાગ્રત થઇ પોતાની દ્રષ્ટીમાંથી વીકારને વેગળો કરી, એ વીકાર
રહીત દ્રષ્ટીથી પ્રીતમ સામું જોયું આ દ્રષ્ટી પોતે ધીરસિંહને જાગ્રત કર્યો
જાગ્રત થતાંજ તેણે પરવશ થયેલા પોતાના નીર્લજ હસ્તને પ્રીયાના
સ્તનપ્રદેશપરથી ખસેડી લીધો, અને થોડીવાર તે પોતાના મનનીનીર્બળતા

માટે મનમાં ને મનમાં અમુઝાવા લાગ્યો વીરમતી પોતાના પ્રિયની અમુઝણ તેના દ્રષ્ટીપાતમાંથીજ સમજી ગઇ, અને પ્રિયનીબાથમાંથી છુટી પડી બોલી.

'પ્રાણેશ્વર! આત્માને અને મનને જેવો નીકટ સંબંધ છે તેથી વિશેષ નીકટ સબંધ મનને અને શરીરને છે માટે આપ મનમાં જરા પણ અમુઝાશો નહિ. હવે આપને અને મારે અહીં વિશેષ સમય ટકવું સલામતી ભરેલું નથી આપ સુખેથી પધારો મારી ચીન્તાથી આપના મુગ્ધ અંતઃકરણને દુભવશો નહિ.'

'વિરમતી! શક્તિ! મમ પ્રિયા! તમે ખરેખર વીરબાળાજ છો. અત્યારે તમેજ મારૂં રક્ષણ કર્યું છે. હું આપને સર્વપ્રકારે યોગ્ય હોઉં એમાં મને શંકા રહ્યાં કરેછે. પ્રીયા લ્યો આ મારી સ્નેહ-મુદ્રીકા, આપણા સ્નેહના પોષણાર્થ આપની આંગળીયે પહેરાવી હું ભાગ્યશાળી બનુંછું-એમ તેણે પોતાની સ્નેહ-મુદ્રીકા વીરમતીને તેની આંગળીમાં પ્હેરાવી, વીરમતીયે પોતાની આંગળીમાં પહેરેલી હીરાજડીત મુદ્રિકા ધીરસિંહને તેની આંગળીમાં સ્નેહ-સ્મરણાર્થ પહેરાવી, અને ઉભય આખરે સ્નેહાશ્રુ ટપકાવતાં જુદા પડયા અને એક બીજાની દ્રષ્ટી મર્યાદાથી પણ આખરે અદ્રશ્ય થયાં.

કુમાર ધીરસિંહના વિદાય થયા પછી કુમારી વીરમતી પોતાના પિતાના સંપુર્ણ તીરસ્કારનુપાત્ર થઇ પડી અને તેની સાવકી માતાના અસહ્ય વચનોના માર સહન કરવાલાગી. કોઇકોઇ વીર ધીરસિંહને સંભારી સંભારી છાનુંછાનું રડતી અને તેમના શ્રેય માટે ભગવદભક્તિ કરતી.માતા પીતાયે જ્યારે બળાત્કારે તેને ગુમાનસિંહવેરે પરણાવવા બાબતની વાર્તા એકવેળા તેની સમક્ષ કાઢી, તેવેળા તેણીયે તેમને સ્પષ્ટ જણાવ્યુંકે-મારા પ્રાણની રક્ષા કરવા તમો ચાહાતા હો અથવા તો મારૂં મુખ વિશેષ સમય જોવા માગતા હોતો એ વાત હવે ફરીવાર કૃપા કરી મારી સમક્ષ કાઢતા નહિ-આથી તેના માતાપીતા એ સબંધી કંઈપણવાત તેના આગળ કરતાં નહી તે પોતે પોતાનો સમય સદ્સદ્ ગ્રન્થો વાંચવામાં અને તેનું મનન કરવામાં ગાળતી. અને વિશેષસમય એકાંતમાંજ ગુજારતી. અત્યારે તેનું વય સોળ વરસનું હતું. જે સમય યૌવતરૂપી રૂતુના આવાગમનથી વદનરૂપી બગીચાનો ખીલવાનો અને રસપુષ્ટ બનવાનો સાનુંકુળ સમય, તેજ સમય પ્રેમ માળીની હયાતી વીના તેના સુકોમળ વદનરૂપી બાગને સુકવવા, કરમાવવા દુસ્મનરૂપ થયો નિઃશ્વાસ પર નિઃશ્વાસ દોળવા લાગ્યો. પરંતુ યૌવન સત્તા અને સમય વીરમતીપર જીત મેળવી શક્યાં નહિ પોતે તેમની સત્તાસામે યુદ્ધ કરતાં કૃશ થઈગઇ પરંતુ તેમને શરણ ન થઈ. આ સમય વીયોગી વ્હાલા પ્રેમની કસોટી માટે પુર્ણહતો. આ સમય મન્મથ વારંવાર દેહ મંદીરમાં અનીચ્છાયે પણ આમંત્રણ

જ્ઞાના પ્રકટતો પરંતુ વીયોગી પ્રેમીના માનસીક ધ્યાનદ્વારા તે પ્રેમીના પ્રેમને સાક્ષાત્કાર થતાંજ તે બીચારો મન્મથ તુરતજ સમી જતાં।

વાંચકવૃન્દો કૃષ્ણગઢ કુમારી વીરમતી ખરેજ વીરબાળા, કૃષ્ણગઢમાં જ્યારે આ પ્રમાણે પોતાનો સમય વ્યતીત કરતી હતી તે પળે કુમાર ધીરસિંહ ક્યાં અને કેવી સ્થીતીમાં હતો એ જાણવા આપ જીજ્ઞાસુ હોયતો ચાલો આપણે તેની શોધમાં તેની પાછળજઇ તેની સ્થીતી અવલોકીયે.

પ્રકરણ ૩ જું.

કુમારી વીરમતીથી વીખુટા પડયા પછી કુમારધીરસિંહ કૃષ્ણગઢને અને તેમાં વસનારા માનવીયોને છેલ્લા પ્રણામ કરતો ચાલ્યો દરવાજાબહાર નીકળતાં એકલો પડયો એકલો પડતાં તે અને વિચારાબ્ધીમાં વહેતો ચાલ્યો.

'ધીરસિંહ! વ્હાલી વનીતાને છેલ્લું સ્નેહાલીંગન કરતાં તે કામવૃતીને છેક વશ થઇ આમ પશુજ બનીશ, એવું તે સ્વપ્નમાં પણ કદી ધાર્યું હતું! માનસીક પ્રેમમાં રાગધરનાર તું એકાએક આમ બાહ્યદ્રિયોને વશ થઇ સારીરીક ભોગ લીપ્સાત કામનાઓને, કામવૃત્તીયોને શરણ થઇશ. એવો ભય તને સ્વપ્નમાં પણ હતો! અહા! આજ મને નવીન જ્ઞાન થયું. માનસીક પ્રેમયુક્ત જ્ઞાની સ્ત્રી પુરૂષોને પણ સારીરિક યોગ રચતાં પ્હેલાં બહુ સાવધાન રહેવા આવસ્યકતા છે એનો મારો આ પ્હેલોજ અભ્યાસ પાઠ વીરમતી તારી સાથે મારો આ સંયોગ ન થયો હોતતો મને આનુ ભવનજ થાત! વીરમતી! તેં મને નીર્માલ્ય થતો બચાવ્યો. તેં તે સમયે તારૂં વીરત્વ મને દ્રષ્ટીદ્વારા અર્પ્યું ન હોતતો હું વખતે પશુજ બનત. વીરમતી! હું તને પ્રથમ વીસરી જવા સુચના કરતો હતે પણ એ સુચના મારી કેવી ભૂલ ભરેલી હતી એ હવે મને સ્પષ્ટ સમજાયુંછે. પ્રિયા! મારા વિયોગથી તને કેટલું દુઃખ થશે! એ ચીન્તાથીમારૂં અંતઃકરણ હવે ચીરાય છે. જ્ઞાની અજ્ઞાની પરજીત મેળવે છે પરંતુ જ્ઞાની જ્ઞાનીનો શારીરિક યોગ રચાતાં તેમાંથી તેઓ અણીશુદ્ધ બહાર નીકળી જવું બહુ દુસ્તરછે. વીરમતી! ધન્યછે! તું સ્ત્રી છતાં પુરૂષત્વ બની તારા જેવી વીશુદ્ધ બાગવતીથી જેનું ગ્રહ દેદીપ્ય માત્ર છે તેને ત્રીભુવનનું રાજ્ય પ્રાપ્ત છે અને તે સર્વ કરતાં સુખીમાં સુખીછે. આહા! ફક્ત મારા પ્રેમ માટે તેં કેટલુંબધું કષ્ટ સ્વેચ્છાયે વ્હોરી લીધુંછે! અને તારા સીવાય એ કષ્ટ કોનાથી સહન થઈશકે એમછો યુવાવસ્થા રૂપી વાડીને ખીલવવાનો સમય, તે સમયેજ તેં તેને કષ્ટ વેઠી શુસ્ક કરવાનો સુકવવાનો પ્રારંભ કર્યો. નવી કલીને પીકસતાંજ તેને તેં કરમાવી નાંખવાનો અભ્યાસ આરંભ્યો; એ મારૂં મનોબળ શું ઓછુંછે'

એ પ્રમાણે વિચારાબ્ધિમાં વહેતો કુમાર ધીરસિંહ ઉપવનોની પર્ણ

તોની શોભા નીહાળતો ચાલ્યો જાયછે. એવામાં વળી મસ્તીકાલયમાં નવીન વિચાર ઉદીત થયો–શું માહારાજશ્રીને મેં સવીનય દર્શાવ્યું હોત કે-વીરમતી મને અપુર્વ ચ્હાયછે મારા સીવાય કોઇ સાથે પાણીગ્રહણ કરનાર નથી. મને પણ આપે પુત્રવત્ પાળી ઉછેરી મોટો કર્યોછે હું વીરમતીને સંપુર્ણ પ્રેમથી ચ્હાઉં છું અને આપના પણ પુર્ણપ્રેમનું, વાત્સનું સંતોષનું પાત્ર થઇશ, આપનાથી વીરમતી સાથે મેં ગુપ્ત લગ્ન કર્યા તે મારાથી એક આપનો મહાન અપરાધ થઇ ગયોછે વગેરે હકીકત તેમની પાસે ક્ષમા-પ્રાર્થના કરી હોતતો તેઓ મારૂં ન સાંભળતા કે મારી વીનંતીનો શું તેઓ સત્કાર ન કરત! નજ કરત, કારણ કે આજ કાલના સંસારી ચીત્ત માત્ર સાહેબી, સત્તા અને દ્રવ્ય અવલોકેછે. સરખી જોડ કે ઉભયનો પ્રેમ, એ અવલોકતાં નથી, ત્યાં મારી વિનંતીનો કયાં ધડો થાતી ઉલટો હું એમની દ્રષ્ટીયે મુર્ખજ બનત.

આહા! એ સંસાર કરતાં આ સંસાર કેવો રમણીય છે! કેવો રાગ દ્વેષ રહીતછે! કેવો શાંતછે! કેવો પ્રપંચરહીત અને વિઘ્નરહીન છે! કેવો સુખપ્રદછે! વાયુના સ્પર્શથી વૃક્ષો પોતાની મર્યાદામાં કેવાં ઝુલી રહ્યાં છે! લીલાછમ ન્હાના છોડવાઓ કેવા ઉમંગથી એક બીજા સાથે વાયુના સ્પર્શથી વીહાર કરી રહ્યા છે! પાણીના ઝરાઓ કેવી ઉલટથી ત્વરાથી વહી રહ્યા છે! પક્ષીયો કેવા મધુર સ્વરથી ગાન કરતાં એક વૃક્ષથી બીજે અને બીજેથી ત્રીજે. એ પ્રમાણે રમણ કરી રહ્યાંછે. આ કર્તાની અથવા તો પોતાની કર્મોથી સ્વયં રચાયેલી પ્રપંચ રહીત સૃષ્ટી કેવી અનુપમેય અને આનંદપ્રદ છે! તપસ્વીઓના તપ માટે ધ્યાન–નીગ્રહ માટે કેવી અત્યુતમ છે!'

એ પ્રમાણે વિચાર પ્રવાહમાં વહેતો, ક્ષુધા લાગતાં ફળાહારથી ક્ષુધાને નિવૃત કરતો અને થાક લાગતાં યોગ્ય સ્થળે વિશ્રામ કરતો સાતમે દીવસે એ એક મોટા નગરની ભાગોળે આવી પહોંચ્યો, અને નગરમાં પ્રવેશી નગર ચર્ચા જોતો એક ધર્મશાળામાં ઉતર્યો અને તે દિવસતો તેણે ત્યાંજ વિશ્રાંતીમાં ગાળ્યો અને બીજે દીવસે તે ન્હાઇ ભોજન કરી નગર જોવા નીકળ્યો.

આ નગરનું નામ વિજયનગર હતું. વિજયસિંહ નામના માહારાજાએ એ નગર વસાવવાથી તેનું નામ વિજયનગર પાડવામાં આવ્યું હતું. આ નગરમાં એ વખતે સગ્રામસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. આ મહારાજાને સૈનીકકળાપર વિશેષ પ્રેમ હતો, તેથી પોતાના લશ્કરને સૈનીકકળાથી સંપૂર્ણ કેળવ્યું હતું તેને બે કુમાર હતા તેમને પણ કસૈની કેળવણીમાં નીપુણ કર્યા હતા. દ્વિતીય કુમાર ધીરસિંહ નગર

જોવા નીકળ્યો તે દિવસ વિજયા દશમીનો હતો. વિજયાદશમીને દીવસે આ માહારાજા પોતાના લશ્કરી સીપાઇયો, અમલદારો પોતાના ભાયાતી રાજકુમારો, પોતાના તાબાના સરદારોના કુમારોની સર્વ પ્રકારની સૈનીક કેળવણીની પરીક્ષા લેતા, અને જે કોઇ સર્વમાં અધીક નીવડે તેમને સારૂ ઇનામ અને ધન્યવાદ આપતો. આજનો દિવસ વિજયાદશમીનો હતો શેહેરના અને આસપાસના ગામોથી જોવા આવેલા લોકો પણ એ માર્ગે થઇ જતાં હતાં તેથી માર્ગપર આજ બહુ ભીડ હતી. કુમાર ધીરસિંહે એ શેહેરના એક રહીશને આ ભીડ થવાનું શું કારણછે?અને આ સર્વ લોકો ક્યાં જાયછે. એ વિષયે સઘળી હકીકત પુછી લઇ માહીતગાર થયો અને એ પણ તેમની સાથે ચાલ્યો.

દરબારગઢથી થોડે દુર એક મેદાન હતું ત્યાં આ સઘળી સરતોઅને સૈનીક રમતો થવાની હતી. માહારાજા એક ઉચ્ચ આસને બીરાજ્યા હતા તેમની એક બાજુએ પ્રધાન અને અધિકારી મંડળની બેઠકો હતી અને બીજી બાજુએ ભાયાતો સરદારો અને પરદેશી મેમાનોની બેઠકો હતી. સામે એક બાજુએ સરતોમાં ઉતરનાર સઘળો લશ્કરી વર્ગ હતો તેના મોખરે સેનાપતીનો એક હેડકલાર્ક એક ખુરશીમાં બેશી સરતમાં ઉતરવા ઇચ્છા ધરાવનારા વિદેશથી આવેલા યુવકોના નામ એક બુકમાં નોંધતો હતો. સૈનીક કળામાં પ્રવીણ આ નવલ કથાના નાયક આપણા ધીરસીંહે પણ પોતાનું નામ એ નોંધબુકમાં નોધાવ્યું. નોંધબુકનું કાર્ય સમાપ્ત થયા પછી એકપછી એક શરતો શરૂ થઇ. સર્વ સરતોમાં આપણા ધીરસિંહે પહેલુંજ ઇનામ મેળવ્યું આથી માહારાજા તેનાપર બહુ પ્રસન્ન થયા, અને પોતાની સમીપ બોલાવી, નજીકમાંજ આસન આપ્યું અને બોલ્યા.

'બહાદુર વીર! કઇ વીર ભુમીપર તારો પ્રકાશ થયો છો અને કોણ તમારા માતાપીતા છે કે જેણે આવા વીરરત્નને જન્મ આપી સદાને માટે તેમનું કુળ ઉજ્વળ કર્યું છે?'

'માહારાજશ્રી! મારા પીતાનું નામ વીજયસિંહ હતું તેઓ દીલ્હીના બાદશાહ સાથે લડતાં કામ આવી ગયા હતા. બાદશાહને તેમની સાથે દુસ્મનાવટ હોવાથી અમારૂં વીરપુર રાજ્ય હસ્તગત કર્યું. મારી બાલ્યાવસ્થા હોવાથી મને કૃષ્ણગઢના મહારાજાએ ઉછેર્યો અને ત્યાં સર્વ પ્રકારની સૈનીક કેળવણીનું જ્ઞાન પામ્યો. હવે ઉમર લાયક થતાં વિદેશ નીકળ્યો છું અને આપ જેવા કદરદાન માહારાજાશ્રીની સેવામાં રહેવા અને તેમની કૃપાનું પાત્ર થવા ઇચ્છુંછું.

આ સાંભળી માહારાજશ્રીએ કુમાર ધીરસીંહને બે દીવસથી પોતાન

બોડી ગ્યાર્ડ લશ્કરનો ઉપરી બનાવ્યો. આ પ્રમાણે કુમાર ધીરસીંહને રાજ્યમાં રહેતાં ૭ માસ વીતી ગયા—તેનો સ્વભાવ મીલનસાર હોવાથી તેને આ નગરમાં ઘણા પુરૂષો સાથે મૈત્રી થઇ ગઇ હતી. તેમાં કેટલાક તેના મીત્રો નેક અને અમીર અંતઃકરણના હતા અને કેટલાએક દાંભીક અને કપટી હતા. દરેક પ્રસંગે તે પોતાની વ્હાલી વીરમતિને ભુલતો નહિ. જ્યારે જ્યારે તે યાદ આવતી ત્યારે ત્યારે તેની મુખાકૃતી પર સહજ શોકની છાયા પથરાઇ જતી, અને તે નિઃશ્વાસ નાંખતો. તેને પ્રમાદસિંહ નામે એકમિત્ર હતો તેની સાથે વારંવાર એ છુટથી વાતચીત કરતો. એક દીવસ બેઉ વચ્ચે સ્ત્રી વીષયક પ્રસંગ નીકળ્યો ધીરસિંહે કહ્યું—મીત્ર પ્રમાદસિંહ! કૃષ્ણગઢ જેવી નેક કુમારીકાઓ અન્ય સ્થળે ભાગ્યેજ હશે. તેના પ્રત્યુતરમાં પ્રમાદસીંહે કહ્યું--મીત્ર માફ કરો. એવું ધારતા નહીં. આ નગરના જેવી ખુબસુરત અને દઢ પ્રેમ રાખવાંવાળી કુમારીકાઓ અન્ય સ્થળે ભાગ્યેજ મળી આવશે. આ વીષય પર બંને મીત્રો વાદવિવાદપર આવી ગયા અને છેવટે ધીરસિંહે કહ્યું. પ્રમાદસિંહ! તમને અહીંની સ્ત્રીયોપરજ એવું ગુમાન છે અને કૃષ્ણગઢ-કુમારીકાઓને છેક ઉતારી પાડોછો ત્યારે હું તમારી સાથે સરતમાં ઉતારૂંછું કે--કૃષ્ણગઢ માહારાજાની કુમારી વીરમતી કે જે મને ખરા શુદ્ધ પ્રેમથી ચહાએછે તેને જો તમે મારા તરફના તેણીના પ્રેમને ભ્રષ્ટ અને કલંકીત કરો અને મે તેને પ્રેમ ભેટતરીકે જે વીંટી આપીછે તે વીંટી જો તમે પાછી મેળવી શકોતો આ તેની તરફથી સ્નેહ—નીશાન તરીકે મને મળેલી હીરાજડીત મુદ્રા તમને હું આપું અને તેમાં જો તમે નીષ્ફળ નીવડો તો તમારે મને શું આપવું? આ સાંભળી પ્રમાદસીંહે કહ્યું બેશક, જો હું તમારી પ્રિયા વીરમતીને પ્રેમ ભ્રષ્ટ ન કરૂં, અને તમારી પ્રેમ નીશાન તરીકે આપેલી વીંટી હું તમને પાછી ન લાવી આપું તો વીંટીની જે કીંમત થાય તે તેથી મારે તમને બમણું નાણું આપવું.

ધીરસીંહને પોતાની વ્હાલી વીરમતિના શુદ્ધ પ્રેમનો સંપુર્ણ વિશ્વાસ હતો તેથિ સરતમાં પોતાની જીત થશે એવું તે ચોકસપણે ધારતોહતો અને હતું પણ એમજ વીરમતીને તેના સ્વામી ધીરસીંહના પ્રેમમાંથી ચલીત કરનાર આ લોકમાં તો શું પણ પરલોકમાં દેવાદીક પણ સમર્થ નહોતા, એવી એ શુદ્ધ પતીપરાયણા ભગવતી હતી. પતીપૂજનમાં ધ્યાનમાં તેણે પોતાની યુવાવસ્થાને, જોબનને, અને કોમળ કાયાને પતિ--વિયોગાગ્નિથી બાળી મુકી હતી.

પ્રમાદસિંહ ફાંકડો, બોલવે વાચાળ, યુકિતવાળો અને અત્યંત વીષયી હતો. તેમણે ઉંચા પોષાક, કીમતી આભુષણ અને ટાપટીપથી

વિજયનગરની ઘણીએક કન્યાઓને આકર્ષણ પમાડી ભ્રષ્ટ કરી હતી. કોઇને વાણીથી તો કોઇને ગાયનથી તો કોઇને રોફથી તો કોઇને ઉમદા પોશાકથી તો કોઇને ખાનપાનથી તો કોઇને દ્રવ્યથી તે પોતાની વીષયી જાળમાં ફસાવી ભ્રષ્ટ કરતો. આથી તે એમ ધારતો કે સ્રીનું મન મેળવવું, એ કંઇ મુસ્કેલ નથી આવા પ્રકારના નિશ્ચયથીજ તે ધીરસીંહ સાથે સરતમાં ઉતર્યો હતો, અને તે ચોકસપણે ધારીજ બેઠો હતો કે-ધીરસીંહે મોટી ભુલ કરી છે. તે સ્રી બાબત જે સરતમાં મારી સાથે ઉતર્યો છે તેમાં તે કદી ફાવનાર નથી. આ સંસારમાં છટાબંધ ભાષણ, નખરાબંધ મધુર ગાયન, રોફબંધ કીમતી પોષાક, ઉમદા ખાનપાન અને મનમાનતું દ્રવ્ય આદિ લાલચોથી પણ ન લોભાય એવી કોઇ સ્રી છેજ નહી.' આ તેના નીશ્ચયથી તે પુર્ણ હોંશમાં અને પુર્ણ ઠાઠમાઠમાં કૃષ્ણગઢ જવા ઉપડયો. અને થોડા દીવસમાં ત્યાં જઇ પહોંચ્યો.

પ્રકરણ ૪ થું.

'કુમાર ધીરસિંહનો હું મીત્ર છું. અને વીજયનગરથી આવ્યોછું તેઓએ તેમની કુશળતાના સમાચાર કહેવડાવવા મને ફરમાવ્યું છે. વિગેરે સમાચાર પ્રમાદસિંહે વીરમતીને કહેવડાવ્યા. વીરમતી પોતાના પતી તરફથી કુશળ વર્તમાન આવ્યા જાણી બહુ આનંદ પામી, અને પ્રમાદસીંહને ઉતારા માટે યોગ્ય સ્થાન આપી તેનો સારો સત્કાર કર્યો.

એક દીવસ તેને વીરમતી સાથે ખાનગીમાં એકલાજ મળવાનો પ્રસંગ આવ્યો તે પળે સારો અવસર આવ્યો જાણી તે બોલ્યો—વીરમતી! શા માટે તમે તમારા યોવન બગીચાને સુકવી નાંખી, આ જીંદગી એળે ગુમાવો છો? આ સંસારમાં મોજશોખ જેવી એકપણ ઉમદા વસ્તુ નથી. આપના જેવું લલીત સુંદર મુખડું હજુ સુધી મેં કંઇ પણ જોયું નથી. આ સુકોમળ દેહલતા કોઈ સ્થળે મારા જોવામાં આવીજ નથી. આપ ફરમાવો તો હું આપને મનમાનતું દ્રવ્ય અર્પું, પરંતુ આપ મારા તરફ સ્નેહ દ્રષ્ટિ તો જરા કરો. ધીરસિંહ તો બીચારા ભોળા મનના અને શાંતપ્રકૃતિના છે. હજુ આપે મારૂં મધુરગાયન નહિ સાંભળ્યું હોય! મારા જેવો વીલાસીપુરૂષ કોઇ ભાગ્યેજ હશે.'

આ અધમ વચનો સાંભળતાંજ વીરમતીના રોમે રોમ ખડા થયા ક્રોધરૂપી વીષ આખા દેહની નસેનસમાં વ્યાપી ગયું મુખનોરંગ એકદમ બદલાઇ ગયો. અને એકદમ પુર્ણરોશમાં સ્થાનપરથી ઉભી થઇ જઇ.

'નીચ નરાધમ પશુ! તું આ શું બકેછો તને ભાન નથી કે હું કોની સાથે શું વાત કરૂંછું હું કોણ છું! એ તું પશુ હજુ જાણતો નથી. મારૂં નામ વીરમતી છે મારી નસેનસમાં ક્ષત્રીય લોહી અને વીરત્વ ઉછળી

રહ્યુંછે એ વીરત્વ તારા જેવા હજારો પશુઓને બાયલાઓને નષ્ટ કરવા સમર્થ છે સમજીશ નહિં કે તારા વીજયનગરની ભ્રષ્ટ કુમારીકાઓ જેવી આ વીરમતી હોય। આ શરીરની શોભા અને તેનું જીવવું ત્યાં સુધી રમણીય છે કે જ્યાં સુધી એ પતિ પ્રેમભક્તિમાં પરાયણછે આ મનનું મહત્વ પણ ત્યાં સુધીજ છે કે જ્યાં સુધી એ પતિ-પ્રેમના વિચારોમાંજ નિશ્ચલછે. મારા સ્વામીના આરોગ્યના સમાચાર તારા તરફથી મળતા તારા જેવા નીચને મેં આટલું બધું માન આપ્યુંછે. પરંતુ એ માનને તું યોગ્ય નથી. તને તારા યોગ્ય ઘટતી શિક્ષાને અત્યારેજ હું પહોંચાડત, પરંતુ મારા સ્વામીનો સંદેશો લઇ આવ્યોછે તેથીજ તને જીવતો મુકુંછું પણ એટલી ખપ તને શીખામણ આપુંછું કે ભુલેચુકે પણ હવે કોઈ દીવસ જો જીવનો કરેતો ક્ષત્રીય શુદ્ધ બાળાની છેડ કરતો નહિ. અરરર? ધીક્કારછે તને। તારા જેવા બાયલા વ્યભીચારીયો ક્ષત્રીમાં ઉપજ્યા ન હોતતો સારૂં હતું. તારા જેવા બાયલાઓજ પાદશાહ સાથે મળી જઇ આર્યનૃપતિઓની અવનતી કરીછે. મને આશ્ચર્યછે કે મારા સ્વામીના સંસર્ગમાં રહેતા છતાં તુ શુદ્ધ ન થયો અને પશુજ રહ્યો ત્યારે હવે આખરસુધી પશુજ રહેવાનો નીર્લજ્જ! આ પ્રદેશછોડી સત્વર અહિંથી ચાલ્યો જા. ત્હારા જેવા પાપીનો પડછાયો આ ભુમીપર પડતો ન જોઇએ.

વીરમતીના આવા તીરસ્કારપુર્ણ ક્રોધ વચનો સાંભળતાંજ પ્રમાદસિંહ ઝંખવાણો પડી. નીચું મુખ લઇ કંઇ બોલ્યા ચાલ્યા વીના ત્યાંથી ચાલી નીકળ્યો. અને પોતાને મુકામે આવી વીચારસાગરમાં ડુબી ગયો અને મન સાથે બોલવા લાગ્યો.

વીરમતી! શુદ્ધ ક્ષત્રિયબાળા। શક્તિ। ધન્યછે તને! તેં મારો નિશ્ચય અને ગર્વ એક પળવારમાં ઉતારી નાંખ્યો. ખરેજ! સંસારમાં લાખોમાંયે પણ એક સતિ ન હોય તો આ સંસાર ચાલીજ ન શકે. સતીયોના સતથીજ આ સંસાર ચાલે છે એમાંતો કંઈ શક નહિ. ધીરસિંહ! આહા! તુંતો બહુજ ભાગ્યશાળી તારા નશીબમાં આવું રત્ન ? વારૂ ? પણ મારે હવે શું કરવું? એને મળવાની આશા તો હવે નીષ્ફળ નીવડી. ત્યારે હું શરતમાં હાર્યો, એવું મારે મોંયે કબુલ કરવું? અને નાણાની મોટી રકમ મારે આપવી? ના, ના, તેમતો ન બને ત્યારે પ્રમાદસિંહ શું કરવું? હા, પણ આપણી પાસે યુક્તિયોની ક્યાં ખોટછે? ગમે તે કોઇ માણસદ્વારા તેની કોઇ દુરાચરણી દાસીને ફોડવી અને તેની મારફત મેહેલના સઘળા ચીતારની તેના અંગપરના કોઇ ખાનગી નીશાનની પક્કી ખબર મેળવવી અને દાસીને મનમાનતું દ્રવ્ય આપી તેની આંગળીમાં પહેરેલી વીંટી પણ મેળવવી. પરંતુ આ પ્રમાણે કર્યા સીવાય ના અહિંથી તજવું અને ત્યાંસુધી ગુપ્ત રહેવું.

આ પ્રમાણે તેણે નીશ્ચયકરી, વીરમતિની એક નીચ આચરણવાળી દાસી હતી તેને તેણે મનમાનતું દ્રવ્ય આપી ફોડી. અને મેહેલના સર્વ ચીતારની તથા વીરમતીના અંગ ઉપરના ગુપ્તનીશાનની પણ બાતમી મેળવી. તેમજ ધીરસિંહે આપેલી વીંટી પણ દાસી પાસે ચોરી કરાવી મેળવી લીધી. આ કાર્યમાં પોતે ફતેહમંદ થતાંજ તે ત્યાંથી ઉપડયો અને થોડા દીવસમાં વિજયનગર આવી પહોંચ્યો અને આવ્યો તેવોજ થોડીવાર પોતાને ઘેર વિશ્રામ લઇ પ્રપંચી પ્રમાદસિંહ પોતાના મીત્ર ધીરસિંહને વીંટી લઇ મળવા ચાલ્યો.

"માનવી! અરે! માયા મુગ્ધ પરતંત્ર રંક માનવી તારૂં આયુષ પાણીના પરપોટાની પેઠે ક્ષણભંગુર છે એક પળે તું સેવકજનોને આજ્ઞા કરતો, અને વારાંગનાઓનું નૃત્યગાન શ્રવણ કરતો આનંદને હીંડોળે હીંચેછે ઝુલેછે તેની બીજીજપળે તું ખેદકારક સમાચાર શ્રવણકરી હૃદય ફાટ રૂદન કરેછે વીલાપ કરેછે અથવા તો દેહપીંજરમાં અચાનક વ્યાધી પ્રકટતાં મરણ શરણ થાયછો આવી પરતંત્ર રંકદશાથાં હોવા છતાં તું તારી જુઠી સાહેબી અને ખોટી ફુલ્લમાટે ઘોરકૃત્ય કરવા સજજ થઇ પતીત વીચારમાળાના મણકા ફેરવવા છેક અધમ બની અતી ઉલટથી મંડી જાય છે. આવા તારા કૃત્યથી તને કોણ માનવી કહેશે? સંસારીઓ પણ તારી પુંઠ પાછળ તો તને નરાધમજ કહેશે. દેહરૂપી રથમાં સંતાઇ રહેલો તું માનવી નથી પરંતુ ખરેખરો પશુજછે રાક્ષસજછે તારી પંક્તિમાં બેસનારા અને તારાનાચ પાખંડની પ્રશંશા કરનારા પણ તારા જેવા પશુજ છે મરણ સમયે તું તથા તારા સાથીઓ કરૂણાજનક આક્રંદ કરોછો પશ્ચાતાપ કરોછો પરીતાપ પામો છો પરંતુ એ સર્વ પાછળથી નીરર્થક.

પ્રપંચી પ્રમાદસિંહના ક્રૂર હૃદયે પણ ફરતાં રચતાં પાછી પાની કરી નહિ. અને મારા પ્રપંચથી ધીરસિંહના કોમળ હૃદયપર કેવો વજ્રપ્રહાર થશે એનો વિચાર સરખો પણ તેણે મનમાં આણ્યો નહિ, આ બનાવટી વર્તમાનથી ધીરસીંહને પોતાની શુદ્ધ વ્હાલી નિર્દોષ પતિવ્રતા વીરમતી તરફ કેટલો ધીક્કાર ઉપજશે. એ કલ્પનાથી પણ તેનુ પાપી અંતઃકરણ જરાપણ મુગ્ધ બન્યું નહિ કે ડગમગ્યું નહિ-

જ્યારે તે ધીરસિંહના દ્રષ્ટીમર્યાદામાં આવ્યો ત્યારે ધીરસીંહની મુખમુદ્રાપર આનંદ વિલસી રહ્યો હતો. પોતે પ્રિયાનાજ સ્મરણમાં રમી રહ્યો હતો. જાણે વીરમતી પોતાની સનમુખ ઉભી ઉભી ઠપકાભરી દ્રષ્ટીએ કહેતી હોય કે. "વાહ વાહા મીત્ર પાસે પ્રેમપરીક્ષાતો સારી કરાવી

એટલેપણ વિશ્વાસ ન આવ્યો? હજુપણ જેટલી પરીક્ષા કરાવવી હોય તેટલી પરીક્ષા બેલાશક કરાવજો. સીંહણ કદી તૃણ આહારની કલ્પના સરખી પણ કરતી નથી. કુંદન કદી કથીર થતુંજ નથી. વળી તેની દૃષ્ટિમાં તેનો મીત્ર પ્રમાદસિંહ જાણે તેને કહેતો હોય કે—મીત્ર ! તમે પુર્ણ ભાગ્યશાળી છો. આવી શુદ્ધ આર્યા મારા જોવામાં કોઇ સ્થળે આવી નથી મારી ભૂલ થઇ કે હું આપની સાથે સરતમાં ઉતર્યો પણ મને આવી ખબર નહોતી. મીત્ર! હું સરતમાં હાર્યોછું મારી પાસે જે આપને લેવું હોય તે ખુશીથી લ્યો. આ પ્રમાણે આનંદતરંગમાં રમીરહ્યો હતો તેજપડે તેણે પ્રમાદસિંહને સામે આવતો જોયો. જોતાંજ તે ઉભો થયો અને હર્ષભેર મીત્રને મળ્યો.

જે હર્ષ ધીરસિંહના મુખપર હમણાં સ્પષ્ટ જણાઇ આવતો હતો તેજ હર્ષનું પળવારમાં શોકમાં રૂપાન્તર થઇ જશે. એ ધીરસીંહ જાણતો નહોતો આ સંસારમાં પ્રકાશતાં, વીચરતાં આવા સાત્વીક પૂજ્યચાત્રોને પ્રમાદસિંહ જેવા પાખંડી અધમ પશુંઓ પોતાની કપટ જાળમાં-ફસાવેછે પરંતુ આખરે તેઓ તો છુટી જાયછે પણ જાળ પાથરનારને છેવટેજ તેમાં ફસાવું પડે છે. જેવીરીતે મનવાજીવ પ્રથમતો ઇન્દ્રીજન્ય વિલાસો માટે દેવરૂપી ઘર રચેછે રચી અંદર વિલાસ કરેછે પરંતુ જ્યા આધિ વ્યાધિ રૂપી રોગો સતાવવા માંડે છે ત્યાં ઘરમાંથી સત્વર બહાર નાસવાનું કરે છે પરંતુ તેનાથી કર્મોના ભોગનો ક્ષય થતાં લગી નસાતું નથી. અસ્તુ.

ધીરસીંહે પુછયું—'કેમ પ્રમાદસિંહ ! કુશળ છો ! કૃષ્ણગઢથી શા સમાચાર લાવ્યા! પ્રમાદસિંહે ગંભીર સ્હેરે ઉત્તર આપ્યો.—' ભાઇ! એ પુછાવવામાં કાંઇ સારજ નથી !

ધીરસિંહ—એમ કેમ

પ્રમાદસિંહ—સ્ત્રી કોંઇની થઇ છે તે થાય!

ધીરસિંહ—આ તમ શું બોલો છો!

પ્રમાદસિંહ—હું સત્ય કહુંછું. તમે તો શું પણ ઘણા માણસો સ્ત્રીયોથી ઠગાયા છે !

ધીરસિંહ—પ્રમાદસિંહા તમારી વાત હું કોઇપણ અંશે માનતો નથી મારી વ્હાલી વીરમતી એવી હોયજ નહિ. એ એવી ભ્રષ્ટ નીવડે તો પછી આ સૃષ્ટીનો અંતજ આવે.

પ્રમાદસિંહ—ભાઇ આપ ભોળાછો. હું તમને બધી નીશાનીયો આપીશ તો આપ સાચી વાત માનશોને!

ધીરસિંહ—બોલો વાર જોઇએ શી નીશાનીયો આપો છો!

પ્રમાદસિંહે ગજવામાં એક કાગળ કાઢી ધીરસિંહને તે કાગળ બતાવતા બોલ્યો–કેમ ભાયા આવોજ વીરમતિને રાત્રી વખતે સુઇ રહેવાને, ખાનગી ઓરડો છે ને? હું જ્યારે રાત્રિયે તે ઓરડામાં ગયો તે વખતે તેનો સઘળો નકશો આ કાગળપર મેં ઉતારી લીધો છે કહો વારૂ, આ પ્રમાણે છે કે નહિ.

ધીરસીંહ—આ ચીત્ર ઉપરથી એમ કહી ન શકાય કે તમે તેને મળ્યા છો કોઇનાદ્વારા તમે ખબર મેળવી એ પ્રમાણે ચીત્ર પાડયુંહોય માટે આ સીવાય બીજી કોઇ નીશાની આપો.

પ્રમાદસિંહ—વારૂ આટલાથી તમારી ખાત્રી થતી ન હોયતો તમારી સ્ત્રીનાં જમણાં સ્તનથી સહજ નીચે એક નાનું ચાઠું છે. હજુ પણ વીશેશ ખાત્રી કરવી છે?

આ સાંભળી ધીરસીંહને સહજ અચંબો થયો! અને વિચારમાં પડયોકે-એ ચાઠું બહાર દેખાઇ આવે તેવું નથી સ્તન પ્રદેશ ઢંકાતાં અ પણ ઢંકાઇ જાય છે. છતાં એના જાણુવામાં કેવી રીતે આવ્યું હશે? કદાચ કોઇ દાસીને દ્રવ્ય આપવાની લાલચથી ફોડી હોય અને તેણે આ ગુપ્ત નીશાની વીશે તેના આગળ વાત કરી હોય એમ ધારી તેણે પ્રમાદસિંહને કહ્યું.

'ભાયા બીજી હું કાંઇ નીશાની માગતો નથી તેમજ બીજી કોઇ નીશાનીથી મારી પક્કી ખાતરી થવાની નથી, પરંતુ મેં તેને સ્નેહ સ્મરણતરીકે મારી વીંટી આપીછે અને આપતાની સાથે તેને પ્રેમ પૂર્વક સદા આંગળીયેજ સાચવી રાખવા કહ્યુંછે. તે વીંટી નીશાન તરીકે બતાવોતો હું સાચી વાત માનું?

આ સાંભળતાંજ પ્રમાદસીંહે તે વીંટી કે જે તેણે દાસીને મનમાનતું દ્રવ્ય આપી ચોરી મંગાવી હતી તે, તેજપળે ગજવામાંથી કાઢી ધીરસીંહ આગળ રજુ કરી અને કહ્યું.

'કેમ સાહેબ! આપના કહેવા મુજબ આ વીંટી! તમારી આપેલી પ્રેમ નીશાની કે નહિ તપાશી લ્યો બરાબર એજ છે કે બીજી?

વીંટી જોતાંજ, ધીરસીંહની મુખમુદ્રા એકાએક બદલાઇજ ગઇ અને તેના કોમળ અંતઃકરણપર જાણે કોઇયે ગુપ્તરીતે વજ્રપ્રહાર કર્યો હોય તેવું થયું. તેના આખા અંગપર આશ્ચર્ય, શોક,ક્રોધ અને તીરસ્કારની છાયા પથરાઇ ગઇ. અંતઃકરણ ચીરાવા માંડ્યું, અને તે બોલ્યો.

'હા! ભાઇ છેતો એજ. મેં તમારી સાથે, હું હારૂં તો તમને એ વીંટી આપવાની સરત કરેલી, માટે હવે એ વીંટી હું તમને આપું છું. તમારી પાસે વિશેશ કંઇ સાબીતિ માગતો નથી. મારૂં ચીત બહુ ગભરાયછે મને થોડીવાર એકલોજ રહેવાદો, કાલે તમે મને મળજો.

વીંટી લઇ પ્રમાદસિંહના ગયા પછી વીરસિંહ મહા શોકસાગરમાં ડુબી ગયો.

આહા! વીરમતી! વાલી નિરખાળા! તું પણ ભ્રષ્ટ! તું પણ સ્થાન ભ્રષ્ટ થઇ ત્યારે હવે સંસારની સુંદરતા શી રહી! નીશાની રૂપે વીંટી જોઇ છતાં પણ હજુ મારૂં અંતઃકરણ કેમ એ વાત સાચી માનતુંનથી! અરે આમાંપણ કાંઇ પ્રપંચ તો નહી હોય? હવે આમાં શાનો પ્રપંચ? વીરમતી, મારી પ્રેમનીશાનીને તેનું મન મળ્યાવિના કોઇને આપેજનહી! વીરમતી! તારા માટે દીલગીરછું અરે ધીક્કારછે તારા પ્રેમને! તેં મને જુઠો પ્રેમ બતાવી પ્રમાદસીંહ આગળ હલકો પાડયો, પ્રમાદસિંહ તું કહે છે કે--સ્ત્રી જાતીનો શો ભરૂંશો? એ વાત સત્યજ નીવડી. વીરમતી જેવી પણ ભ્રષ્ટ નીવડી ત્યારે સ્ત્રી નીતીનેજ ધીક્કારછે? તારૂં મન આવું ચલીત અને વિષયવાંચ્છનાને સ્વાધીન હતું તો તારા માતા પીતાની અજ્ઞાને શા સારૂ વશ ન થઇ. અને મને વિના કારણ રાજપીતાશ્રીના કોપનું પાત્ર શા માટે બનાવ્યો? વાતોમાં અને વાણીમાં તો તેં તારૂં મહત્વ શુદ્ધત્વ અભીક દાખવ્યું હતું પરંતુ તે પ્રસંગ આવતાં સઘળુ સારીજ પડયું. વીરમતી? હું તને આવી જાણતો નહોતો જાણતો હોતતો હું તારા માટે આમ સંતમાં નજ ઉતરત. મારૂં જીવન તેં હત વૃથા કર્યું છે તેમ તારા જેવી ધુર્ત ભ્રષ્ટાને આ પૃથ્વી પર હવે રહેવા દેવી યોગ્ય નથી મને જેવી રીતે તેં ભ્રષ્ટ કર્યો તેવી રીતે તું મારાં જેવ બીચારા અન્ય શુદ્ધ હૃદયોને હવે ભ્રષ્ટ કરે, એમાં હવે કાંઇ શક નહિ. અરરર ! વીરમતી! તારો પ્રેમ અને તારા દરેક બોલ મને યાદ આવે છે અને મારૂં હૃદય વીંધે છે વીરમતી! તને કોણે ભુલાવી! અરે પરમાત્મા આ શો અણધાર્યો જુલમ ! મને કોઇ માર્ગ સુઝતો નથી. વીરમતી, તું પણ ભ્રષ્ટ થઇ, અને મને પણ તેં ભ્રષ્ટ કર્યો. આપણ બન્ને જણે હવે આ સંસારમાં રહેવું ઉચીત નથી. વીરમતી, તને હું શું કહું, અરર, જુદા પડતી વખતે તું કેવાં કેવાં મીષ્ટ સ્નેહ વાકય ઉચ્ચારતી હતી, ખરેજ. તેં મને ભોળવ્યો. અરે, ભોળવ્યો એટલુંજ નહિ પરંતુ મારી સાથે ખરેખરો દગો કર્યો. આ મહાન અપરાધની તને શીક્ષા થવીજ જોઇએ. ક્ષત્રીય શુદ્ધ બાળા થઇને તેં આ કેવું નીચકર્યું બસ બસ, તારા ગુનાની એજ સજા વ્યાજબી છે. કે તને વધારે વાર આ દુનીયામાં રવાના કર્યા બાદ હુંપણ અહીં વિશેષ કાળ રહેવાનોનથી કારણ કે યશ અને માન ગુમાવ્યા પછી જીવવું નીર્થકછે. પ્રમાદસિંહજેવા સાધારણ માણસ આગળ હું હલકો પડયોછું અને એ હલકો પાડનાર પણ તુંજછે તો તે ગુનાનો તને બદલો આપી, હુંપણ આ અસાર

સંસાર છોડી દઇશ. વીરમતિ, તેં આવો માહાન અપરાધ કર્યા છતાં હજુ મને તારાપર પ્રેમ શાથી ઉપજે છે શાથી તારાપરનો મારો પરમ મારા અંતરમાંથી લોપ થતો નથી? તું અષ્ટાછે ગુનેગારછે છતાં હજુ મારૂં હૃદય તારો પક્ષ કેમ ખેંચેછે? વૈરી સાથે વૈર પ્રગટવું જોઇએ તેને બદલે તારી તરફ મને હજુ સ્નેહ કેમ પ્રગટેછે, છટ, મારૂં મનજ એવું નીર્માલ્યછે. અને વળી તારા જેવી ભ્રષ્ટાના યોગથી વીશેષ નીર્બળ અને વીષયાધીન થયુંછે. પરંતુ હવે તને શીક્ષા કેવીરીતે કરવી? મારાથી તો ત્યાં ન અવાય! ત્યારે શી ગોઠવણુ કરૂં! અરરર પણ શું એ મુગ્ધ કલીને મારે કચરીજ નાંખવી, બાળી નાંખવી. ના, ના, એતો અત્યંત ઘોર કૃત્ય. શાનું ઘોર કૃત્ય. વીષ વેલીને તો થતીજ સુકવી બાળી નાંખવી જોઇયે ક જેથી ઘણા જનના પ્રાણુ બચે. વૈરી, વ્યાધિ અને (કરજ ઉપર) વ્યાજ તેતો થતાંજ કાપી નાંખવો જોઇયે. કારણુ કે એના વધવાથી નુકશાનછે. વારૂ ત્યારે મારે વીરમતીને તો તેના દુષ્કર્મનો યોગ્ય બદલો આપવોજ? અલબત,

ધીરસિંહ જ્યારે કૃષ્ણગઢ હતો ત્યારે તેને એક સગુણસિંહ નામના એક અમીરના કુમાર સાથે સારી મૈત્રી હતી. ધીરસિંહના વીજયનગર આવ્યા પછી પણુ તેઓ વચ્ચે કોઇ કોઇવાર પત્રવ્યવહાર ચાલતો તેથી ધીરસિંહે પોતાના મિત્ર સુગુણસિંહપર એવી મતલબનો કાગળ લખ્યો કે 'કુમારી વીરમતી મારી સાથેના પરેમમાં ભ્રષ્ટ નીવડીછે. મેં તેની પરીક્ષા અહિંના ઉમરાવના પુત્ર પ્રમાદસિંહદ્વારા કરાવી હતી. તેણીયેમને પ્રમાદસિંહ આગળ હલકો પાડયો છે. તેથી હવે મને તેણીના ઉપર સંપુર્ણ તિરસ્કાર છુટયોછે અને તેણીના તરફ મને એટલું તો વૈર બાધ્યું છે કે એવી ભ્રષ્ટ કુમારીકાઓને તો મોતની સજાયેજ પહોંચાડવી જોઇયે માટે તમે મારા મીત્ર હોતો, તમારે તેણીને કૃષ્ણગઢથી દસગાઉને અંતરે અસુરપર કરીને ગામછે ત્યાં તેણીને મારા મળવાની બાતમી આપી લઈ જવી અને ત્યાં તેનો ગુપ્ત શીરચ્છેદ કરવો. હું પણુ તેણીનાપર કાગળ લખુંછું તેમાં એ બીના લખુંછું કે-તારે મને મળવાની ઇચ્છા હોયતો સુગુણસિંહ સાથે એકદમ અસુરપરે આવવું. કારણુ કે માહારાજાની ઈતરાજીને લીધે મારાથી કૃષ્ણગઢ તો નહિજ અવાય.

આ પ્રમાણે કાગળ લખી તેણે ટપાલમાં રવાના કર્યો.

પ્રકરણ ૫ મું.

દીલગીર, ધીરસિંહ જેવો ધીરનાયક પણ ભુલ્યો. અને પ્રપંચની જાળમાં ફસાયો અનીચારી થયો. ક્રુર હૃદયનો બન્યો. બુધ્ધીમાન છતા,

સાહસીક બન્યો, અને વીરમતી જેવી શુદ્ધબાલીનો પતી તેણીનાજીવનનો ક્રૂર દૈત્ય અને કાળ થયો. મનુષ્યના પ્રારબ્ધ ચક્રની ગતી જ્યારે બદલાયછે. બદલાયછે ત્યારે ગમે તેવા સમજુ, ચતુર, યુક્તિવાન, બુધીવાન અને સમર્થ વીદ્વાનની મતી પણ મુંઝાઇ જાયછે બહેર મારી જાય છે અને વખતે વીશેષ અકળાતાં તેનાથી આત્મઘાતપણ થઇ જાયછે. માટે હે કાળ (સમય) ભગવાન, તને નમસ્કાર છે, સમય અને પ્રારબ્ધ તમે બેઉ એકજ છો.

એક દીવસે કૃષ્ણગઢ રાજમંદિરની એક અગાસીમાં બેઠી બેઠી એક નવયૌવનાકુમારી ચોધાર અશ્રુએ રૂદન કરતી હતી. અને હૃદયની ઉષ્ણ જ્વાળાઓ ઉપરાઉપર કાઢતી હતી. આ મુગ્ધા તે આપણી વીરમતીજ હતી. તેની ઉષ્ણજ્વાળાઓમાંજ આજ શબ્દો હતા.

નાથ, મારા માટે આપને આટલું બધું શોશવું પડયું, અરેરે હજુ સુધી આપના દુઃખનો અંત ન આવ્યો! આપના માટે હું શું કરૂં! હવે તો આપનાવિના મારો સમય અહીં જતો નથી. હું આપની સાથે આવી હોતતો સારૂં થાત, હવે તો વિયોગ કષ્ટ સહ્યું જતું નથી. શેમાંય ચીત પરોવાતું નથી. નાથ. છેક નમેરા કેમ થયા? આપ પણ મારીખબર નથી લેતા. ચંદ્રજ જ્યારે દાહ કરશે તો પછી ઠરવાનું બીજું કયું સ્થાન, વાલા, આપણા તપનું ફળ કીરતાર આપણને કયારે આપશે? પ્રાણ! પરમાત્મા આપણા કષ્ટ સામું આખર જોશેજ. પણ નાથ, પરમાત્મા હજુ કયારે જોશે. આ શરીરને, ઇન્દ્રીયોને આપના ધ્યાનમાં મેં બાળી ભસ્મ કર્યાછે છતાં હજુ જગદીશ્વરને આપણાપર કરૂણા ઉપજતી નથી, આપણે એવાં તો પુર્વે શું પાપ કર્યા હશે? પરંતુ નાથ, આપના માટે હું બહુ દીલગીર છું. ત્યાં જઇ આપ આવી નીચ સંગતીમાં કેવી રીતે પડયા. તમારા સમાચાર લઇ પ્રમાદસિંહ નામનો એક નીચ પુરૂષ અહીં આવેલો તેનો મેં તેના કહેવાપરથી આપનો મીત્ર સમજી સત્કાર કર્યો ત્યારે તે દુષ્ટે મારી તરફજ કુદ્રષ્ટી કરી. વાલા? આપને એવા નીચ નરાધમ સાથે પરીચય રાખવો ન જોઇએ. આપના તરફનો એ માણસ જો ન હોતતો હું તે વખતે તેને કેવી શીક્ષાએ પહોંચાડત. એ કહી સકતી નથી આ પ્રમાણે વીરમતી પોતાના સ્વામીના ધ્યાનમાં નીમગ્ન છે એવામાં એક દાસીએ આવી તેણીના હાથમાં પત્ર મુકયો. શીરનામું વાંચ્યું શીરનામા પરના અક્ષરજોઇ ચમકી. આહા, અક્ષરતો પ્રાણનાથના જેવાજ? આહા, હું કેવી ભાગ્યશાળી? એમનું સ્મરણ કરતી હતી ત્યાંજ એમનો પ્રેમ પત્ર એ પ્રમાણે બોલતી કવર ફાડી અંદરનો પત્ર વાંચવા લાગી.

વીરમતી,

તમે શુદ્ધછો, ખરેખરા પતીવ્રતા છો તેથી મારા વિયોગથી બહુ :ખ પામતાં હશો સ્રીયો નેક પરેમવાળી હોયછે એવું મને હાલમાં દ્રઢ જ્ઞાન થયુંછે અને તેથી તેનો સત્વર બદલો આપવા હું તમારી તરફ આવું છું પ્રેમીયો જેવું બોલેછે તેવુંજ યથાર્થ વર્ત્તન ચલાવે છે એ નવીન અનુભવથી પણ મને આપ તરફથી વીશેષ આકર્ષણ થાયછે આપ જેટલે અંશે અને જે પ્રકારે મને ચ્હાતાં હશો તેટલેજ અંશે અને તે પ્રકારે હું આપને ભાગ્યેજ ચહાતો હોશ. અર્થાત આપનો પ્રેમ મારીપ્રતી અનીવાર્યછે હું આપના પ્રેમને એટલે અંશે યોગ્ય નથી. હું આપને મળવાને માટે હવે અધીરોછું તેથી આપની તરફ આવુંછું પરંતુ કૃષ્ણગઢ મારાથી આવી શકાશે નહિ. શું કારણ? તે તમે જાણોછો તે-થી ગમે તે પ્રકારે મારા મિત્ર સગુણસિંહ સાથે તમારે અસુરપરે અવશ્ય આવવું. તેમને પણ મેં પત્ર લખ્યો છે તેઓ તમને મળ્યા હશે કે મ-ળશે. તેઓ તમને મળે કે તુરત તમારે બેઉયે તે ગામ આવવું વાલી? શું કહું? હવે તો તમારો વીયોગ જરા પણ સહન થતો નથી.

લી. કોણ ! તે તમે જાણો છો.

ઉ પત્ર વાંચી, શું:આ પત્ર પ્રાણેશ્વરનો? અક્ષર તો એમનાજ, પરંતુ પત્રની મતલબ મને કંઈ ભેદ ભરેલી જણાય છે. ના, ના. ભેદ તો શું હોય? મને મળવાની આતુરતામાં જેમ તેમ ઉતાવળથી લખી નાખ્યોછે હું પણ કેવીછું કે પ્રાણનાથના લેખપર પણ શંકા લાવુંછું. નાથ, આ-જના દીવસને હું માંગલિક ગણુંછું અને ધન્યવાદ અર્પુંછું—કે જે દિવસે હું મારા વાલાના સુંદર હસ્તાક્ષરના દર્શન કરૂંછું. આહા, અત્યારે માત્ર આપના હસ્તાક્ષરથી આટલો આનંદ પ્રગટેછે ત્યારે સાક્ષાત આપના દ-ર્શનથશે ત્યારે તો હું ઘેલીજ બનીશ. પણ પ્રાણનાથ? પહેલાં તમે મને બોલાવશો કે પહેલાં હું તમને બોલાવું?—આ પ્રમાણે વીચાર કરે છે એવામાં સગુણસીંહ આવ્યો અને વિરમતીને સઘળી હકીકતથી વાકેફ કરી પછી સારી તક મેળવી બેઉ ગુપચુપ ત્યાંથી અસુરપરે જવા નીકળ્યા

માર્ગમાં સુગુણસીંહને વીરમતિના વીષયમાં અનેક વીચારોઉદભવ્યા.

'આહા વીરમતીનો મારા મિત્ર ધીરસિંહ સાથે આટલે અંસે પ્રેમ છતાં તે ભ્રષ્ટ થઇ હશે? હું જ્યારથી એની સમીપમાં છું ત્યારથી તો હું તેણીને મારા મીત્રનાજ ધ્યાનમાં નીમગ્ન જોઉંછું. મને લાગે છે કે આમાં કંઇપણ કપટ રચાયું હશે અને કપટજાળમાં મારા મિત્ર પણ સાહસિક બની ફસાયા હશે અને તેથીજ મને આવી ક્રૂર આજ્ઞા કરીછે પરંતુ આમાં સત્ય શુંછે? એ હું વીરમતીના આ વિષયે બોલવાપરથી

શોધી કાઢીશ. વીરમતી, તારૂં માત્ર દર્શનજ તું પવિત્ર એવું મને દર્શાવી આપે છે તેમાંવળી તારૂં મુગ્ધવદન અને વાણી પુષ્ટી અર્પે છે. મારા મીત્ર પ્રતીનો તારો પરેમ સાધારણ નથી. મીત્ર ધિરસિંહ, ખરેજ તમને કોઇ કપટીએ મહાન ભુલજ ખવરાવી છે. તમે સાહસીક બની વિચાર શુન્ય કર પગલું ભર્યું છે તેનો આદર મારાથી સત્ય જુઠની પરીક્ષા કર્યા વગર નહીજ થાય, એ પ્રમાણે વીચાર કરતો તે અમુરપરા નજદીક વીરમતી સહીત આવી પહોંચ્યો.

ગામથી થોડે દુર એક ઘાડા જંગલમાં કે જ્યાં મનુષ્યનો આવજા નહોતો ત્યાં વીરમતિને ગોભાવી સગુણસીંહે કહ્યું.

"વીરમતી, તમને અહીં લાવવાનો શું હેતુછે, એ હું તમને હવે દર્શાવું છું. દૃઢ અને શુદ્ધ મૈત્રી બંધાયા પછી મારે મારા મીત્ર (ધીરસિંહ)ની આજ્ઞા મુજબ વર્તવુંજ જોઇયે. સાચા મીત્રનો એ ધર્મ છે. તમે મારા મીત્રનો એક મહાન અપરાધ કર્યો છે. અને તેથી તેમણે મોતની સજાયે તમને પહોંચાડવા આજ્ઞા કરી છે માટે તમારે છેવટમાં મને જે કહેવાનું હોય તે કહી દ્યો અને છેલ્લી જે ઇશ્વરપ્રાર્થના કરવી હોય તે સત્વર કરી લ્યો."

હાય! દીલગીર! સુગુણસિંહ! તમે આ શું બોલોછો! અરરર! મારા નાથે મને આ શિક્ષા ફરમાવી છે! અરે, મેં તેમનો શો અપરાધ કર્યો છે ભાઇ સુગુણસિંહ, અદ્યાપિ પર્યંત મારા પ્રાણેશ્વરના ધ્યાનથી કદી પણ ચલીત થઇ નથી. અરરર, મારા વાલા ધીરસિંહ આવી ક્રૂર સજા કદી ફરમાવેજ નહિ

આ સાંભળી સુગુણસિંહે પોતાનાપર આવેલો ધીરસિંહનો કાગળ વીરમતીના હાથમાં આપ્યો. વીરમતિયે તે કાગળ પુરેપુરો વાંચી જોયો વાંચતાં વાંચતાં તેના આંખમાંથી ચોધાર આંસુ ટપકવા લાગ્યાં, અને મનને જરા કઠીન કરી બોલી.

'ભાઇ સુગુણસિંહ, આ બધી કપટજાળ તેમના તરફથી આવેલા પ્રમાદસિંહે પાથરી છે અને તેમાં મારા વાલા ધીરસિંહને ખોટું સમજાવી ફસાવ્યા છે તેથી કરીનેજ તેમણે આવું ક્રૂર પગલું મારી તરફ ભર્યું છે. જ્યારે એ દુષ્ટ અહીં આવ્યો, ત્યારે મારા તરફથી તેને આવેલો જાણી મેં તેનો સારો આદરસત્કાર કર્યો. પરંતુ જ્યારે તેણે મારી તરફ બદનીજ્ઞા કરી ત્યારે મેં તેનો તીરસ્કાર કર્યો. અને મારી દ્રષ્ટીથી સત્વર તેને દુર થઇ જવા આજ્ઞા કરી અને વિશેષમાં એવી ધમકી આપી કે અહીં જો ટકીશ તો તારા જીવને જોખમમાં નાંખીશ--આ પ્રમાણે મેં તેનો તિરસ્કાર કરવાથી તે ત્યાંથી શરમીંદો થઇ ચાલી નીક-

જો. પોતાનું અપમાન થવાથી તેણે મારા સ્વામીને જુઠું સમજાવી અમારી પ્રિતિને કલંકીત બનાવવા આ પ્રમાણે તેણે નીચપગલુંભર્યુંહશે.

સુગુણસિંહ આ દેહધરીને મેં મારા વ્હાલા ધિરસિંહ વીના કોઇ તરફ ચાહના કરી નથી. આ શરીરને મેં તેમના વિયોગમાં દગ્ધ કરી નાખ્યું છે તે માત્ર શુદ્ધ સ્નેહને માટેજ. અરે દુષ્ટ પાપી પ્રમાદસિંહ, આવી જુઠી તર્કટી વાતથી તેં મારા પ્રાણનાથનુ કેટલે અંશે મન દુઃખવ્યું હશે, દુખવ્યું, પણ વાલા ધીરસિંહ તમે એ પાપીની જાળમાં પુર્ણ વિચાર કર્યા વિના એકદમ શાથી ફસાઇ ગયા, ભાઇ સુગુણસિંહ. મારા વાલા ધીરસિંહનાજ સમખાઇને હું કહું છું કે નિરદોષપણું અને આ સર્વ પાખંડ પાખંડીનાજ છે.

સુગુણસિંહ વીરમતી, જો તમો શુદ્ધ હોતો મારા મિત્ર ધીરસિંહે તમને સ્નેહની નિશાની તરીકે તેમની વીંટી તમને આપેલી. તે વીંટી તમારે તેને શા માટે આપવી પડી, એમાં કાંઇપણ ગુપ્તભેદહોવોજોઇયે.

વીરમતી—એ વીંટી જ્યારે એ દુષ્ટ પ્રમાદસિંહ અહિં આવ્યો હતો ત્યારની ગુમ થઇછે મેં ઘણી જગોયે તપાસ કરાવી પરંતુ તેનો કંઇ પત્તો લાગ્યો નહિ. એ વીંટીને હું હમેશાં મારી આંગળીમાંજ રાખતી ઘડી આંગળીમાંથી તેને કાઢતી નહિ, પરતુ એક પ્રાતઃકાળે હું જાગી અને જાગતાંજ વીંટીના દર્શન કરવા ઇચ્છા કરી પરંતુ વીંટી મે મારી આંગળીમાં જોઇ નહિ. તેથી મેં આશ્ચર્ય સાથે સર્વને પુછી જોયું અને સર્વ સ્થળે તપાસ કર્યો પરંતુ તે હાથ આવી નહીં એના ગુમ થતાંજ મારી દીલગીરીનો પાર રહ્યો નહિ અને મને લાગ્યું કે મારાપર ગમે તે કોઇપણ અણધારી આફત આવવાની છે અને બન્યું પણ તેમજ ભાઇ સુગુણસિંહ, ખરેખર એ વીંટી મેં જાતે એ દુષ્ટને આપીનથી. એ વીંટીએની પાસે કેવીરીતે ગઇ તે હું જાણતી નથી.

સુગુણસિંહ—એ વાત તમારી માનવા જેવી નથી. તમારા આજ્ઞા વિના એના હાથમાં જાયજ શીરીતે તમે જો કોઇ સ્થળે મુકી હોયતો એ ચોરાઇ જવાનો પણ સંભવ, પણ તમારૂં તો સ્પષ્ટ એમજ કહેવું થાયછે કે—હું એ વીંટી સદા મારી આંગળીયેજ રાખતી માટે એવી કોઇની સત્તા નથી કે—અજાતકારે તમારી વીંટી તમારી આંગળીથી ઉતારી લે. અથવા તો તમારી બેશુદ્ધીમાં જો કોઇ લઇ લેવા માંગે તો તમે એવા છેક અસાવધ નથી કે તમારી આંગળીમાંથી તમારી વીંટી કોઇ કાઢી લે અને તમે જાગ્રત ન થાવ! પુરૂષ કરતાં સ્ત્રીતો વળી સત્વર, પર-સ્પર્શ થતાં જાગ્રત થવી જોઇયે છતાં વીંટી બાબતની ખરી વાત તમે જાહેર કરતાં નથી. વીરમતી, વીરમતી, તમારે માટે હું શકું

ધીક્કારછું બીચારા મારા ભોળામીત્રને ખરેજ તમે છેતર્યો. વીંટીપરથી તમારાપરનો મારો શક પણ મજબુત થાયછે. મારો મિત્ર ભુલ કરેજ નહી. તેણે સર્વ પ્રકારે ચોકસ તપાસ અને વીચાર કરીનેજ દુષ્ટીતને યોગ્ય સજાયે પહોંચાડવા મને આજ્ઞા કરીછે હુંજ તમારી વાણી અને બહારના દેખાવથી દયા ખાઇ ભોળવાઇ જતો હતો પરંતુ હવે હું જાગ્રત થયોછું. તમારા કરતાં મારા મિત્રને હું હજ્જારદરજ્જે અધીક ચાહુંછું માટે એની આજ્ઞા મારા પ્રાણુજતાં પણ મારે સત્વર પાળવી જોઇયે.વી-રમતી, હું હવે તમારૂં કંઇપણ સાંભળવા માગતો નથી. તમારૂં કંઇપણ સાંભળુંછું કે મારૂં મન નરમ બની મહલાઇ જાયછે અને તમારો પક્ષ ખેંચવા તત્પર થઇ જાયછે માટે તમારી તરફથી હવે મારે કંઇ પણ વીશેષ સાંભળવા ઇચ્છા નથી માત્ર એટલુંજ કહુંછું કે સત્વર ઇશ્વર પ્રાર્થના કરી લ્યો-એટલું બોલતાની સાથેજ તેણે કમરમાંથી ખોસેલી કટારને મ્યાનમાંથી બહાર કાઢી.

આ જોઇ વીરમતિ બોલી—સુગુણસિંહ, ભાઇ સુગુણસિંહ, હું નીર્દોષછું ખરેખર નીષ્કલંકીછું મને નિરપરાધી ! વીના વાંકે શા માટે મારો છો, સૃષ્ટિનો પ્રલય થતાં પણ સીંહણ કદી તૃણઆહાર કરવાની કલ્પના સરખી પણ કરે નહી! સુગુણસિંહ. ખરેખર હું કહું છું કે—તમારા મીત્રે પણ અવીચારી બની સાહસ કર્યું છે અને તમારાથી પણ તેવુંજ થાય છે. તમારી વીચારશક્તિ આજ ખરેખર ગુમ થઇ ગઇછે વિચાર કરો વિચાર, હું મરવાથી જરાપણ ડરતી નથી. પણ મારા મરવાથી સઘળી વાર્તા અંધારામાંજ રહી જશે. અને તેથી તમારા મિત્રને પણ દુઃખી જીંદગી ગાળવી પડશે. તમારી તથા તમારા મીત્ર બેઉની અવળી મતીથઇ છે તેનું કારણ તમો નથી પરંતુ મારા પુર્વના કોઇ પાપજ પ્રગટી નીકળ્યાંછે નહિતો મારા વાલા, આવું ક્રૂર પગલું પુખ્ત વિચાર કર્યા વિના મારી તરફ કદી ભરે નવિ. સુગુણસિંહ, શાંત થાઓ અને તમારીકટાર મ્યાન કરો, અને ચાલો આપણે વીજયનગર જઇ મારા વ્હાલાને ગળીએ દુષ્ટને પણ બોલાવી સાચજુઠની ખાતરી કરીયે, પછીથી તમારે અને તમારા મિત્રને જેમ કરવું હોય તેમ કરજો. હું દોષપાત્ર ઠરૂં તો મારો શીરચ્છેદ કરજો, પંતુ આમ સાહસ કરવું તમને યોગ્ય નથી.

સુગુણસિંહ—હું એ તમારી કંઇ પણ વાત માનતો નથી મારા મીત્રની આજ્ઞા મારે શીરપર ચડાવવી એ મારો ધર્મ છે.

વીરમતી—પરંતુ ન્યાય અન્યાય તપાસ્યા વિના.

સુગુણસિંહ—અમે જે કાંઈ કરીયે છીએ તે ન્યાય અને અન્યાય તપાસીનેજ કરીયે છીયે. અપરાધી છુટવાને માટે અમારા પર

ગમે તે અપવાદ મુકે, પરંતુ અમે તેની દરકાર કરતા નથી.

વીરમતી—સુગુણસિંહ બસ કરો, હવે મારી ધીરજ રહેતી નથી. મારે કહેવાની જરૂર પડે છે કે તમે તથા તમારા મીત્ર બેઉએ કપટીના કપટ જાળમાં ફસાઇ અવિચારી અને સાહસીક બન્યા છો. માટે તમે બેઉજ નીરપરાધી પર કલંક ચડાવતા ક્રૂર સજાને પાત્ર થાવ છો.

સુગુણસિંહ—શું અમે ?

વિરમતિ—અલબત તમેજ. સુગુણસિંહ, તમે ક્ષત્રાણીને બરાબર ઓળખતા નથી, પણ હવે બરાબર ઓળખવાનો સમય સમીપ આવ્યો છે.

આ સાંભળતાંજ સુગુણસિંહને ક્રોધ ચઢયો અને કટાર લઇ વીરમતિપર ધસવા તત્પર થયો વીરમતિનું સ્વરૂપ ક્રોધાગ્નિ પ્રગટતાં બદલાઇ ગયું અને વિકાળ સિંહણ જેવી બની એ પણ પોતે સંતાડી રાખેલી કટારને મ્યાનમાંથી બહાર કાઢી સુગુણસિંહને સ્વધામ પહોંચાડવા તેના સામી ધસી વિરમતીનું બદલાયલું સ્વરૂપ અને અચાનક કટાર કાઢી પુર્ણ વેગમાં પોતા તરફ ધસી આવતી જોઇ સુગુણસિંહ ચમકયો અને જ્યાં ઉભો હતો ત્યાંથી પાંચ ડગલા પાછો હઠી ગયો. આ જોઇ વિરમતિયે તિરસ્કારપુર્વક કહ્યું—અવિચારી, ક્ષત્રિય થઇને મોતથી ડરી જઇ, જીવની રક્ષા કરવા પાછાં પગલાં ભરેછે શરમછે, તું આ ક્ષત્રાણી સાથે યુદ્ધ કરવા યોગ્યજ નથી! આવા હલકા શબ્દો વિરમતીનાં મુખમાંથી નિકળતાંજ સુગુણસિંહને નવું પાણી ચડયું અને જેવો તે વિરમતિપર ધસેછે તેવોજ બસ કર પાપી, એવો અવાજ સુગુણસિંહ અને વિરમતિના કર્ણે પડયો. સુગુણસિંહ એકદમ ચમકયો અને સામેથી કોઇ બે તરૂણ કુમારોને શસ્ત્રબધ આવતા જોઇ તેમને મહારાજા તરફથી મોકલેલા માણસો સમજી ભયને લીધે ત્યાંથી પોબારા ગણી ગયો. વીરમતિ તેની પુંઠ પકડવા તેની પાછળ દોડવા જતી હતી પરંતુ ત્યાં પાછો વિચાર આવ્યો કે--નાસતાને શું મારવો? એ વર્તન ક્ષત્રીયબાળામાં શોભા પામતું નથી, એમ ધારી અટકી, અને સામેથી કોણ આવે છે એ જોતી ત્યાંજ ઉભી રહી એટલામાંતો એ બે કુમાર વીરમતી આગળ આવી પહોંચ્યા.

પ્રિય વાંચક, આ બે કુમારો કોણ હતા, એ વીશે પ્રથમ આપણે માહિતગાર થઇ પછી આપણે આપણી વાર્ત્તા આગળ લંબાવીએ.

પ્રકરણ ૬ ઠું.

કૃષ્ણગઢમાં સમરસિંહ નામે એક અમીર રહેતો હતો તે સૈનીક કળામાં નીપૃણ હોવાથી માહારાજા પ્રતાપસિંહેએ તેને સેનાધ્યક્ષની જગો

આપી હતી. અધીકારપર રહી તેણે ત્યાંની પ્રજાપર જુલમ કરી રૂશ્વત ખાધી હતી તેથી માહારાજા તેનાથી નારાજ થઇ તેને દેશનિકાલની સજા કરી હતી અને તેની જાગીર જપ્ત કરી પોતાને સ્વાધિન કરીહતી આથી સમરસિંહને માહારાજન પ્રતાપસિંહ સાથે પુર્ણ વેર બંધાયુંહતું અને તેથી તે કૃષ્ણગઢની આસપાસના જંગલોમાં અને ગામડાઓમાં છુપો રહેતો અને તેની પ્રજાને રંજાડતો. મહારાજાના બે બાળકુમારો ગુમ થયા હતા તે આ સમરસિંહજ ગુપ્તરીતે લઇ ગયોહતો અને તેણેજ તેમને પોતાની પાસે રાખી ઉછેરી મ્હોટા કર્યા હતા આ બે કુમારો વીરમતીના સગા ભાઇઓજ હતા. તેઓ શિકાર રમવા નિકળ્યા હતા ત્યાં દુરથી તેઓએ સુગુણસિંહ અને વીરમતિને લડતાં જોઇ તેઓ એકદમ ત્યાં આવી પહોંચ્યા. વીરમતી પુરૂષ પોશાકમાંજ હતી તેથી આ બંને ભાઇઓએ પણ તેને કુમારી નહી ધારતાં કોઇ કુમારજ ધાર્યો વીરમતીને જોઇ બંને ભાઇઓમાંથી મોટા ભાઇયે તેને પુછ્યું.

'ભાઇ, તમે કોણ છો, તમારૂં નામ શુંછે, અને તમારી સામે કટાર લઇ તમને મારવા જતો હતો તે પુરૂષ કોણ હતો તે ક્યાં નાસી ગયો તમારા બેઉ વચ્ચે શા કારણથી તકરાર થઇ? અને શાકારણથી તમને એ મારી નાંખતો હતો? આ સાભળી વીરમતિએ પ્રત્યુત્તર આપ્યો.

ભાઇ! હું ક્ષત્રિયપુત્ર મારૂં નામ વીરસિંહછે, મને એ માણસ એવું કહીને અહીં લાવ્યો હતો કે તમારા મીત્ર તમને યાદ કરેછે માટે મારી સાથે સત્વર ચાલો. હું એના કહેવાપરથી ભોળવાઇ જઇ તેની સાથે આ જંગલમાં આવ્યો ત્યારે તેણે મને કહ્યું કે—તમારા મીત્રથી તમે દગો કર્યોછે માટે તમારા મીત્રે મને મારી નાંખવા આજ્ઞા કરી છે. એના જવાબમાં મેં કહ્યું કે—મેં મારા મીત્રને કોઇપણ પ્રકારે છેતર્યા નથી. આ મારા બોલવાપર જો તમને વીશ્વાસ ન આવતો હોય તો મને તમે તેની રૂબરૂ કરો, પછી જો હું ગુનેગાર ઠરૂં તો મને બેલાશક તમારે જે શિક્ષા કરવી હોય તે કરજો આ મારા કહેવાપર તેણે ધ્યાન આપ્યું નહિ અને મારીપર કટાર લઇ ધસ્યો હું પણ મારૂં રક્ષણ કરવા માટે કટાર લઇ તેના પર ધસ્યો એવામાં દુરથી તમારો અવાજ સાંભળી અને તમને જોઇ તે નાસી ગયો.

'વારૂ, ભાઇ! કાંઇ ચીંતા કરશો નહિ. નીરપરાધીને આ દુનિયામાં કોઈ મારનાર નથી. ભાઈ વીરસિંહ! ચાલો અમારા મુકામે તમને જોઇ અમને પ્રેમ ઉપજેછે. આટલામાંથી જો એ દુષ્ટ હાથમાં આવેછે તો એ નાલાયકને યોગ્ય શિક્ષાએ પહોંચાડીશું. તમે કોઇપણ રીતે ગભરાશો નહી. અમે બે ભાઇઓ જેવા તમેપણ એક અમારા ત્રીજા ભાઇ છો.

તમારા દેખાવ અને બોલવાપરથી તમે નીરદોષ છો એમ અમને ખાતરી તને થાય છે. વળી વિશેષ ખાતરી એ પરથી થાયછે કે જે ગુનેગાર હોય છે તે કપટી અને પાપી હોય છે તેજ નાસી જાયછે. તમે ગુનેગાર હોત તો તમેજ નાસી જાત, માટે જે ગુનેગાર હતો તેજ નાસી ગયોછે.તેથી તમે નીર્દોષછો—તમારા દેખાવપરથી તમે બહુ શ્રમિત લાગો છો માટે ચાલો આપણા સ્થાનકે. ત્યાં ભોજન જમી થોડીવાર વિશ્રાંન્તી લ્યો તમે પણ ક્ષત્રીય પુત્રછો અને અમે પણ ક્ષત્રીય છીયે માટે આપણે ગ્નાતી ભાઇયોજ છીએ. આ સાંભળી વીરમતીયે કહ્યું.

'ભાઇયો! મને જોઇ જેમ તમને સ્નેહ સ્ફુરેછે તેમ તમને અવલોકી મને અપુર્વ પ્રેમ પ્રગટે છે તેમાં વળી તમારૂં વીનય અને અબાર પુર્ણ મધુર સંભાષણથી તેમાં પુષ્ટી થાય છે, વારૂ પણ તમારૂં સ્થાન ક્યાં આગળ છે ?

'અહિં નઝદીક જંગલમાંજ છે ?

'ભાઇ ! જંગલમાં તમારે રહેવાનું શું પ્રયોજન.

'બાઇ! એ વિષયે આપણે સઘળી વાત મુકામપર જઇ કરીશું.

એ પ્રમાણે વિરમતી એ બેઉ કુમારો સાથે તેમના મુકામે ગઇ.

વાંચકવૃન્દ ! આ બેઉ કુમારો અને વીરમતિ ભાઇ બેન હતાં પરંતુ એક બીજા નાનપણમાંથીજ વીખુટાં પડવાથી એક બીજાને ઓળખતાં નહોતાં. છતાં પણ તેમના શારીરીક અને એકજ લોહીના સંબંધે કરી એક બીજાને નીહાળતાંજ તેઓનાં અતરમાં પ્રેમ પ્રગટયો હતો, આનું કારણ અગ્નાન પણ તેઓનો શારિરિક સંબંધજ હતો. અસ્તુ.

વીરમતિને માર્ગમાં ચાલતાં વીચાર થયો—હે જગદીશ્વર મ્હારાથી ત્હારો એવો શો અપરાધ થઇ ગયોછે કે જેથી ત્હે એકાએક મ્હારાપર આવો દુઃખરૂપી મેરૂ પરવત રેડવી પાડયો ! અરે ! મને આવી ઘાતકી સજા ફરમાવનાર મારા પ્રાણેશ્વરના હૃદયની અત્યારે કેવી સ્થિતિ હશે ? અરરરા પાપી, કૃતધ્ની દુરાચારી પ્રમાદસિંહ! ત્હેં તો કરતાથી હદ વાળી નિર્દોષ, શુદ્ધપ્રેમી વીયોગી જોડાપર ત્હેં કાળોકેહેર કર્યો! આ ત્હારા પાપી ઘોરકૃત્ય માટે પરમાત્મા તરફથી તું કેવી સખ્ત પ્રાણઘાતક સજા પામીશ? એ હું કલ્પી શકતી નથી. ત્હારા જેવા પાપીયો આ સંસારમાં શા માટે જોઇએ પાપી રાવણનો વધ કરનાર જગતપાલક શ્રીરામ! તમે ક્યાં લોપ થયા ! મદોન્મત દુષ્ટ દુર્યોધનનો મદ ઉતારનાર શ્રીકૃષ્ણ તમે ક્યાં અદ્રસ્ય થયા ! આહા ! આ બે કુમારોના હૃદય કેવાં દયાથી પુર્ણ છે ! ક્યાં આ બે કુમારો અને ક્યાં એ પાપી પ્રમાદસિંહ ! મ્હેં એના પર એવો શો ઉપકાર કર્યો હતો છતાં એમની કેવી સુજનતા, ઉદારતા

મનુષ્ય શરીરવાલા સઘળા જીવો મનુષ્ય નથી પરંતુ જેઓ સહ્રદયવાન છે તેઓજ માનવી છે.

આ પ્રમાણે તેઓ ચાલ્યા જાય છે ત્યાં આગળ જતાં એક મ્હોટી ઝાડી આવી એ ઝાડી વચ્ચે એક ખુણા તરફ તેઓ વળ્યાં અને એક ભોંયરામાં તેઓએ નીચે ઉતરવા માંડયું અને છેક નીચે ગયાં એટલે સુંદર મકાન આવ્યું તે મકાનની ઓસરીમાં એક વૃદ્ધ પુરૂષ બેઠો બેઠો હુકો પી રહ્યો હતો આ વૃદ્ધ પુરૂષ તે, કૃષ્ણગઢ માહારાજશ્રીએ દેશ નિકાલ કરેલ, સમરસિંહજ હતો તેણે માહારાજશ્રીના આ બે ચોરી લાવેલા કુમારોમાંના મ્હોટાનું નામ બલદેવસિંહ અને ન્હાનાનુંનામ શુર સિંહ પાડયું હતું, સમરસિંહે આ નવીન છોકરાને કુમારો સાથે જોઇ તેણે મ્હોટા કુમાર બલદેવસિંહને પુછયું.

આ નવીન છોકરો કોણછે। તમે આવા અજાણ્યા છોકરાને આપણા આ ગુપ્તસ્થાને શા સારૂ લાવ્યા વારૂ હશે, લાવ્યા તો ઠીક કર્યું; એ પણ આપણને કામ લાગશે.

બલદેવસિંહ—પિતાશ્રી! એ પણ ક્ષત્રીયતનુજ છે શુરવીર અને બહાદુરછે એક મનુષ્ય તેનું ખુન કરવાના ઇરાદાથી તેને ભોળવી આ જંગલમાં લાવ્યો હતો પરંતુ અમો તે કાળે ત્યાં જઇ પહોંચ્યાં અને તેઓ વચ્ચે થતી લડાઈ બંધ પડી, અને અમને દુરથી જોતાંજ તે મનુષ્ય નાશી ગયો એનું નામ વીરસિંહ છે અને એ બહુ લાયકછે અમને તેની તરફ પ્રેમ ઉપજવાથી અમે તેને અમારી સાથે લાવ્યા છીએ.

આ પ્રમાણે વીરમતી છુપા વેશે કેટલાક દીવસ પોતાના ભાઇઓ સાથે રહી એવામાં પોતાના સ્વામીની ચીંતામાં ને ચિંતામાં તે બીમાર પડી બંને ભાઇઓએ તેના માટે ઘણાએક ઔષધિઉપચાર કરવા માંડયા પરંતુ તે બરાબર સાજી થઇ નહિ. એક દિવસ સમરસિંહ તથા તેના ભાઇઓ બહાર શિકાર માટે ગયા અને પોતે એકલી પડી. એકલાં તે તાપના ઘેનમાં લવવા મંડી.

પ્રાણનાથ આપને મલ્યા વિના જાઉંછું. અરેરે, આપની દ્રષ્ટીએ હું નીરદોષ છતાં દોષપાત્ર ઠરી જાઉંછું અરેરે! સત્ય વાર્તા આપને વિદીત કરી મહારા માટે આપને બળતા ઝળતા હ્રદયને શાંતિ આપવા જેટલો પણ આ હિણભાગીને પરમાત્માએ ન આપ્યો, હાયરે પ્રાણેશ્વરનું દર્શન ન થયું. આ દશામાં એમને શી રીતે મલાય હે પ્રાણ! એક એક વખત પ્રાણને મલ્યા વગર તમે ચાલ્યાજ જશો, એ હંસ! હું ત્હારા હંસાને મલી તેનું દુઃખ ટાળ્યા વિના આ પીંજરામાંથી ઉડીજ

જાઇશ, હે મન, તું તો પ્રાણનાથ વશજ છે માટે જ્યાં સુધી વ્હાલા નાથનો મેરો નથી થયો ત્યાં સુધી આ હંસાને પીંજરમાંથી ઉડી જવા દઇશ નહી. આ પ્રમાણે જ્વરમાં લવે છે એટલામાં તેને તરસ લાગવાથી પાણી પીવા ઉભી થઇ, અને પાણી પીધુ. પાણી પીતાં તેની દ્રષ્ટી એક કાચના કબાટમાં મુકેલી શીશીઓ પર પડી આથી તે ઉભી થઇ અને શીશીઓમાં શી શી દવાઓ છે તે જોવા ઉઠી કબાટ ખુલ્લું જ હતું શીશીઓ એક પછી એક જોવા માંડી તેમાં એક શીશીનું બુચ તેણે ઉઘાડયું અને જેવી સુંઘવા જાય છે તેવીજ તે ઝેરી દવા હોવાને લીધે તે દવા મગજે ચડી ગઇ અને તેનું ઘેન ચડતાંજ તે પોતાની પથારીએ પહોંચતાં પહોંચતાં તો નીચેજ પ્રથવીપર બેશુધ થઇ પડી ગઇ અને ઝેરી દવાની અસર આખા શરીરમાં પ્રસરી ગઇ તેથી મૃતક સમાન દેખાવા લાગી.

થોડી વાર થઇ એટલામાં તો બહાર ગયેલા તેના બંને ભાઇઓ તથા સમરસિંહ આવ્યા અને જુવે તો વીરમતિને મરણ પામેલા જેવી જોઈ આથી એક ભાઇઓ શોક કરવા લાગ્યા. અને સમરસિંહે કહ્યું.

અરે ! આ બીચારા વીરસિંહને એકાએક શું થયું ? એતો મરણ પામ્યા જેવોજ જણાય છે, ઘણા ઇલાજો કર્યા પણ સાજો ન થયો તે નજ થયો.

આ સાંભળી બલદેવસિંહે કહ્યું-પિતાશ્રી ? આતે શું બોલો છો? શું એ મરી ગયો છે ! વીરસિંહ ! વ્હા વીરસિંહ ! ખરેજ તું અમને મુકી એકલોજ ચાલ્યો ગયો ! વ્હાલા વીરસિંહ ! પણ આપણા વચ્ચે આટલો પ્રેમ બંધાયો હતો છતાં તું અમારાથી દગો કરી એકલોજ ચાલ્યો ગયો! વ્હાલા વીરસિંહ ! તું નિદ્રામાં હોતો જાગને ભાઇ ! આ સાંભળી નાના ભાઇ શુરસિંહે કહ્યું—ભાઇ બલદેવસિંહ ! શું આપણો વીરસિંહભાઇ નહીંજ જાગે ? શું પીતાશ્રી કહે છે એ સાચી વાત ! વીરસિંહભાઇ મરણ પામ્યો અરરર ! એ ભાઇ હવે જીવતો નહિજ થાય ! હવે શો ઇલાજ કરવો ! ભાઇ વીરસિંહ ! બોલતો ખરા, તમને શું થયું છે ! અરરર ! એકાએક તમને આ શું થઇ ગયું.

વીરમતિનો શ્વાસ ઝેરથી મગજે ચડી ગયો હતો તેથી તે મરણ પામ્યા જેવી જણાતી હતી તેહને સ્વસ્થ કરવા માટે ઘણા એક ઓષધિ ઉપચારો કર્યા પરંતુ તે સઘળું નિરથક ગયું. વીરમતી શુદ્ધિમાં ન આવી તે નજ આવી. આખરે સમરસિંહે કહ્યું—ભાઇ બલદેવસિંહ ! જુઓને એનો શ્વાસજ ક્યાં ચાલે છે ! એ મરણ પામ્યો છે માટે એને જંગલમાં લઇ જાઓ અને અગ્નિદાહ કરો. આ સાંભળી બલદેવસિંહે તથા શુરસિંહે

વીરમતિના શરીરને ઉચક્યું અને આંખમાંથી વહેતા આંસુએ તેઓ તેને જંગલમાં લઇ ગયા અને જેવા તેઓ લાકડાં એકઠાં કરે છે તેજ સામેથી કોઇ લશ્કરને તેમણે આવતું જોયું. તેઓએ જાણ્યું કે—અમારા ગુપ્ત સ્થાનનો કોઇએ પત્તો આપ્યો હશે તેથી આ લશ્કર અમને પકડવાજ આવે છે—એમ ધારી ત્યાંથી તેઓ વીરમતીને જંગલમાં મુકી પોતાના મુકામે પોતાના પીતાશ્રીરૂપે માનેલા સમરસિંહને તેડવા લાગ્યાં સમરસિંહે તેમને સાંજ રોકી રાખ્યા, અને બહાર જવા દીધા નહીં. ત્રણે જણાઓ શસ્ત્ર સજી તૈયાર થઇ ત્યા બેઠા હતા. એવું ધારીને કે જો લશ્કર અહીં આવે તો મારવું અને રણમાં પડવું પરંતુ એ લશ્કર તો કોઇ બીજુજ હતું, અને કોઇ બીજા પ્રસંગેજ ત્યાં આવી ચડયું હતું. સમરસિંહને આ પજે અનેક વિચારો મગજમાં સ્ફુરી આવ્યા. પોતાની ભૂલ માટે તેને બહુ પસ્તાવો થવા લાગ્યો. કૃષ્ણગઢ મહારાજાના બે કુમારોનું તે હરણ કરી લાવ્યો તે તેણે બહુજ ખોટું કર્યું, એવું તે સમજવા લાગ્યો અને મનમાં દુઃખી થવા લાગ્યો. આમ છુપાઇને રહેવા કરતાં મહારાજા પ્રતાપસિંહને તેમના બે કુમારો સોંપી તેમની આગળ પોતે કરેલી ભૂલ માટે અત્યંત પસ્તાવો અને માફી માંગવી એ ઉત્તમ છે એવા વિચારો તેના મનમાં આવવા લાગ્યા. આ પ્રમાણે જો ન બની શકે તો આપ છુપા રહી જીંદગી ગુજારવા કરતાં કોઇ યુદ્ધમાં મરવું વધારે સારૂં છે.

કુમારોના ગયા પછી વીરમતિ જંગલમાં કેટલોક વખત બેશુદ્ધ પડી રહી. થોડીવાર પછી તેને ઝેરી દવાનું ઘેન ઉતરી ગયું અને એ દવાની અસરથી તેને નુકશાન થવાને બદલે ઉલટો ફાયદો થયો, એ દવાની અસરથી તેનો માત્રાનો જ્વર ઉતરી ગયો એનો શરીરરોગ મટી ગયો અને સાજી થઇ. જેવી તે શુદ્ધિમાં આવી અને જોયું તો પોતાને એક જંગલમાં જોઇ આથી તે પોતાના મન સાથે બોલી.

આહા ! હું આ જંગલમ ક્યાંથી આવી ? હુતો તે ભોંયરાની અંદર બળદેવસિંહ અને સુરસિંહ સાથે હતી અને અહિં કેવી રીતે આવી! હા, મને સ્મરણ આવ્યું. હું તે દવાની શીશી સુંઘતાજ બેશુદ્ધ થઇ ગઇ હતી તેથી વખતે તેઓએ મને મરણ પામેલી ધારી હશે અને અહી જંગલમાં મુકી ગયા હશે, આહા ! પણ દવાતો મને ગુણ દાયક નીવડી મહારો જ્વર તેથીજ જતો રહ્યો અને હું બરાબર સ્વસ્થ બની હવે મારે ક્યાં જવું ! કૃષ્ણગઢ જવું ? નહિજ હવેતો મારે પ્રિતમના પ્રદેશ તરફજ પ્રયાણ કરવું. અને સત્ય વાર્તા વિદિત કરી મારે તેમનો હૃદય રોગ મટાડવો અને

મારે પણ કલંકથી મુક્ત થવું, પરંતુ મને આ પુરૂષ વેશમાં તેઓ ઓળખશે ખરા ? પરંતુ પ્રથમતો મારે આ વેશેજ ગુપ્ત રહી તેમની સાથે મૈત્રી રચી તેમના મનનું સમાધાન કરી મહારાપર આવેલું કલંક મ્હારે દુર કરવું. અને પછી મહારે પ્રસિદ્ધમાં આવવું.

આ પ્રમાણે સંકલ્પ કરી તે ત્યાંથી ઉઠી અને આગળ પ્રયાણ કર્યું થોડે દુર ગઇ ત્યાંતો એક લશ્કરે ત્યાં પડાવ નાંખી મુકામ કરેલો. આ જોઇ વીરમતીને જાણવા જીજ્ઞાસા થઇ કે-આ લશ્કર કોનું હશે કયાંથી આવતું હશે, અને કયાં જતું હશે ! આ જીજ્ઞાસા તૃપ્ત કરવા તેણે તે લશ્કરના એક માણસને એ વિષમાં માહીતગાર થવા સઘળી હકીકત પુછી જોઇ તે માણુસે પ્રત્યુત્તરમાં કહ્યું કે—કોઇ સરહદી કારણને લીધે વિજય નગર મહારાજા અને કૃષ્ણગઢ માહારાજા વચે બળવો જામ્યો છે અને તેથી આ લશ્કર કૃષ્ણગઢજ લડાઇ માટે જાય છે.

આ સાંભળી વીરમતીયે ધાર્યું કે આ લશ્કરસાથે મારા સ્વામિ ધીરસિંહ હશેજ કારણ કે સૈનીક કેળવણી એમને સારી ગ્રહણ કરી છે અને એ કળામાં એ નીપુર્ણ છે તેમજ લડાઇમાં ઉતરવાનો, જવાનો તેમને શોખ છે વળી પ્રમાદસિંહના કહેવા પ્રમાણે તે વિજયનગરમાં લશ્કરી ખાતામાંજ અધિકારીની જગોએ છે માટે અવશ્ય તેઓ આ લશ્કરમાં હશેજ માટે મારે પણ આ લશ્કરમાં દાખલ થવું-એમ ધારી વીરમતી તે લશ્કરના મુખ્ય ઉપરી સન્દારને મળી અને મારી શક્તિ પ્રમાણે હું પણ લડાઇમાં ઉતરી આપની સેવા બજાવીશ એવું કહેવાથી તે વિજયનગર સરદારેતેને પોતાની પાસે રાખી તે પુરૂષ પોશાકમાં હતી તેથી કોઇ તેને સ્ત્રી ધારતું નહોતું. આ પ્રમાણે તે વિજયનગર લશ્કરમાં દાખલ થઇ અને તેસરદાર પાશે નોકર તરીકે રહી.

પ્રકરણ ૬ ઠું.

વીરમતીના ધારવા પ્રમાણે તેનો પતિ પણ આ લશ્કરમાંજ હતો પોતાની વ્હાલી અપરાધી ઠરાવ છતાં તે તેને ભુલી શકયો નહોતો. સુગુણ સિંહ તરફથી તેને પત્ર મળ્યો હતો તેમાં તેણે જુઠું જણાવ્યું હતુ કે-આપની આજ્ઞા મુજબ મેં આપના વીરમતીનો જંગલમાં લઇ જઇ શીરચ્છેદ કર્યો છે. આ સમાચારથી ધીરસિંહના દુઃખમાં ઘટાડો થવાને બદલે ઉલટો વધારો થતો હતો તે જો કે વિજયનગર માહારાજા તરફથી વિજયનગર લશ્કર સાથેજ આવ્યો હતો. પણ તેનો વિચારતો કૃષ્ણગઢ માહારાજા તરફથીજ વિજયનગર લશ્કર સામે લડવાનો હતો તે વિજયનગર છોડતાં પહેલાં એવોજ નિશ્ચય કરી આવ્યો હતો કે વ્હાલી વીરમતી ગઇ મારે

મારે પણ હવે તેની પાછળ જવા લડાઇમાં કેશરીયા કરી પડવું અને કામ આવી જવુ. આમ કરવા છતાં પણ કદાચ જો હું જીવતોજ રહી જાઉં તો કૃષ્ણગઢ મહારાજ શ્રી આગળ મારે અપરાધી તરીકે રજુ થવું. તે ઓએ મને દેશનિકાલ કરેલો છતાં હું ફરી તેમના દેશમાં આવ્યો એ ગુન્હા માટે તેઓ તેમના બાંધેલા કાયદા પ્રમાણે મને મોતની રજા ફરમાવશે. માટે બેઉ રસ્તે હું આફાની દુનિયામાંથી મુક્ત તો થઇશ. અરેરે! વ્હાલી વીરમતી ભ્રષ્ટ થતાં મારૂં ચિત આ સંસારપરથી ઉઠીજ ગયું છે. આ સંસારમાં માત્ર ઇશ્વર ભકિતજ સાચી છે આવું દૃઢ જ્ઞાન થવાછતા પણ એ મૃતક વીરમતિ હજુ મારા મનનું આકર્ષણ કરે છે. હે! પરમાત્મા! આ કષ્ટમાંથી મને ઉગારો મારાથી રણસંગામમાં વાગતા ઘા સહન થાય છે પરંતુ આ દુઃખ મારાથી સહન થતું નથી. હે! જગતગુરૂ! મારા ચિતને વીરમતિ પરથી ઉપાડી લેઈ આપના ધ્યાનમાં મુક્ત કરો હે ઇશ્વર! મારા કાલાવાલા શ્રવણ કરો.

(નેના કસુંબી રંગ હોગયે એ રાગ.)

હરી તારો હું તારો, પ્રભુ તારો દીલાસો એક તારો.
ભવ ઉતારો પાર— પ્રભુ તારો દીલાસો.
દુઃખીયારો દુઃખીયારો, ભવ ખારો અતિ ભવખારો,
કૃપાનાથ ચઢોવાર—પ્રભુ તારો દીલાસો.
ઉગારો ઉગારો ઉગારો વિષયોથી ઉગારો
બક્ષી મરૂં વિશ્વાધાર—પ્રભુ તારો દીલાસો.
વિદારો વિદારો વિદારે વીટંબના વીદારો
શરણ આવ્યો દ્વાર—પ્રભુ તારો દીલાસો.
નીભાવો હું પાપી હું પાપી, હતાળુ નીભાવો
તુજવીણ નવ આધાર—પ્રભુ તારો દીલાસો એક તારો

આ પ્રમાણે ધીરસીંહ પણ આફાની દુનીયામાં મુક્ત થવા અને મરણને ભેટવા સજ્જ થઇ રહયો હતો વીજયનગર લશ્કર દરમજલ કુચ કરતું ત્યાંથી ઉપડયું.

સમરસીંહે વીચાર્યું કે એવડું બધું લશ્કર આપણને પકડવા માટે તો શું આવિતું હોય, પરંતુ લડાઇ અર્થે કયાંઇ જતું હશે વળી આપણને પકડવા અર્થેજ આવ્યું હોય તો આ ઘાટી ઝાડીમાં તપાસ માટે આવવું જોઇએ. પરંતુ એ આ તરફ આવ્યું નહી માટે કંઇ લડાઇ અર્થે જતું હશે. વળી તેણે વીચાર કર્યો કે આમ છુપાઇ રહેવા કરતાં કોઇ રાજાના સૈન્યમાં દાખલ થઇ યુદ્ધમાં ઉતરવું એ ક્ષત્રીય માટે અત્યુતમ છે.

આ પ્રમાણે વીચાર કરી સમરસીંહ એ કુમારો સહીત તે લશ્કર તરફ ગયો અને તેના ઉપરીને મળી એ કુમારો સહીત તે વિજયનગર સેનમાં જોડાઇ ગયો પુછતાં તેને જણાયું કે આ લશ્કર કૃષ્ણગઢ સર કરવા જાય છે પરંતુ કૃષ્ણગઢ માહારાજાના સૈન્ય સામે લડવા તેનું મન ખમચાયું કારણ કે તેમના પુત્રો પોતે ચોરવાથી તેમજ તેમના અન્નથી પોતાનું શરીર બનેલું હોવાથી તેનો વીચાર પણ ધીરસિંહ જેવોજ થયો એટલે કે તે પણ ધીરસિંહની પેઠે વિજયનગર લશ્કરમાં જોડાયો પરંતુ કૃષ્ણગઢ માહારાજા તરફથીજ વીજયનગર લશ્કર સામે લડવું એવો તેણે ગુપ્ત ઠરાવ કર્યો. કુમાર બળદેવસિંહ અને સુરસીંહને તેણે પોતાના કરેલા ઠરાવથી માહિતગાર કર્યા.

આ પ્રમાણે વીજયનગર લશ્કર કૃષ્ણગઢ તરફ કુચ કરી જાય છે તેવામાં માર્ગમાં તે લશ્કરના ઉપરી અમલદાર રાજસીંહની તબીયત એકાએક સહજ બગડી આવી તેથી લશ્કરને ત્યાં માર્ગમાંજ મુકામ કરવા તેણે હુકમ આપ્યો અને બીજે દીવસે કૃષ્ણગઢ જવું એવો ઠરાવ કર્યો.

રાજસિંહ પોતાના નોકર વીરમતીને ધીરસિંહને બોલાવા મોકલ્યો, આ હુકમ થતાંજ વીરમતી હરખાતી અતી ઉલટભેર પોતાના સ્વામીને બોલાવા ચાલી અને માર્ગમાં અનેક હૃદયોદ્ગાર કાઢતી ચાલી.

આહા! ઇશ્વરે કેવી કૃપા કરી! કેટલી મુદતે પ્રાણનાથના દર્શન થશે ખરાં પણ તેઓ મને ઓળખીતો નહી કાઢે! ના,ના, હું પુરૂષ પોશાકમાં છું તેથી મને તેઓ કેવી રીતે ઓળખશે! વળી હું મારૂં નામ ઠામ છુપુંજ રાખીશ, એટલે તેઓને પછી કોઇપણ તરેહની શંકા રહેશે નહી વળી વખત પણ રાત્રીનો છે તેથી હરકત જેવું નથી વળી તેઓ. હજુ મને કેટલે અંશે ચાહે છો એ પણ એમની વાત ચીત પરથી જણાશે. આહા! આજની રાત્રી કેવી રમણિય અને માંગલીક છે કે જે રાત્રિએ હું મારા પ્રિતમના દર્શનાર્થે જાઉં છું. પણ હું એમને શું કહી બોલાવું ! આજકાલ આપણી શાસ્ત્રીય અને લૌકિક રીતિ અનુસાર મારાથી એમનું નામ લઇ બોલાવાશે બળ્યું એમતો શરમ આવે છે અને જાણે કંઇક થાયછે ત્યારે વ્હાલા અને પ્રાણનાથ પણ કહેવાય નહી. ત્યારે શું કહીને બોલાવું! સૌથી સરસ માર્ગ તો એજ કે નામ લીધા વગરજ બોલાવવા એ પ્રમાણે વ્હાલાની વિચારમાળા ફેરવતી વીરમતી પુછતી પુછતી ધીરસિંહના તંબુ આગળ આવી પહોંચી, અને પહેરેગીર મારફત રજા મેળવી અંદર દાખલ થઇ.

આ વખતે ધીરસિંહ એક આરામ ખુરશીપર પડયો પડયો વીરમ-

તીનાજ લવારા કર્યા કરતો હતો જે પળે વીરમતી અંદર દાખલ થઇ તે પળે તેના મુખમાંથી નીકળતું આજ વાક્ય હતું વીરમતી ! વ્હાલી વીરમતી! તું શુદ્ધ ક્ષત્રાણી વીરબાળા થઇને ભ્રષ્ટ થઈ આ તને શું સુઝયું, વહાલી તું પણ ભ્રષ્ટ થઇ ત્યારે હવે સૃષ્ટિનો અંતજ આવ્યો હું સમજું છું. પોતાના પ્રાણનાથના મુખમાંથી આ વાક્યો નીકળતાં સાંભળી વીરમતી બોલી.

સાહેબ! સલામ સેનાધ્યક્ષ રાજસિંહજી સાહેબ આપને બોલાવે છે. પરંતુ ત્યાં જતાં પહેલાં મારી એક અરજ છે તે એ કે આપ વીરમતીનું નામ દઇ બોલાવતા હતા તે કોણ છે?

ધીરસીંહ—ભાઇ! તે પુછવાનું તમારે શું પ્રયોજન છે?

વીરમતી—બીજું તો કાંઇ નહી પરંતુ એક વીરમતિ નામની કુમારી કાને કષ્ણુગઢના કોમ સુગુણસિંહ નામના ક્ષત્રિપુત્રે તેના મીત્રની આજ્ઞાથી પાસેના જંગલમાં તેનો શીરચ્છેદ કર્યો અને તે બીચારી વ્હાલા ધીરસીં! વ્હાલા ધીરસિંહ! એમ આક્રન્દ કરતી તરફડતી જમીનપર પડી અને મરણ શરણ થઇ આપે વીરમતીનું નામ લીધું તેથી મને શંકા ઉપજી કે જેનું આપ નામ લ્યો છો તે વખતે એ વીરમતી તો ન હોય!

ધીરસીંહ—ભાઇ. તમે કોણ છો? તમારે ને એને ક્યાંથી ઓળખાણ? એનો શિરચ્છેદ કર્યો તે વખતે તમે ત્યાં હતાં!

વીરમતિ—સાહેબ! હું આ પાસેના ગામડામાંજ રહું છું ખેતીનો ધંધો કરૂ છું લડાઇ જોવાનો શોખ થવાથી આપણા સાહેબ પાસે આવી નોકર રહ્યો છું મેં પોતેતો એ વખતે હાજર નહોતો પરંતુ મારો એક ભાઇ તે તેખતે ત્યાં જઇ પહોંચ્યો. અને તેણે મને એ સબંધી સઘળી વાતચીત કરી. સાહેબ! એ વીરમતિ સાથે આપને કંઇ સંબંધ હતો?

ધીરસીંહ—ભાઇ! સંબંધ વિશે શું વાત કરોછો! એની સાથે તો મારો ગાઢો સ્નેહ હતો.!

વીરમતિ—ત્યારે તો તમેજ એ બીચારીનો તમારા મિત્ર દ્વારા શીરચ્છેદ કરાવ્યો હશે!

ધીરસિંહ—હા ભાઇ! થયું તો તેવુંજ, પણ હવે મને વિચાર આવે છે કે મારી સજા ક્રુર હતી પરંતુ તેણે ગુન્હો પણ એવો ભારેજ કર્યો હતો.

વીરમતિ—તમે આ પરથી જાણ્યું કે એ ગુન્હેગારજ હતી.!

ધીરસિંહ—મારી આપેલી સ્નેહ મુદ્રીકા તેણે બીજાયે આપી તે પરથી તેમજ અન્ય બીજા કારણોથી,

વીરમતિ—વારૂ તમે હમેશાં નિંદ્રામાં સાવધ રહોછો ! કદાચ તમારો કોઇ શતરૂ તમારા કોઇ માણસને દ્રવ્યથી ફોડી, તમને જરા ઘેન વાળો ખોરાક ખવરાવી તમને બેશુદ્ધ કરે, તે સમયનો લાભ લઇ તે તમારો શતરૂ રાત્રીની વખતે તમારી આંગળીમાંથી હળવે રહી વીંટી સરકાવી લે તો તેનું તમને ભાન રહે ખરૂં !

ધીરસિંહ—ના, એવું કપટ રચાયતો વખતે ભાન ન પણ રહે.

વીરમતિ--ત્યારે આ કાર્યનાં તમે અવિચારી સાહસિક પગલું ભર્યું નથી?

ધીરસિંહ—તમારા કહેવા મુજબ એમાં જો કંઇ કપટ રચાયું હોય તો તો મારાથી એક નીચમાં નીચ રાક્ષસી ઘોર કૃત્ય થયું કહેવાય

વીરમતિ—વારૂં વિરમતી તમને અંતઃકરણપુર્વક ચાહતી હતી ખરી

ધીરસિંહ—અલબત તેમને ખરા શુદ્ધ અંતઃકરણથી ચાહતી હતી અને તેથીજ મેં તેના માટે મારા મિત્ર પ્રમાદસિંહ સાથે સરત પાડી હતી

વીરમતી—તમે વિરમતિના અંતઃકરની શુદ્ધતા વિશેષ ગણો છો કે પ્રમાદસિંહના અંતઃકરણની! બેઉ હૃદયો કરતાં કયા હૃદય તરફ તમને અંતરથી વિશેષ શ્રદ્ધા છે!

ધીરસીંહ--વીરમતીના અંતકરણની શુદ્ધતા વિશેષ ગણું છું. અને એ અંતઃકરણ સાથે મારે પ્રસંગ પણ વિશેષ પડયો છે.

વીરમતિ—વીરમતિના શુદ્ધ અંતઃકરણપર આપને દ્રઢ વિશ્વાસ હતો વા પછી પ્રમાદસિંહની વાત એકાએક વિચાર શુન્ય બની કેમ માની લીધી, અને માની લીધી તો વીરમતીને મળી સાચ જુઠનો નિર્ણય કરી પછીજ આવું નિરદય ક્રૂર પગલું ભરવું હતું.

ધીરસિંહ—બાઇ! તમારૂં કહેવું યોગ્ય છે. મારાથી અતિ સાહસજ થઇ ગયું છે હું આ બાબતના નિર્ણય માટે તેણીને રૂબરૂમાં હોતતો સારૂં થાત ! પણ બાઇ? તમે શું ધારો છો ! એ નિરદોષજ હતી ! અરરરર ! ક્રૂરપાપી ધીરસિંહ ! જો એમજ હોયતો તેં જુલમ કર્યો. બાઇ ! તમે એવિશે કંઇ જાણતા હોતો કહોને મને.

વીરમતિ—સાહેબ ! એ વિશે હું કંઇ જાણતો નથી. ચાલો હવે સત્વર સેનાપતિ સાહેબની તબીયત જરા નરમ છે માટે તમને તાકીદે બોલાવે છે !

ધીરસિંહ—બાઇ ! તમારા પર મને શા કારણથી આટલો પ્રેમ ઉત્પન થાય છે તે હું સમજી શકતો નથી પરંતુ જો હું મારા મનનું કંઇ

કારણ કહું તો તમને ખોટું તો નહી લાગે ?

વીરમતિ— એમાં ખોટું શાનું ! જે કહેવાનું હોય તે બેલાશક કહોનેસાહેબ

ધીરસિંહ—ત્યારે ખોટું લગાડશો નહિ કહુછું. તમારા મુખના જેવીજ આકૃતિ મારી વીરમતીનીજ હતી. સ્વર પણ આબેહુબ તમારા જેવોજ હતો. બોલવાની ઢબ અને વાણીમાં મીઠાસ પણ તમારા જેવીજ હતી. તમને જ્યારથી જોયા ત્યારથી મને વીરમતિ બ હુજ સાંભરી આવી છે.

વીરમતિ—જોજો, સાહેબ વીરમતીની પ્રેમની ધુનમાંને ધુનમાં મને વીરમતિ સમજી કંઇ અડપશે કરી બેસતા આપના જેવા અમલદારોથી તો વેગળાજ સાર નહિતો વીરમતી જેવી કંઇક અમારી પણ વીના ગુન્હો તપાસે વિચાર સુન્ય બની હલે કરો,

ધીરસિંહ—નારે બાઇ એમ તે શું હું મુર્ખ છું કે સ્ત્રી અને પુરૂષને પણ ન ઓળખી શકું !

વીરમતિ—હા સાહેબ, હા આપ સ્ત્રી અનેપુરૂષને ઓળખીજ શકતા નથી ત્યારે મને પણ કયાંથી ઓળખી શકો.

ધીરસિંહ—એમ કેમ બાઇ !

વીરમતિ—સ્ત્રી અનેપુરૂષને જો તમે ઓળખતાજહોતતો પ્રમાદસિંહઅને વીરમતિ બેઉની પરીક્ષા તમે કરીજ શકત, પરંતુ બેઉમાંથી એકને તમે ઓળખી શકયા નહિ તેથીજ બીચારી વીરમતિને વ્હાલા ધીરસિંહ ! મારી તરફ છેક આવું ક્રુર પગલું ભર્યું ! હશે, આપનો જય થાઓ એમ વિલાપ કરતાં દેહઝોડવો પડયો

ધીરસિંહ—અરરરરરા બાઇતમે એ વાત જવાદો. તમે એ વાત ઉચ્ચા રોછો ને મારા રદયમાં ગુપ્ત વજ્ર પ્રહાર થાય છે હું સત્વર તેને ભેટવા અને નિર્દોષ હશે તો તેની માફી માગવા જે લોક માં એ બીરાજતી હશે, ત્યાં જઇશ મને હવે મારૂં જીવન આ કારૂં ઝેર પડયું છે.

વીરમતિ—સાહેબ ! તમને પણ શાબાશ છે કે મેં વીરમતી વિશે વાત કરી એટલે મનેજ વીરમતી જેવોજ બનાવ્યો હું જરા વીરમતિ ના ચહેરાને મળતો આવુંછું તેમાં તમે મને આટલે દરજ્જે ચાહોછો ત્યારે તમે વીરમતિને તો કેટલેય અંશે ચાહાતા હશો વાહ સાહેબ-(આવો તે બાળા તરફ પ્રેમ હોવા છતાં આપે આ શું કર્યું.

ધીરસિંહ—બાઇ ! એના માટે મારા હદયમાં શું દુઃખ થાય છે એ હું

જાણ્યુંછું અને સહન કર્યુંછું. બાઇ તમારા જેવી વીરમતીની આ કૃતિ હતી એત મેં કહ્યું તેની તમે મારી હાંસી કરોછો !

વીરમતિ—નારે સાહેબ ! મારાથી આપની હાંસી થાય ! પરંતુ જો મારો વિચાર આપની છુટ લઇ આપની હાંસી કરવાનો થાય તો હું સ્ત્રી પોશાકમાં આપને રાત્રી વખતે મળું તોતો આપ મનેજ મારી વાહાલી વિરમતી કહી બેડી પડો, ખરૂં કે નહી મારાસાહેબ

ધીરસિંહ—જાઓ જાઓ બાઇ ! એમ શું ઉપહાસ કરો છો ! એટલું બધું તે વળી અંધારામાં જાય.

વીરમતિ—ઠીક સાહેબ, વખત આવે એ પણ બતાવીશું.

ધીરસિંહ—ના ભાઈ ના, એવી મશ્કરી ન કરતા.

વીરમતિ—નારે સાહેબ! એવી મશ્કરી તે થાય ! હું તો સહજ હસ્યું.

ધીરસિંહ—પણ બાપ તમારૂં નામ શું.

વીરમતિ—મારૂં નામ વીરસિંહ છે.

ધીરસિંહ—વાહ, નામતો બહુ પ્રિય લાગે તેવું છે,

વીરમતિ—કેમ પ્રિય લાગે તેવું ન હોય ! વીરમતિ અને વીરસિંહ બેઉ નામો મળતાં આવ્યાં એટલે પ્રિય લાગે એમાં શી નવાઇ !

ધીરસિંહ—વીરસિંહ તમે તો આનંદી સ્વભાવના છો, વાત વાતમાંય મશ્કરી ચલાવો છો.

વીરમતિ—તમે પણ સાહેબ કયાં આનંદી નથી.

એ પ્રમાણે ધીરસિંહ અને વીરમતિ અન્મોન્ય વચ્ચે ઉપહાસ કરતાં સેના પતિના તંબુએ આવી પહોંચ્યા અને તંબુની અંદર દાખલ થયા. ધીરસિંહને જોઈ સેનાપતી રાજસિંહે કહ્યું

બાઇ ! આજ મારી તબીયત જરા નરમ હોવથી આપણે અહિં મુકામ કરવા જરૂર પડી છે. કેટલાક ઔષધી ઉપચારોથી હવે મારી તબીયત જરા ઠીક છે, આપને પણ તેથીજ બોલાવ્યા હતા, ધીરસિંહે કહ્યું આપની તબીયત દુરસ્ત થયેલી જાણી મને આનંદ થયો છે.

બીજે દિવસે પ્રાતઃકાળ થતાં વિજયનગર સૈન્ય ત્યાંથી કુચ થયું અને કૃષ્ણગઢ આવી પહોચ્યું કૃષ્ણગઢ માહારાજાને પ્રથમથીજ ખબર હતી કે વિજયનગર માહારાજાનું સૈન્ય તેના રાજ્યપર ચઢાઇ કરવા આવે છે તેથી તેણે પ્રથમથીજ લડાઇની તૈયારી કરી રાખી હતી. વિજયનગર લશ્કર જેવું લડાઇના મેદાનમાં આવ્યું તેવુંજ કૃષ્ણગઢ માહારાજાનું સૈન્ય પણ લડાઇના મેદાનમાં તેની સામે મડવા તૈયાર થઇ ઉભુંજ હતું. બેઉ લશ્કર વચ્ચે દારૂણ યુદ્ધ ચાલ્યું પહેલા હુમલામાં કૃષ્ણગઢ માહારાજાનું સૈન્ય હાર ખાઇ

પાછું હઠયું અને કૃષ્ણગઢ મહારાજા પ્રતાપસિંહ પકડાઇ જવાની તૈયારીમાં હતા પરંતુ એવામાં એમની મદદે ધીરસિંહ સમરસિંહ અને પ્રતાપસિંહ માહારાજાના બે પુત્રો બળદેવસીંહ અને સુરસિંહ ધસી આવ્યા અને મરણીયા થઇ જીવપર આવી એવા લડયા કે માહારાજા પ્રતાપસિંહ પકડાતાં બચી ગયા અને વિજયનગર માહારાજાના અસંખ્ય લડવૈયાઓ કપાઈ મુઆ અને અંતે વિજયનગર સૈન્યને પાછા હડવું પડ્યું અને રાત્રિ પડી જતાં તે દીવસે લડાઇ બંધ રહી.

બીજે દિવસે રણસીંગાનો અવાજ સંભળાવો શરૂ થયો, ઘોડાઓના હણહણાટ સંભળાવા લાગ્યા, વીર લડવૈયાઓ આવેશમાં આવી લડાઇના મેદાનમાં હારબંધ ગોઠવાઇ ગયા બંને લસ્કરના સેનાપતિયો સેના યુદ્ધ રચવામાં ગુંથાયા અને સર્વ લડવૈયાઓને શુર ચડે તેવું જુસ્સાબંધ ભાષણ કર્યું. ધીરસિંહે યુદ્ધમાં બહાદુરી બતાવી કૃષ્ણગઢ માહારાજાને કેદ થતા બચાવી વિજયનગરના સઇન્યને ગયા હુમલામાં પાછું હઠાવ્યું હતું તેથી કૃષ્ણગઢ માહારાજા ધીરસિંહપર પ્રસન થઇ પોતાના લશ્કરના સેનાપતિનું કામ તેને સોંપ્યું હતું, તેથી ધીરસીંહનો ઉમંગ વધ્યો હતો. અને ગયા હુમલામાં તે જે શૌર્યથી લડયો હતો તેના કરતાં આજ વિશેશ શૌર્યથી લડવું અને સેનાની ગોઠવણ પણ જીત થાય તેવીજ કરવી એવો તેણે ઠરાવ કર્યો હતો એ ઠરાવ પ્રમાણેજ તેણે લશ્કરને ગોઠવ્યું અને ગોઠવી રહ્યા પછી તે પોતાના શુરા લડવૈયાઓ પ્રત્યેં બોલ્યો મારા બહાદુર વીરો ! પોતાના દેશ માટે પોતાના માલીક માટે, જન્મ ભુમી માટે, સ્વધર્મ માટે, અને પોતાના માતા પીતાની રક્ષા માટે મરવું એ મરવું નથી પણ જીવવુંજ છે ક્ષત્રીયોનું એજ કર્તવ્ય છે. એજ અમર નામ રાખવાનો માર્ગ છે. રણસંગ્રામમાં શૌર્ય દાખવી મરણને ભેટવું એજ શુરા ક્ષત્રીયોને સ્વર્ગ મેળવવા તુલ્યછે અને અવીચળ નામ રાખવાનો માર્ગ છે જે દેશમાં આવા શુરા વીરો નથી તે દેશ સદા રંકજ છે. પરતંત્રજ છે. જે માલીકના અન્નથી અપણા દેહો બંધાયા છે તે દેહોને આપણા માલીકના રક્ષણ માટેજ. આપણા દેશની ઉન્નતિ માટેજ સમર્પીત કરવા એજ આપણો ક્ષત્રીયોનો ધર્મ છે. આ પ્રમાણે ધીરસિંહનું શૌર્યપુર્ણ ભાષણથી સઘળા લડવૈયાઓ આવેશમાં આવી ગયા અને જુસ્સાબંધ વિજયનગર સૈન્યપર ધસ્યા અને તુટી પડયા આ સખત હુમલાથી વિજયનગર સઇન્યમાં ભંગાણ પડયું. કેટલાક લડવૈયાઓ કપાઈ મુઆ અને કેટલાક રણભુમી છોડી નાસીગયા આથી વિજયનગર સૈન્યાધીપતી રાજસિંહ લશ્કરના મોખરે ધસી આવ્યો અને પોતાના લડવૈયાઓને શુર ચડાવતો લડવા લાગ્યો પોતાના અમલદારને શુરથી સ-

હતાં જોઇ તેમને પણ શુર ચડયું, અને કૃષ્ણગઢ લડવૈયાઓને હંફાવી નાંખ્યા અને કેટલાએક શીશ ધડથી જુદાં કર્યા આ જોઇ ધીરસિંહ એક અકદમ પોતાના અશ્વને કુદાવી આગળ ધસી આવ્યો અને બેઉ સેનાપતીયો વચ્ચે દારૂણ યુદ્ધ જામ્યું રાજસિંહે ધીરસિંહને કહ્યું ધીરસિંહ તમે છેવટ દગો કરી શત્રુના સઇન્યમાં દાખલ થયાછો પણ તેનો બદલો આજને આજ હું તમને આપનાર છું આ સાંભળી ધીરસિંહે કહ્યું.

રાજસિંહ, માહારાજ પ્રતાપસિંહનું રાજ્ય એ હું મારૂં પોતાનુંજ સમજુ છું મારા એ શીરછત્રરૂપ છે તેમણેજ મને પુત્રરૂપે ઉછેરી મોટા કર્યોછે તેથી તેમના માટે મારે લડવુંજ જોઇયે. રાજસિંહ, આકળ વિકળ થાઓમાં તમારામાં કેટલું પાણીછે એ જોવાની ખાતરજ હું આગળ ધસી આવ્યોછું માટે જોઉંતો ખરો કે તમારામાં કેટલું પાણી છે.

આ સાંભળતાંજે રાજસિંહ પુર્ણ ગુસ્સાના આવેશમાં આવી તેણે પોતાનો ઘોડો ધીરસિંહ તરફ કુદાવ્યો અને ધીરસિંહપર તરવારવતીએક સખ્ત ઘા કર્યો. જેવો તેણે ધીરસીંહપર ઘા કર્યો તેવોજ ધીરસીંહે તે ઘાને ચુકાવી પોતાના ઘોડાને એકદમ કુદાવી રાજસિંહપર એવો સખ્ત ઘા કર્યો કે જો તે તેની પાસેજ રક્ષા માટે રહેલી વીરમતીએ પોતાની ઢાલપર ઝીલી લીધો ન હોતતો તેનું શીશ ધડથી કેટલેય દુર જઇ પડયું હોત આ જોઇ ધીરસિંહે વીરમતિને કહ્યું.

શાબાશ છે વીરસિંહ, તમે ખરેખરી સમયસુચકતા વાપરી અત્યારે તમારા ઉપરીને બચાવ્યોછે નહીંતો અત્યારે એનું શિષ કયંઇ દુર જઇ પડયું હોત વિરમતિયે કહ્યું.

ધીરસિંહ! શાબાશછે તમારા બાહુબળને કે આવી મજબુત ઢાળમાં પણ તમારા ઘાએ આટલો માર્ગ કર્યો છે.

ધીરસિંહે, સંપુર્ણ આવેશમાં આવી લઢવા માંડયું, વિજયનગર સેનાપતિની આસપાસ હેની રક્ષા માટે કેટલાક લડવૈયાઓ ગોઠવાઇ ગયા ધીરસિંહની બે બાજુએ પણ સમરસિંહ બલદેવસિંહ અને શુરસિંહ આવી પહોંચ્યા, અને ખુનખાર લડાઇઓ ચાલી બંન્ને પક્ષના હજારો લડવઇયા રણમાં પડયા, અને વિજયનગરના ઘણા લડવઇયાઓ કપાઇ મુઆ અને અંતેતેમનીEહારથઇ સેનાપતી રાજસિંહ વીરસિંહ(વીરમતી) અમે પ્રમાદસિંહ વગેરે કેદ પકડાયા, અને તેમને કૃષ્ણગઢ માહારાજા પ્રતાપસિંહની રૂબરૂમાં લાવવામાં આવ્યા.

પ્રકરણ ૭ મું.

ધીરસિંહ, વિરમતીના પ્રેમ પાછળ ઘેલો બન્યો હતો, અને વિરમતી દુષિતછે કે નિરદોષ છે એ વિશે હેનો હજુ સ્પષ્ટરીતે નિર્ણય થયો ન

હોતો. તેનો વિચાર આ લડાઇમાં કેસરીઆં કરી મરવાનોજ હતો. કારણ કે વીરમતી જતાં લ્હેનું જીવન લ્હેને અકારૂં થઇ પડયું હતું. આ લડાઇમાં પોતે બચી ગયો તોપણ હજુ તે માહારાજા પ્રતાપસિંહનો ગુન્હેગાર હતો. કારણ કે લ્હેને દેશનીકાલની સજા કરેલી છતાં તે હુકમનો અનાદર કરી તે કૃષ્ણગઢ આવ્યો હતો તેથી તે મોતની સજાને પાત્ર હતો આ સજા ખમવાને માટે તેપણ ગુન્હેગારરૂપે કૃષ્ણગઢ માહારાજાથી સમક્ષ ઉભો અને મોતની સજા ખમવાને માટે તે તઇયાર હતો.

સમરસિંહા અને (માહારાજાના બે કુમાર) બલદેવસિંહ તથા સુરસિંહને પણ તેઓએ લડાઇમાં સારી બહાદુરી બતાવવાથી તેમને ઇનામ આપવા દરબારમાં બોલાવવામાં આવ્યા હતા આ પ્રમાણે કૃષ્ણગઢ માહારાજાના દરબામાં વીજયનગર સેનાપતી રાજસિંહ લ્હેના વફાદાર નોકરરૂપે વીરસિંહ (વીરમતી) વીરમતીપર ખોટું આળ ચડાવતાર પ્રમાદસિંહ, ધીરસિંહ, સમરસિંહ, માહારાજાના બે પુત્ર બલદેવસિંહ અને સુરસિંહ વગેરે સર્વ પોત પોતાના મનમાં અનેક સંકલ્પ વીકલ્પ કરતા ઉભા હતા. વીરમતીની દ્રષ્ટિ ધીરસીંહપર પડતાં તેનીયે લ્હેને ઓળખી કાઢયો હતો પરંતુ ધીરસીંહ તો તેનીને વીજયનગર સેનાપતી રાજસીંહનો એક ખરો નીમકહલાલ નોકરજ સમજતો હતો. વીરમતીએ, સમરસીંહ, બલદેવસીંહ અને સુરસીંહને પણ ઓળખી કાઢયા હતા કારણ કે જંગલના ભોંયરામાં તે તેમની સાથે રહી હતી અને બલદેવસીંહ તથા સુરસીંહ સાથે તેને સારી માયા થઇ હતી, પરંતુ તેઓ તેના ભાઇઓ છે એવું તે જાણતી નહોતી જે પળે તેણીની દ્રષ્ટી બલદેવસીંહ તથા સુરસીંહપર પડી તેજ પળે સુરસીંહની દ્રષ્ટી પણ તેણીનાપર પડી. પડતાંજ શુરસીંહે વીરમતીને ઓળખી કાઢી અને તેણે તેના વડા ભાઈ બલદેવસીંહને કહ્યું:—

ભાંઇ! જુઓ પેલો વીરસીંહ ભાઇ! આપણી સાથે ત્રણ ચાર દીવસ ભોંયરામાં રહયો હતો તે, પરંતુ ભાઇ એ તો મરણ પામ્યો હતો અને આપણે તેની લાસને જંગલમાં મુકી આવ્યા હતા અને એ જીવતો કયાંથી રહયો! આ સાંભળી બલદેવસીંહે પણ તેના સામું જોયું અને તેને બરાબર ઓળખ્યો. કારણ કે તેનો પોશાક એનોએજ હતો, તેથી તેણે શુરસીંહને કહ્યું:-

'ભાઇ! છે તો એ વીરસીંહજ! પણ મુએલો એ જીવતો કેવી રીતે થયો હશે! પરંતુ ભાઇ, હાલ એ વાત બંધ કરો અને દરબારમાં સરવનો શું ન્યાય ઉતરે છે તે જુઓ.

સરવને તપાસતાં વીરમતીની દ્રષ્ટી, પોતાને કલંકીત કરનાર દુષ્ટ પ્રમાદસીંહપર પડી. એ પણ પોતાની માફક કેદી તરીકેજ ઉભો હતો

વીરમતીએ તેને બરાબર ઓળખ્યો તેથી તેના અંતઃકરણમાં ત્હેનું વેર સાલવા લાગ્યું. વળી ધીરસીંહે પ્રેમની યાદગીરીમાં, તેણીને જે વીંટી આપી હતી અને જે તે ચોરી ગયો હતો તે વીંટી અત્યારે તેણે આંગળાયે જ પહેરી હતી આથી તેની પુરેપુરી ખાતરી થઇ કે એજ દુષ્ટ પ્રમાદસિંહ છે, પરંતુ ફીકર નહિ હવે તેને તેના દુષ્ટ કર્મનો બદલો આપવાનો સમય નજીકમાં આવ્યો છે. વીરમતિ પોતાના પિતાનાજ રાજદરબારમાં એક બંધિવાન તરીકે ઉભી હતી પરંતુ મહારાજા તેણીને પોતાની પુત્રી રૂપે ઓળખતા નહોતા કારણ કે દુઃખથી એના શરીરનો રંગ બદલાઇ ગયો હતો તેમજ એ ગરીબ છોકરાના પોશાકમાં હતી.

વિજયનગર સેનાપતિ રાજસિંહ કે જે અમીરી સ્વભાવનો અને રાજવંશી કુળનો બહાદુર યોધ્ધો હતો અને જે અત્યારે કેદીરૂપે કૃષ્ણગઢ માહારાજા સમક્ષ ઉભો હતો તેણે મહારાજાને નમૃતા પૂરવક નીચે પ્રમાણે અરજ કરી.

નેકનામદાર માહારાજશ્રી! મારા સાંભળવામાં આવ્યું છે કે આપ આપના કેદીયોને છોડવાના પૈસો લેતા નથી, પરંતુ તેમને મોતની શિક્ષાજ ફરમાવો છો. હું એક શુદ્ધ ક્ષત્રીય પુત્ર છું અને મારૂં એ શુદ્ધત્વ જાળવી હું મરણને ખુશીથી ભેટીશ, પરંતુ મહારે એક બાબત માટે આપને નમ્ર કાલાવાલા કરવાના છે માટે જો આપ નામદારની આજ્ઞા થાય તો હું એ બાબત આપને રોશન કરૂં.'

માહારાજાએ કહ્યું-રાજસિંહ! જે બાબત માટે તમારે જે કાંઇ કહેવાનું હોય તે ખુશીથી કહો, તમારૂં સઘળું હું સાંભળીશ. આ સાંભળી રાજસિંહે, પોતાની પાસે રહેલા નવા નોકર વિરસિંહ કે જેણે તેનો લડાઇમાં પ્રાણ બચાવ્યો હતો, તેની તરફ આંગળી કરી કહ્યું.

માહારાજશ્રી! આ છોકરો આપના કૃષ્ણગઢમાંજ જનમ્યો છે અને અહિંજ ઉછર્યો છે, મહારી પાસે તો થોડા દીવસથીજ નોકર રહ્યો છે કોઇપણ શેઠને આવો માયાળું અને નિમકહલાલ નોકર ભાગ્યેજ મળ્યો હશે. એણે કોઇપણ કૃષ્ણગઢીને ઇજા કરી નથી માટે એ કોઇપણ રીતે આપનો ગુનહેગાર નથી. માટે આપ કોઇને પણ ન બચાવો તોપણ એને તો બચાવો.

માહારાજાએ આતુરતાથી પોતાની પુત્રી વીરમતી તરફ જોયું પરંતુ છુપાવેશમાં તેણે ત્હેને ન ઓળખી, પણ કુદરતી રીતેજ ત્હેના અંતઃકરણમાં તેને જોતાંજ વહાલ પ્રગટયું અને દયા ઉપજી અને દયા ઉપજતાંજ તેઓ બોલ્યા.

' મને લાગે છે કે મેં આ છોકરાને સારી રીતે દીઠો છે. એના

મુખનો આકાર મને પરીચિત જેવો જણાય છે. હું સમજી સકતો નથી કે એને જોતાંજ મને એની તરફ શા કારણથી અસાધારણ વ્હાલ ઉત્પન્ન થાય છે. અને છોકરાનું ચીરંજીવી રહે એવું મને અંતઃકરણમાંથી કોણ બોલાવે છે? છોકરા! તહારાપર અને અતિશય પ્રેમ ઉત્પન થાય છે તારે મારી પાસે જે કાંઈ માગવું હોય તે ખુશીથી તું મારી પાસે માગી લે હું તે તને આપીશ, કોઇપણ કેદીની તું જીંદગી માગીશ, તો તેપણ હું તહને આપીશ.

વીરમતીએ ઉત્તર આપ્યો—આપ નામદારની મારાપર અપુર્વ કૃપા માટે હું આપ નામદારનો આભાર માનું છું.

દરબારમાં એકત્ર થયેલા સર્વ મનુષ્યો, તે છોકરો શું માગે છે? તે સાંભળવાને સર્વ એક ચિત્તે સાંભળવા અત્યાતુર થયા. એવામાં તે છોકરાના શેઠ રાજસિંહે કહ્યું, વીરસિંહ! મારી જીંદગીની મને જરૂરનથી પણ હું ધારૂં છું કે તું તેજ માગીશ.

આ સાંભળી વીરસીંહે (વિરમતી) કહ્યું—દીલગીરી એમ નથી સાહેબ. મેં કંઈ બીજુંજ ધાર્યુંછે, હું તમારી જીંદગી માગનાર નથી.

આ સાંભળી વિજયનગર સેનાપતી રાજસિંહ આશ્ચર્ય પામ્યો. પછી વીરમતી દુષ્ટ પ્રમાદસિંહ તરફ ફરીને એટલુંજ જાણવા માગ્યું કે, આ વીંટી જે તેણે અત્યારે આંગળીમાં પહેરીછે તે કયાંથી આવી? તેવિશે તેણે સ્પષ્ટ ખુલાસો કરવો. માહારાજા પ્રતાપસિંહે વીરમતીની આ વાતને સ્વીકારી, પ્રમાદસિંહને ધમકી સાથે કહ્યું—આ વીંટી તેની પાસે કયાંથી આવી એ વિશે જો તે સ્પષ્ટ રીતે ખુલાશો નહી કરે તો તેને રીબાવી રીબાવીને મારવામાં આવશે. આ ધમકીથી ડરી જઇ પ્રમાદસિંહે પોતાની લુચ્ચાઇ વીશેની સઘળી વાત કબુલ કરતાં ધીરસીંહ સાથેની પોતાની સરત અને જીતવા માટે તેણેકરેલી લુચ્ચાઇ માહારાજાને કહીસંભળાવી

પોતાની પતિ નીરદોષતાની વાત પ્રમાદસિંહના મુખમાંથી નીકળતી સાંભળતાંજ ધીરસીંહના શોકનો પાર રહ્યો નહીં અને સુકોમળ હૃદય ક્ષેત્ર પટપર એકાએક વજ્રપ્રહાર થયો હોય તેવું થયુ. તે એકદમ ભર દરબાર વચ્ચે બોલી ઉઠયો.

ઓ પાપી ઓ ચંડાલ ધીરસિંહ, કાળો કેર થયો, કુરતાની હદ વળી જુઓ સુકોમળ ખીલતી કળીને તેં રાક્ષસ બની કચરી નાખી, છુંદી નાંખી, ઓ પાપી ધીરસીંહ, આ ઘોર પાપમાંથી તું હવે કેવી રીતે છુટવા પામીશ? વીરમતી! શુદ્ધ પવિત્રમુર્તી! તું કયાં લોપ થઇ? અરરર! વીના અપરાધે તારો શીરચ્છેદ અરરર! પાપી જુલમ થયો! વીરમતી ચતુરમતી વ્હાલી વીરમતી! તું કયા લોકમાં બીરાજે છો તારી પરોક્ષમા

યાચવાને માટે મને તારી સમીપ આવવા મને તું રજા .આપીશ !" અરરરર ! હવે તો આ પાપીના પડછાયાથી ઉલટી તુ અશુદ્ધ થઇશ,એ પ્રમાણે બોલતો તે માહારાજા પ્રતાપસિંહ પાસે આવ્યો અને બોલ્યો.

પુજ્ય પીતાશ્રી રૂપ માહારાજશ્રી! હું આપનો મહાન અપરાધી છું આપની વ્હાલી:પુત્રી વીરમતીનું વીના વાંકે ખુન કરાવનાર હું પાપી છું. મારા જેવો પાપી હવે આ સંસારમાં ક્ષણ પણ રહેવા યોગ્ય નથી મારાથી હવે આ ભુમી ભ્રષ્ટ થાય છે. મારા જેવા ઘોર નરકમાં જનાર પાપીને આપ રીબાવી રીબાવીને મારો તોપણ તે શિક્ષા તેના ઘોર કૃત્ય માટે પુર્ણ નથી. માટે માહારાજશ્રી? આ પાપીને હવે સત્વર ત્હેના પાંપનો બદલો આપો? એમ બોલતો.તે માહારાજશ્રીના ચરણમાં પડયો.

વીરમતી પોતાના સ્વામીને આ દુખદ સ્થિતીમાં વિશેશ વખત જોઇ ન શકી અને તેને સ્ત્રી પોશાક ઉપર પુરૂશ પોશાક પહેર્યો હતો તે ઉતારી નાંખી. એકદમ આગળ દોડી આવી અને એ પણ માહારાજશ્રીના ચરણકમળમાં પડી. માહારાજશ્રી અપુર્ણ અજાયબી ભરેલા દેખાવથી ચકીત થઇ પુણ હર્ષમાં ગાજી ઉઠયા. કોણ બેટા વીરૂ

'હા પીતાશ્રી હું આપની વીરૂ.

'શાબાશ છે બેટા તારા શુદ્ધ પ્રેમને વીરત્વને અને સત્ય નીતિ રીતીને! એમ બોલતા ઉભા થઇ વીરમતીને બેઠી કરી. તેનાપર વાત્સલ્ય પ્રેમ પ્રવાહમાં.હાથ ફેરવવા લાગ્યા અને પોતાની પાસે બેસાડી.

ધીરસિંહ તો આ સ્વપ્નમાં પણ ન ધારી શકાય એવો આશ્ચર્યજનક અવર્ણનીય આનંદપ્રદ દેખાવ જોઇ હર્ષઘેલો બની ગયો અને એ કાંઅક બોલી ઉઠયો—આહા શું વીરમતી આયુષમાન છો કેવી અજબા ! માહારાજાને પુત્રી દર્શનથી આનંદમાં આવી જઇ ધીરસીંહ પ્રત્યે બોલ્યા—

'ધીરસીંહ ! હું તમારાથી સંતુષ્ટ છું તમારાથી જે અપરાધ થયો છે. તે કેવળ આ દુષ્ટ પ્રમાદરાયના તર્કટથીજ થયો છે તેથી તમે નીર્દોષ છો તમને ભમાવનાર એ દુસ્ટજ છે. તમારો પ્રેમ મારી વીરમતી સાથે દ્રઢ છે એમાં હવે કંઇપણ શંકા જેવું નથી, તેમ તમે સરવપ્રકારે મહારી વીરમતીને માંટે યોગ્ય છો તમારી શુધ નીતી રીતિથી મહને આનંદ થાય છે તેમજ તમારૂં પ્રસંસનીય શઉર્ય મેં આ લડાઇમાં સારી રીતે અવલોકયું છે. તમેજ મહને આ યુધમાં જીત આપનાર છો ધીરસિંહે કહ્યું.—

' માહારાજશ્રી ! ભલે આપ મ્હને ક્ષમા આપો મ્હારૂં પાપ પરંતુ

ભુંસાય તેવું નથી. આપે તો અપકારના બદલામાં ઉપકારજ કર્યો છે અને એ આપનું મહત્વજ છે.—

આ શુભ પ્રસંગનો લાભ લઇ સમરસિંહ માહારાજના બે પુત્રો બલદેવસિંહ અને સુરસિંહને લઇ આગળ આવ્યો અને માહારાજશ્રીના ચરણકમળમાં પડયો. માહારાજશ્રીએ તેને ઉઠાડી કહ્યું–સમરસિંહ ! તારો ગુન્હો તો તું લડાઇમાં મારી મદદે આવ્યો અને લડાઇમાં સારૂં પરક્રમ દાખવ્યું ત્યારથીજ મ્હે માફ કરયો છે ઉલટું હું તો ત્હને સારૂં ઇનામ આપવા ધારૂંછું. પરંતુ સમરસિંહ ! આ બે બહાદુર છોકરાઓ કોના છે, લડાઇમાં તેઓએ તેઓની શક્તિ ઉપરાંત એવું તો શૌર્ય બતાવ્યું છે કે–જો એ મ્હારા કુમારો હોત તો તેમને આ રાજ્યગાદીપર બેસારત મારી દ્રષ્ટિ સમક્ષ મારી પડખેજ રહી તેઓએ હજારો યોદ્ધાંઓનો ઘાણ વાળી નાખ્યો છે. મ્હારી ઉમરમાં એવા બહાદુર શુરા છોકરાઓ મ્હે અદ્યાપિ લગી જોયા નથી.—

આ સાંભળી સમરેસિંહે હાથ જોડી કહ્યુ–માહારાજશ્રી ! મારાથી એક બીજો મોટો ગુન્હો થયો છે માટે ક્ષમા બક્ષો તો આપને જાહેર કરૂં–

માહારાજા—સમરસિંહ ! કહો. તમારો ગુન્હો માફક છે. આ સાંભળી સમરસિંહે કહયું માહારાજશ્રી ! આ બે કુમારો આપનાજ છે. આપે મારી જાગીર જપ્ત કરી મને દેશનિકાલ કરેલો તેથી વૈરભાવને લીધે મ્હેં આપના આ ન્હાના બે બાળકોનું હરણ કર્યુ હતું અને તેમને મ્હેં પોષણ કરી ઉછેરી મ્હોટા કર્યા છે એજ આ બે વીરકુમારો આપનાજ છે

આ સાંભતાંજ માહારાજાના હર્ષનો પાર રહયો નહિ અને તેઓ એકદમ ઉભો થઇ પોતાના વ્હાલાપુત્રોને ભેટયા અને પોતાની પાસે બેસાડયા

હવે વિજયનગર સેનાપતિ રાજસિંહને ક્ષમા આપી કેદથી મુક્ત કર્યો અને વિજયનગર તથા કૃષ્ણગઢ બેઉ રાજ્યો વચ્ચે સારો સલાહસંપ રહે તે માટે વિજયનગરના માહારાજાને સમજાવવા તેને કહ્યું. અને પ્રમાદસિંહનો તીરસ્કાર કરી તેને વિજયનગર તથા કૃષ્ણગઢ એ બે રાજ્યોની સરહદ છોડી જઈ ચાલ્યા જવું અને તેની આખી જીંદગીમાં તેણે ને રાજ્યોની સરહદમાં પગ મુકવો નહિ. એવી સજા કરી પ્રમાદસિંહે જે ગુન્હો કર્યો છે અને તે બદલ જે ત્હેને અહિંથી સજા કરવામાં આવી છે એ વિષે રાજસિંહે વિજયનગર માહારાજાને માહિતગાર કરવા અને અહીંથી તેને કરવામાં આવેલી સજાને ત્યાં પણ અમલમાં લાવવી. ખરૂં જોતાં તો એ મોતની સજાને પાત્ર છે પરંતુ પશ્ચાતાપથી વખતે એ આશાથીજ તેનાપર દયા લાવી માત્ર દેશ નીકાલ સજા કરવામાં આવી છે.—

આ સાંભળી માહારાજાએ કહ્યુ–વીરમતિ ! એવા દુષ્ટને તો મોતની

સન્માજ કરવી યોગ્ય છે. આ માટે તું એવા દુષ્ટપર દયા લાવે છે!

પિતાશ્રી! એના મુખપરથી એ પોતાની ભુલ માટે પ્રસ્તાવો કરતો હોય એમ જણાય છે, માટે દેશનિકાલની સજા એના માટે બસ છે.

આ સાંભળી પ્રમાદસિંહ વીરમતિના પગમાં પડયો અને વિનય પુ-ર્વક બોલ્યો, હે સતિ આપને મેં બહુજ સતાવ્યાં છે અત્યંત કષ્ટ આપ્યું છે છતાં તેનું વૈર ન લેતાં આપ મારો પક્ષ ખેંચી જીવ ઉગારો છો તે માટે આપનો જેટલો આભાર માનું તેટલો ઓછોજ છે. ખરેખર આપના જેવી શુદ્ધ સતિયોના સતથીજ આ સંસાર ચાલે છે. આપે મારો જીવ ઉગાર્યો તે બદલ જેટલો આપનો ઉપકાર માનુ છું તેના કરતાં આપનુ ચરિત અવલોકયાથી અનીતિનો માર્ગ છોડી દઇ નીતિના પંથે હું ચડયો એ માટે આપનો વિશેષ આભાર માનુ છું, ભાઇ ધીરસિંહના પાસે પણ મારા ગુન્હા બદલ માફી માગું છું.

આ કાર્ય સમાપ્ત થયા પછી, દરબાર વિસરજન થયો અને મહારાજ પ્રતાપસિંહે પોતાની પુત્રી વીરમતિને ધીરસિંહ સ્વાધીન કરી અને ધીરસિંહને પોતાના રાજ્યના સેનાપતિની જગો આપી, અને પોતાની પુત્રીને સોંપતાની સાથે રાજ્યમાંથી તેને કેટલીક જાગીર આપી અને રહેવા માટે એક સુંદર રાજ્ય મહેલ આપ્યો, અને દંપતી સુખમાં દીવસ નીરર્ગમન કરવા લાગ્યાં, સમરસિંહને પણ તેની અસલની પોતાની જાગીર તેને પાછી સોંપી

પ્રકરણ ૮ મું.

વાંચકવન્દ! અત્યંત કષ્ટના પરિભોગ અને તેમાંથી ઉદ્‌ભવતું જે સુખ તેજ સુખ અલ્હાદક અને આનંદ જનક છે. સ્વપરિશ્રમના પરિપાકકાલે તેમાંથી પ્રાપ્ત થતું ધન અને વિદ્યા બળ તેજ આનંદ પ્રદ અને સુખકર છે, પૂર્વ સંચિત કર્મો અને પ્રારબ્ધના પ્રભાવે કરી જે ધન પ્રાપ્ત થાય છે અને તેથી જે સુખ મળે છે તેના કરતાં વરતમાન આપણા પુ-રૂષાર્થથી ધન અથવા વિદ્યા પ્રાપ્તિ થઇ જે સુખ અને આનંદ અનુભવાય છે. તે અધિક આનંદ પ્રદ છે. અત્યંત કષ્ટોના પરિભોગ અંતે ધીરસિંહ તથા વીરમતિ બેઉ મળ્યા અને સુખી થયાં પરતુ હજુ તેમની પ્રારબ્ધ પોથીમાં એક દુખ માંડેલુ હતુ તે હજુ ભોગવવું તેમને બાકી રહી ગયું હતુ તે ભોગવવાનો સમય હવે નજીક આવી પહોંચ્યો.

હે ઇરષા અને તૃષ્ણા દેવિયો! જયાં ત્યાં તમે બેઉજ જુલમ વર-તાવો છો. જયાં તમે તમારાં ખરા સ્વરૂપમાં પ્રગટો છો ત્યાં તમે સ-ત્યાનાશજ વાળો છો, દેશની, દેશના જનમંડળ અને જ્ઞાતિ મંડળની, કુટુંબની અને સહોદર ભાઇયોની પાયમાલી કરનાર પણ તમેજ છો, જન્મથી લઇ મરણ પર્યંત તમે બીચારા અજ્ઞ આશાબંદ્ધ માનવીયોનો

કેડો મુક્તાંજ નથી મનુસ્યના અંતરમાં પ્રગટી તેનું નિર્દયપણે રૂધીર પાન કરો છો જેણે તમારૂં યથાર્થ સ્વરૂપ અવલોકયુ છે અને તેથી તે તમારાથી ડરી દુર રહી તમને નમસ્કાર કરે છે તે મહાપુરૂષજ આ સંસાર તરીજ ગયો છે.

રાણી દુર્મતિમાં ઇરિષા દેવીયે સંપુર્ણ વાસ કર્યો હતો તેથી તેની રમતિને સુખી જોઇ અંતરમાં બળવા લાગી અને મન સાથે બડબડવા લાગી અરે વીરમતી તેં છેવટે જેમ ધારયું હતુ તેમ કરયું મ્હારૂં ધારૂં કંઇ પણ કામ ન આવ્યું, પણ વીરમતી યાદ રાખજે કે મ્હારૂં નામ વીરમતી છે. તું મારાથી વિરૂદ્ધપણે ચાલી છું અને તેં જે કઠોર શ બ્દોમાં મારૂં અપમાન કર્યુંછે તે મને બરાબર યાદ છે, હું ભુલી ગઇ નથી હવે તો તને આ સંસારમાંથી વીદાયજ કરી દેવી એટલે મારી દાઝ વળે. કદાચ તુ જીવતી રહે તો કોઇ દિવસ પણ મ્હારૂં વઇર આ માટે તને કોઇ યુક્તિએ યમપુરીમાંજ પહોંચાડી દેવી, એટલે પછી મારે કોઇ પણ વૈરી ન રહે. અને ધીરસિંહ તો બિચારો ભલો માણસ છે એનાથી તો કાંઇ થવાનું નથી, વીરમતિ ગઇ એટલે તો એ મારા હુકમને આધિનજ રહેવાનો.

વીરમતી—કહોને વ્હાલા, આજ આપના મુખ કમળની પાંખડીયો મને સંકુચિત કેમ લાગે છે, આ વિલાસીની આપની સેવા માટેજ છે.

ધીરસિંહ—વ્હાલી! તારાપર મેં જે કુરતા વાપરી છે તેનું સ્મરણ વારંમવાર મારી આ દશા કરે છે તારા પ્રતિની મારી જે નિર્દયતા અને કઠોરતા અને તેના બદલામાં તારો જે સતત પ્રેમ પ્રવાહ અને મારી પ્રાણ રક્ષા એ બેશક સ્તુતિપાત્રછે વ્હાલી ખરેખર તું સતિ સુભદ્રાઓમાં પણ શિરોમણીછે હું તારા યોગ્ય કોઇપણ પ્રકારે નથી તે નથીજ તુ દર્શનીય છે પુજનીય છે,

વીરમતી—પ્રાણેશ્વર, આપ જે દરજ્જાયે લાવી મને મુકો છો એ દરજ્જાને હજુ હું યોગ્ય નથી માત્ર એ સઘળી આપની સુજનતા અને સહ્રદયતા છે. પ્રભુ, વીતી ગયેલી વાતનું વારંવાર સ્મરણ કરી કરીને આપના મુગ્ધ પ્રાણને હવે પજવોમાં, સમય અને પ્રારબ્ધની ગતિ વિચિત્ર છે એ ગતિને રોકવા ધીર, વીર, ધ્યાની, દાની કે જ્ઞાની કોઇપણ સમર્થ નથી માટે તેનો શોક કરવો એ નીરર્થક છે વારૂ, રસીયા, ત્યારે એ આપના અપરાધ માટે આજ હું આપનાથી રીસાઉં! આપ મનાવી શકશો! પણ હું મનાવાની નથી તો!

ધીરસિંહ—વ્હાલી! એમાં તો તમે મને નહી જીતી શકો. પળવારમાં તમને મનાવી લઇશ.

વીરમતિ—તમારાથી કોણ બોલે છે તે?

ધીરસિંહ—વારૂ બોલશો નહી, પરંતુ વિના બોલે પણ આ દડી તે ઝીલશોને? એમ કહી રબરની દડી તેણે વીરમતી તરફ ફેંકી. વીરમતીએ એક હાથેજ તે ઝીલી લીધી. એજોઇ ધીરસિંહે કહ્યું વાહ! ઝીલતાં તો સારૂં આવડે છે ને, અને વળી એક હાથે! વીરમતીએ તેનો ઉત્તર નિઃશબ્દ દૃષ્ટિદ્વારા અને દડી પાછી ફેંકવામાં આપ્યો,

ધીરસીંહ—વારૂ બોલવું નથી પરંતુ દ્રષ્ટિદ્વારા રમવું તો છે. વ્હાલી! એતો બોલવાથી અધિક થયું "પ્રિયા, જો જો હો, દડી આવેછે બરાબર ઝીલજો હો કે ચુકતાં નહિ" એમ બોલતાં ધીરસિંહે દડી તાકી એક સ્થાને એને ફેંકી બીજે સ્થાને.

વીરમતી આ વખતે ચુકી ગઇ. દડી તેના સ્તનપ્રદેશના અગ્રભાગને અફળાઇ જતીનપર પડી ગઇ આથી તે સત્વર ઉઠી તે દડી લેવા ગઇ, ધીરસિંહ પણ એકદમ ઉઠી તે દડી લેવા ગયો બેઉના હાથ દડી પર સાથે દોડ્યા તોપણ વીરમતીનો હાથ દડીપર પહેલો પડયો અને તેના હાથપર તુરતજ ધીરસીંહનો હાથ પડયો. પડતાંજ દડી પડાવી લેવા પ્રિયાના મુગ્ધ રસ ભર્યા રમણીય હસ્તકમળ સાથે કોમળ અને મધુર યુદ્ધ કરવા લાગ્યો આથી પ્રીય સાથે ન બોલવાનું પણ લેનારી વીરમતી સહજ કૃત્રિમ કઠોરતા સાથે સ્મિત પ્રગટાવતી બોલી.

'હારાયા છો વળી! હવે શાને વળખાં મારો છો?'

'કોણ હાર્યા તો તમે કે અમે?'

'જે રીસાયું હોય અને પ્રીયથી ન બોલવાનો ટેક લીધો હોય તો'

'બાંધી લેતાં તો ઠીક આવડે છે ને શું?'

'બાંધી લેતાં આવડતું હોતતો દડીને તમારા પહેલાંજ હું બાંધી લેત'

'જાણી જોઇનેજ આવું ચરિત્ર કર્યુ હશે તો કોને ખબર?'

'અમે જાણી જોઇનેજ કર્યું હતું તો તમારે દડી પકડવા દોડવુંજ નહોતુ!'

'તમારી ફેંકેલી દડીનું માન જાળવવા અમારે એટલી સભ્યતા કરવી પડી, પણ તમારા જેવા ઠગ તો કોઇ ન જોયા?'

'અમે ઠગ કેવી રીતે! જરા કહેશો?'

'દડી તાકવી કયાં અને ફેંકવી કયાં? એ ઠગબાજી નહિ કે!'

'એ વિના તમે જીતાઓ એમ પણ ક્યાંછો !'

'ઠીક, હવે લઇ લ્યો તમારો હાથ. હાર્યા પછી હવે હાથને છા માટે [હાળી રહ્યાછો, કોણ જાણે તમારો હાથ કોવોએ છે !'

'સારો નથી ખરૂં ! વ્હાલી ! તમને દુઃખરૂપ છે ખરૂં કે ! મને પણ તમારા સુકુમાર હસ્તનો સ્પર્શ જરીયે ગમતો નથી પરંતુ આ દડી લેવાની લાલચે આવ્યો તે આવ્યો. તેમાં પણ એ નિષ્ફળ નીવડયો.

વીરમતી—આવા આવા નુકતા કરતાં બહુ આવડે છે !

ધીરસિંહ—વ્હાલી ! તમને પણ ક્યાં નથી આવડતાં ! આવડયા વગરજ રીસાયાં હતાં ખરૂં કે ! પ્રિયા ! રીસાઇને મનાઇ તો ગયાં સત્વર!

વીરમતિ—પ્રીતમ પાછળજ પડે ત્યારે મનાયા વગર છુટકો ?

ધીરસિંહ—ત્યારે તમાયો તો તેમાં સ્વાર્થ જરીયે નહિ ખરૂં કે?

વીરમતિ—અમારો સ્વાર્થ કે ભલે તમારો સ્વાર્થ, પણ પહેલી દડા ના ખનાર કોણ ?

ધીરસિંહ—વારૂ ત્યારે સ્વાર્થ વિના દડી ઝીલવાનું કારણ શું ?

વીરમતિ—ત્યારે શરીરના ગમે તે ભાગપર વાગવા દઇયે ?

ધીરસિંહ—ઓ હો હો ! આ રબરની દડી એટલી બધી વાગતી હશે!

વીરમતિ—સખયો સાથે રમુછું ત્યાં તો કંઈ વાગતી નથી પરંતુ કોણ જાણે તમારા હાથમાં એવું શુંયે છે કે તમારા હાથમાંથી સ્પર્શાયેલી દડી મને બહુ વાગે છે ?

ધીરસિંહ—તેવીજ રીતે તમારા હાથથી ફેંકેલી દડી મને પણ બહુ વાગે છે !

વીરમતિ—ક્યાં મનપર કે તનપર?

ધીરસિંહ—વીરમતી? આ સવાલપરથી જાણે તમે કંઇયે સમજતા નથી ખરૂં! વ્હાલી! તમારી આ ચોળીથી પણ સારી કીસમનુ કપડું મ્હેં આજ એક વેપારીને ત્યાં જોવુંછે કાલ તે હું લાવીશ!

વીરમતિ—તમારી સઘળી કળા જાણું છું. આવા ખસો મારી પાસેથી તમારા હાથમાં તો કામણ છે.

ધીરસિંહ—કામણગારાં વિના કામણની પરિક્ષા કોણ કરી શકે?

વીરમતી—શુરા ક્ષત્રિય વિરોના હૃદયો પણ શ્રંગારરસથી છલોછલહોય છે? એવા મ્હેં આપનેજ જોયા !

ધીરસિંહ—ત્યારે સુરી પતિવ્રતા ક્ષત્રાણિઓના હૃદયો પણ શ્રંગારરસથી દ્રવતાં હોય છે એવાં તો મ્હેં પણ તમનેજ જોયાં?

વીરમતી—હવે તો મને નિંદ્રા આવે છે?

ધીરસિંહ—તમારી દ્રષ્ટિમાંતો બીજી નિદ્રા જણાય છે?

વીરમતી—જાઓ જાઓ વલ્લભા તમારા આગળ તો આવી આવીજ વાતો. હું તો મારે આ ચાલી. ધીરસીંહ ઉભો થઇ બાથમાં લઇ 'ના' ના, મારા સમ બેસો.

વીરમતિ—અં હં હં હં ! એમ તે શું કરતા હશો. બેસુછું પણ હું તો ભ્રષ્ટછું. તેથી આપ શુદ્ધ પણ ભ્રષ્ટ થશો ?

આ સાંભળતાં ધીરસિંહના મુખપર સહજ શોકની છાયા પથરાઇ તેથી વીરમતિ ગભરાઇ, અને પોતાનો હસ્ત ધીરસિંહના ગળામાં નાખી બોલી—

પ્રાણનાથ! ક્ષમા કરશો. મારાથી સહજ એવું બોલી જવાવ્યું વ્હાલા ! બોલોને મારાં એરીંગ તયાર થઇ ગયાં ?

પ્રિયા ! એમાં થોડુંજ કામ બાકી છે કાલ તૈયાર થઈ આવશે ?

એ પ્રમાણે દંપતી વાર્ત્તા વિનોદ કરતાં નિદ્રાવીને સ્વાધીન થયો.

પ્રકરણ ૯ મું.

રાણી દુર્મતિયે પવિત્ર વીરમતિને ઇર્ષાવશ થઇ મરણ શરણ કરવાનો ઘાટ પોતાના નિરદય મન સાથે રચી રાખ્યો. અને એક સાંજના તે પોતાના પક્ષના ખાનગી માણસોને લઇ વીરમતી સાથે એક મછવામાં દરિઆઇ સુખકર હવા લેતી ચાલી મછવો જ્યાં શેહેરથી દસ બાર માઇલ દુર આવ્યો ત્યાં રૂરમતિ ઉભી થઇ અને વીરમતી પ્રત્યે કહેવા લાગી.

વીરમતી. બેશી શું રહ્યા છો જુઓ તો ખરાં આ જળમાં મછિઓ કેવી ઉછળી રહી છે. વીરમતી ઉભી થઇ દુરમતિ પાસે ગઇ, અને તેની જોડે પાટીયાં ઉપર ઉભી રહી. વીરમતિનું ચીત મછીયો જોવામાં એકાગ્ર થયું. આ નકનો લાભ લઇ દુરમતિએ પોતાની દાસીને ઇસારત કરી. ઈસારત કરતાંજ તે દાસીયે પાછળથી વીરમતીને એકદમ જોરથી ધકો માર્યો ધક્કો અચાનક જોરથી વાગતાંજ વીરમતી દરિયામાં પડી ગઇ ત્યાં દુરમતી એકદમ બુમ પાડી બોલી ઉઠી.

અરરરર આ શું થયું વીરમતિ દરીયામાં પડી ગઇ હવે શો ઉપાય કરવો ? આ વિશાળ દરીયામાંથી હવે એ બહાર પણ શી રીતે નીકળી શકે ! અંધારૂં પણ થઇ ગયું છે ખલાસીયો મછવાને એકદમ શહેર તરફ હંકારો. માહારાજશ્રીને આ વિશે સત્વર જાણ કરીયે.

ખલાસીઓયે મછવાને શહેર તરફ હંકારયો આ ખલાસીયો પૈકીની એક ખલાસી વીરમતિના પક્ષનો હતો. તે બહારથી દુરમતીના પક્ષનો

જણાતો હતો પણ અંતરથી તે વીરમતીના પક્ષનો હતો કારણકે ધીરસિંહ તથા વીરમતિ ઘણીવાર મછવામાં બેસી દરીયાની હવા લેવા આવતા તે વખતે આજ ખલાસી તેમની સાથે આવતો વીરમતી વખતો વખત તેને સારૂં ઇનામ આપથી તેથી તેનો ઉપકાર તે ભુલી ગયો નહોતો રાણી દુરમતિનો ગુપ્ત સંકેત તે જાણી ગયો હતો તેથી રાણી દુરમતિની નિર્દયતા માટે તે તેણીને ધીકારતો હતો જે પળે દુરમતીને દરીયામાં ધક્કો મારી નાંખી તેજ પળે તે ખલાસી પણ એક પાટીયાના કકડા સાથે ગુપચુપ વની પાછળ દરીયાં ચડયો અને વીરમતિની મદદે જઇ પહોંચ્યો અને તેને પાટીયા પર લઇ લીધી અંધારાને લીધે કંઇ પણ જણાતુ નહોતું તેથી વીરમતિનો આ પ્રમાણે બચાવ થયો એ દુરમતિ જોઇ શકી નહિ ખલાસી બહાદુર અને હોંશીયાર તારો હતો તેથી વીરમતીને, તે કંઇપણ આંચ આવ્યા વગર દરિયા કીનારાપર લઈ ગયો અને ત્યાંથી વીરમતીના કહેવાથી ગુપચુપ પોતાને ઘેર લઇ ગયો બંનેનો થાક ઉતરયો અને એક જરા સ્વસ્થ થયાં એટલે વીરમતિએ કહ્યું.

'ભાઈ! તેં આ વખતે મહારો પ્રાણ બચાવી જે ઉપકાર કર્યો છે તે જીંદગી પર્યંત ભુલાય કે ભુંસાય તેવો નથી. પરંતુ અત્યારે તું પ્રથમ રાજમંદીર જા અને તપાસ કરકે ત્યાં મ્હારા માટે શી ચરચા ચાલી રહી છે! મારા દરીયામાં પડી જવાના સમાચારથી મારા પિતાશ્રીની મારા બાંધવોની અને મારા પ્રાણનાથ ધીરસિંહની કેવી સ્થિતિ છે! તે અવલોક્યા પછી મારા પ્રાણનાથને અલગ બોલાવા મારા વિષેની સઘળી ખરી ખબર તુ જાહેર કરી પાછો અહિં આવજે, એટલે હું અહીંથી પુરૂષવેશ ધરી લઇશ અને આપણ બંને ગુપચુપ આપણે મહેલે જઇશું અને થોડા દિવસ હું અપ્રસિદ્ધ રહિશ.

આ સાંભળતાંજ, તે ખલાસી વીરમતિની આજ્ઞાનુસાર રાજ દરબારમાં ગયો અને જોયું તો. સર્વ મંડળ શોક સાગરમાં ડુબી રહ્યું હતું. મહારાજશ્રી પુત્રી પાછળ અપુર્વ શોક કરી રહ્યા હતા અને પોતાની રાણી દુરમતિને ઠપકાના વચનો બોલી રહ્યા હતા.

દુરમતિયે કેવી મૂરખાઇ કરી જે પળે વિરમતિને ચક્કર આવતાં તે દરીયામાં પડી ગઇ. તેજ પળે ખલાસીને તેની પાછળ દરીયામાં પડી તેનો બચાવ કરવા આજ્ઞા ન કરી અરરર) અત્યાર લગી હવે તો એ જીવતી કયાંથી રહી હોય! હવે તપાસ કરાવવો સર્વ નિરર્થક! વ્હાલી વીરૂ! બેટા! તેં આખી જીંદગી પર્યંત દુઃખને દુઃખજ જોયું, જ્યાં સુખનો અવસર આવ્યો ત્યાં ઇશ્વરે તને ઉપાડી લીધી અરરર! વીરૂ! તારા જેવી પુત્રી મને હવે ક્યાંથી મળનાર છે. એટલુંજ નહિં પરંતુ આ સંસારમાં પણ

તારી જોડ મળવી દુર્લભ છે! દુરમતિ! દુરમતિ! જુલમ કર્યો! તે મારી વિમળ વીરૂને ખોઇ! કોણ જાણે તું પુરવનીજ એની વેરણ! પણ મારી આજ્ઞા વિના તારે એને લઇ જવીજ શા માટે પડી! વીરૂ! બેટા! તારૂં હસતું મુખ, તારો આ કમનસીબ પીતા હવે શું નહિંજ ભાળે?'

માહારાજશ્રીને આ પ્રમાણે શોક સમુદ્રમાં ડુબેલા જોઇ પ્રધાને કહ્યું.

નૃપવર્ય! જે થયું તે થયું ભાવી પ્રબલ છે તે જેમ ધારે છે તેમ કરે છે. તેના આગળ મનુષ્ય નિરમાલ્ય છે મનુષ્યનુંજ જો ધાર્યું થતું હોતતો આ સંસારનાં કોઇ દુ:ખી નજરેજ ન પડત!' માટે કૃપાનાથ! ઇશ્વરાધીન બાબત માટે હવે વિશેષ શોક કરવો આપને યોગ્ય નથી કારણ કે આપ જ્ઞાતા છો, અને જાણો છો કે મનુષ્યના કરોડો યત્ને પણ જે બનવાનું હોય છે તે બનેજ છે. પ્રારબ્ધ પરિણામ પામ્યા વગર રહેતુંજ નથી તેમ કર્મો (ઉદ્યોગ) પ્રારબ્ધ રચ્યા વિના રહેતાંજ નથી.

માહારાજાની આ સ્થિતિ અવલોકયા પછી તે ખલાસીયે વીરમતિના બે બાંધવો બલદેવસિંહ અને ધીરસિંહ તરફ નજર કરી તેઓના શોકોદગારપણ કરૂણજનક અને હૃદય પીગળાવે તેવા હતા.

વીરાને મૂકી વ્હાલી વીરૂ તું ચાલી નીકળી! અમને રાજ્યાસન સોંપી તું છેક સાગરને તળીયે જઈ વસી. અરરર! અમને મછવામાં શા સારૂ સાથે ન લીધા? અમને સાથે લીધા હોત તો દુરમતિયે જેવો પ્રાણ વહાલો કર્યો તેવો અમે નજ કરત! તારી પાછળ દરીયામાં ઝંપલાવી તારા પ્રાણની રક્ષા કરી અમે સુખી થાત તેમ પીતાશ્રી પણ અત્યારે તારા માટે અપ્રતિમ શોક કરે છે તેવું પણ થવા ન દેત વ્હાલી વીરૂ બ્હેન! તારો પ્રેમ અમારાથી ક્ષણપણ વિસરજન થતો નથી એ પ્રામાણે તે ખલાસીને બેઉ બાંધવોને અશરૂ ધારાઓ સહિત શોકથી આવૃત જોયા!

આ પછી તે ખલાસીયે કુમાર ધીરસિંહને તે મહેલ જોડેના એક બીજા ખંડમાં એકલો શુનમુન ખુરસીપર બેઠેલો જોયો. તે નિ:શ્વાસ નાખતો નહોતો પરંતુ તેના હૃદયમાં અનેક નિ:શ્વાસ ભરાઈ રહ્યા હોય એવું અવલોકનકારને જણાતું તે રડતો નહોતો પરંતુ તેનું હૃદય અપરિસિમ પરિતાપ પામતું હોય, ચિરાતું હોય, એવું એની મુખમુદ્રા સૂચવતી હતી છેવટે એક નિ:શ્વાસ સાથે તે બોલ્યો—વિરમતિ! વ્હાલી વિરમતિ! આખરે તું ગઇજ! મારો સંસાર ભરમવત કરી તું આ દ્દાની દુનીઆમાંથી ચાલીજ ગઇ મારા તરફથી તને સુખ ન મળ્યું તે નજ મળ્યુ મારે પણ હવે આ સંસાર તારા વિના શુન્ય છે. અરણ્યમાં હું જાઉછું

અને ત્યાં હું તારા ધ્યાનમાંજ મારા આ દેહને હું જર્જરીત કરી છોડીશ, અને જે લોકમાં તું વિરાજતી હઇશ ત્યાં હું તને મળીશ

આટલું છેવટનું કથન તેણે પૂર્ણ કર્યું કે તુરતજ તે ખલાસી તેની પાસે આવ્યો અને ધીમે અવાજે કહ્યું કુમારશ્રી ! આપનું મારે એક અગત્યનું કામ છે અને તે એજ છે કે મહારે આપની સાથે કાંઇ ખાનગીમાં વાત ચીત કરવી છે માટે કૃપા કરી આપના મહેલે પધારો તો હું આપને કહું; આ સાંભળી કુમાર ધીરસિંહે કહ્યું—ભલા ખલાસી ! મારે હવે મહેલ કેવો ? હું તો અહિંથી પરબારો અરણ્યમાં જઇશ. અને ત્યાં મારી વહાલી વિરમતીના ધ્યાનમાં મહારી જીંદગીના બાકી રહેલા દીવસો હું પુરા કરીશ. માટે તું તારે અહિંથી ચાલ્યો જા. મારા મનની અત્યારે એવી સ્થિતિ છે કે–હું તારી વાત કાંઇપણ સાંભળી શકુ તેમ નથી,

પરંતુ સાહેબ આપના લાભની કંઈ વાત છે માટેજ હું આપને આપના મહેલે લઈ જવા આવ્યો છું માટે મારી અરજી ધ્યાનમાં લઇ પધારો મહારી હકીકત સાંભળ્યા પછી આપને જેમકરવું હોય તેમ સુખેથીકરજો.

ખલાસીનું આ પ્રમાણે કહેવું સાંભળી ધીરસીંહ બોલી ઉઠયો અને ખલાસીની સાથે આવ્યો. ધીરસીંહ ખલાસીની સાથે પોતાના મહેલે જ્યારે આવી પહોંચ્યો ત્યારે ખલાસીએ કહ્યું કુમાર સાહેબ! એક કોઇ છોકરો આપનો કાગળ લઇ મારે ત્યાં આવ્યો છે મ્હેં પુછયું કે એ કાગળ કોના તરફનો છે ! ત્યારે તેણે કહ્યું—વીરમતીએ દરીયામાં પડી જતી વખતે મને તે કાગળ કુમારધીરસિંહજીને આપવાનું કહી આપ્યોછે.

આ સાંભળતાંજ કુમારના મુખપર નવું તેજ આવ્યું અને તે બોલ્યો જો એમજ હોય તો તું એ છોકરાને સત્વર અહિં મારી પાસે બોલાવી લાવ, પણ મારા મનને આ વાત બરાબર બંધ બેસતી આવતી નથી. વારૂ પણ જા જલદી.

આજ્ઞા થતાંજ ખલાસી ત્યાંથી રવાના થયો. અને વીરમતી પાસે આવી પહોંચ્યો અને વીરમતીને સઘળી હકીકતથી માહીતગાર કરી પછી વીરમતીયે છોકરાનો પોશાક પહેર્યો અને હાથમાં કાગળસાથે તે ખલાસીને લઇ પોતાના મહેલ તરફ પોતાના પ્રાણપતીને મળવા ચાલી અને પોતાના પ્રાણપતી એકદમ પોતાને ઓળખી ન શકે તે માટે જ્યાં તે પોતાના પ્રાણનાથની દ્રષ્ટિ મર્યાદામાં આવી કે તુરતજ તે ઝડપથી પોતાના સ્વામી પાસે ગઇ અને તેમના હાથમાં કાગળ મુકી તુરતજ તે દુર સહજ અંધારામાં જઇ ઉભી ધીરસિંહનું ચિત્ત તે છોકરાને નિહા-

જવાપર નહોતું પરંતુ વીરમતીએ કાગળમાં શું લખ્યું છે તે જાણવાસામ ગુંથાયું હતું. ધીરસીંહ આતુરતાથી એ કાગળ વાંચવા લાગ્યો. વાંચનાર, એ કાગળ બહુ ટુંકો હતો—

વ્હાલા હૃદયરત્ન !

શું કરૂં ! આપ મને વારંવાર પ્રેમ રાગમાં સતાવતા હતા તેથી કંટાળી દરીયામાં પડી છું તમારા જેવા ઠગ સાથે મને પ્રેમ રાખવો પાલવ્યો નહિ, તેથી આમ કરયું છે. મને અને મારા પ્રેમને છેલ્લા પ્રણામ કરજો, અને મારે બદલે આ કાગળ લાવનાર મારા સ્નેહી સાથે સ્નેહ સાથી પરણજો અને મને ભુલી જજો. લી. દુરમતિ જેવી માતાને હરઘડી યાદ કરનારી અને તમારા જેવા ઠગને હરગડી ભુલનારી વીરમતિ.

ધીરસિંહે કાગળ એકવાર વાંચ્યો બીજીવાર વાંચ્યો અને ત્રીજીવાર વાંચ્યો તોપણ તેના મનની મુઝવણ ઘટી નહિ આખરે તેના બુદ્ધિબળે કરી તેના મનમાં સહજ તર્ક ઉઠી આવ્યો કે—રખેને એ કાગળ લાવનાર વીર મતિ તો ન હોય ! આ વીચાર થતાંજ તે હર્ષ ભેર ત્યાંથી ઉઠયો, અને વીરમતિ તરફ ચાલ્યો,

વીરમતિ આ મનહર નાટક જોઇ મુખ આડો રૂમાલ ધરિ નશબ્દ હસતી હતી તે પોતાના મનમોહનને પોતાના સમીપ આવતા જોઇ એકદમ હસીપડી. અને ઉભય દંપતી ભેટી પડયાં આ પળે તેઓનો આનંદ તેઓના હૃદયમાં સમાતો નહોતો,અને ધીરસિંહ પોતાના મનસાથે એકદમ બોલીઉઠયો

આહા ! અપરિસમ કષ્ટ પછી તુરતજ પહેલુ જે સુખ આવે છે તેનો મહિમા કેવો છે ! અહા ! તે કેવું મનોહર અને આનંદ પ્રદ છે ! પછી તેણે વીરમતિ પ્રત્યે કહ્યું.

વ્હાલી ! તમે પણ બહુ સારી રચના કરી ! પણ મને તમારી હકીકતથી માહિતગાર તો કરો કે તમે દરીયામાં કેવી રીતે પડી ગયા. અને ત્યાંથી શી રીતે બચી દરીયા કિનારે આવ્યાં !

આ સાંભળી વીરમતિયે જે હકિકત બની હતી તે સઘળી કહિ બતાવી દુરમતિયે કપટ કરી તેની દાસી પાસે ધક્કો મરાવી પોતાને દરીયામાં નંખાવી હતી અને ત્યાંથી તેને તે ખલાસી કેવી રક્ષણ કરી લાવ્યો ! વીગેરે જણાવ્યું આ સાંભળી ધીરસિંહને દુરમતિપર પૂર્ણ તીરસ્કાર છુટયો અને બોલ્યો.

' દૂર્મતિ ! દૂર્મતિ ! જેવું તારૂં નામ છે તેવીજ તું આખર સુધી રહી. અરરર ! તારાં કોમળ બાળક તરફ પણ તું આવી છેક નિર્દયાતું સ્ત્રી નથી પરંતુ કોઇ ક્રૂર રાક્ષસી છે ! '

આહા ! વીરમતી ! આર્યા ! સુભદ્રા ખરેખરી તું સુભદ્રાજ છે !

તારામાં અને દુર્મતિમાં કેટલો તફાવત છે! તારાથી જેનું ઘર અલંકૃત છે ઉજ્વળ છે એજ લક્ષ્મીવાન છે. ભાગ્યવાન છે.'

'વ્હાલી! આતો તમારી એક મોટી ઘાત ગઇ. આ ખલાસીયે જો એ વખતે તમને સહાય ન કરી હોત તો તમે તમારી પાછળ કેટલાય જીવોને દુઃખી કરી આ કુમળી વયમાંથીજ આ લોક છોડી કોઇ બીજાજ દીવ્ય લોકમાં બિરાજમાન થયાં હોત પણ ઇશ્વરે સહાય કરી.'

પ્રાણનાથ! ઇશ્વરની જો મહેર હોય છે તો તે અગ્નિ, જળ અને વાયુ આદિમાંથી પણ તે જીવનું રક્ષણ કરી ગમે તે નિમિતદ્વારા તેને બચાવી, લે છે, માટે આપણા વૃદ્ધ વડીલોની કહેવત ખોટી નથી કે જેને રામ રાખે તેને કોઇ ન ચાખે.'

પ્રિય! તમારૂં કહેવું યોગ્યછે પરંતુ હવે આપણે બહુ સંભાળથી ચાલવાનુંછે'

આ પ્રમાણે દંપતી વચ્ચે વાતવિનોદ ચાલે છે એવામા વીરમતીના બે ભાઇયો બલદેવસિંહ અને સુરસિંહ ધીરસિંહને શાંતવન આપવા માટે આવી પહોંચ્યા, અને ધીરસિંહને કોઇ છોકરા સાથે આનંદભેર વાર્તા કરતો જોઇ તેઓને અચંબો થયો કે—આની નવાઇ કે આવા શોકમાં તે કોઇ છોકરાં સાથે આનંદથી વાર્તા કરે છે! પછી તેઓ તેની પાસે આવ્યા અને તે છોકરા તરફ તેમણે નીહાળી જોયું તો તેમના આશ્ચર્યનો પાર રહયો નહિ. અને જ્યાં તેઓએ વીરમતીને બરાબર ઓળખી કે તેઓ હર્ષભેર એકાએક બોલી ઉઠયા.

'કોણ વ્હાલી બહેન વીરમતી! આહા! શું તું જીવતી છો' એ પ્રમાણે બોલતા બેઉભાઇયો હર્ષથી ઉભરાતા હૃદયે અનુક્રમે બહેનીને ભેટયા! વીરમતિ.

'વ્હાલા બાંધવો! વડીલોના પુન્યપ્રતાપે હું બચીછું. પરંતુ માતુશ્રીયે તો કંઇ કરવામાં હવે કચાસ રાખી નથી.' કુમાર બલદેવસિંહે કહ્યુ—બ્હેન! અમે એ વિશે માહીતગાર નથી માટે શી હકીકત બની એ અમને સઘળી કહી સંભળાવો. આથી વીરમતીયે જે પ્રમાણે હકીકત બની હતી તે પ્રમાણે સઘળી પોતાના ભાઇયોને કહી સંભળાવી. આ સાંભળી કુમાર બળદેવસિંહે કહ્યું.

'બ્હેન! આપ કોઇ રીતે ગભરાશો નહિ. પિતાશ્રી આગળ આ હકીકત નિવેદન કરી તેનું વૈર આપણે લેશુંજ.'

'ના ભાઇ! તેમ કરવા કંઇ જરૂર નથી.

'બહેન! તમે જાણતાંજ હશો કે દુર્બુદ્ધિવાળા અપરાધીને વિના દંડ છોડી મુકવાથી તે વધારે અપરાધો કરતાં શીખે છે માટે એવા અપરાધીને તો કંઇ પણ દંડ દેવોજ જોઇએ એવો રાજનીતીનો નિયમ છે.

આમાં તમારે કંઇ પણ કરવાનું નથી એ તો અમેજ અમારે કરશું. અરરર ! વ્હાલી બહેનનું વિના વાંકે ખુન ! માતા દુર્મતિ ! તમે અમારા ખરેખર સાવકી માતાનો ભાવ ભજવ્યો. પણ ફીકર નહિ. અમે અમારી બહેનનું વૈર લીધા વિના કદાપી પણ રહેનાર નથી. પરંતુ બહેન વીરમતી ! તમારે એક બે દિવસ અપ્રસિદ્ધજ રહેવું આ બાબત અમે પિતાશ્રી સમક્ષ યોગ્ય ન્યાય ઉતારીયે ત્યાં સુધી તમારે પ્રસિદ્ધિમાં ન આવવું. આ સાંભળી વીરમતીયે કહ્યું—

'ભાઈ ! જેમ તમારી ઇચ્છામાં આવે તેમ કરો. તમે કહેશો ત્યાં લગી હું અપ્રસિદ્ધજ રહીશ ? એ પ્રમાણે વાતચિત થઇ રહ્યા : પછી બંને ભાઇયો ત્યાંથી રજા લઇ રાજ મંદિરે ગયા. ધીરસિંહ અને વીરમતિયે તે ખલાસીને મન માનતું ઇનામ આપી રજા આપી તેને પણ બેઉ કુમારો પોતાની સાથે લેતા ગયા. રાજ્ય મહેલે ગયા પછી પાટવી કુમાર બલદેવસિંહે સઘળા ખલાસીઓને તેમજ તે વખતે મછવામાં જે કોઈ બીજા માણસો હતાં તે સરવેને એકઠાં કરયાં અને સખ્ત ધમકી સાથે તેમણે જણાવ્યું કે—જે કોઈ સત્ય વાત છુપાવશે તેને ફાંસીની દોરીયે લટકાવવામાં આવશે. આ ભારે સજાથી કિંવા કુમાર બલદેવસિંહના ક્રોધયુક્ત વચનોથી ડરી જઇ તે સગળાઓએ રાણી દુરમતિનો ધંધો સર્વ ઘાટ, વા પ્રપંચ કુમારશ્રી આગર ખુલ્લો કરયો. ત્યાર પછી જે દાસીએ કુમારી વીરમતિને દરીયામાં નાખી દેવા ધક્કો મારયો હતો ને દાસીને કુમાર બલદેવસિંહે પોતાની રૂબરૂ બોલાવી. અને કટાર કાઢી તેની સામે ધરી—દુષ્ટ ! બોલ સાચું, નહિતો હાલ તારા પ્રાણ ઠેકાણે કરૂં છું, જો સાચું બોલીશ તો તને છોડી મુકીશ. આ સઘળાઓએ સત્ય વાત તો કહીજ દીધીછે માટે જો તુ એકલીજ જુઠુ બોલી તો યાદ રાખજે કે તેજ ક્ષણે તારી પાપી પ્રાણને યમપુરીમાં પહોંચાડવામાં આવશે.

કુમારનું આ પ્રમાણે બોલવુ સાંભળી દાસીને વિચાર થયો કે—સાચી વાત તો આ સઘળાઓયે કયારની કુમારશ્રીને નિવેદન કરી દાધી છેમાટે મારી એકલીની વાત (અને તે પણ જુઠી) કોઇ કાળે સાચી માનસે નહી માટે નાહક મારે જુઠું બોલી મારા પ્રાણ સા માટે ખોઇ બેસવા ! આપ બાથી બન્યુ તેટલુ કરયું પરંત છેવટે માહારાણીનું પોકળ (તરકટ) આ સરવેએ ખુલ્લુ કરયું પછી હુ એકલી શું કરૂં ? જેવા કર્મ કરે તેવાં તે ભોગવે આ પ્રમાણે વીચાર કરી તેણે પણ તે ખલાસીયોની પેઠે સત્ય વારતા કુમારશ્રીને નીવેદન કરી કુમારશ્રીયે કહ્યું તેં શા માટે વીરમતીને ધક્કો મારયો ? દાસીએ કહ્યું મારૂં શું ગજું કે હુ કુમારીબાને ધક્કો મારૂં. પરંતુ રાણી સાહેબે મને સખત ધમકી આપી હુકમ કરયો એટલે પછી

મારૂં તેમના આગળ શું જોર ચાલે ?'

આ સઘળાઓને ત્યાં કબજે રાખી કુમાર બલદેવસીંહ ધીરસીંહને બંગલે ગયો અને ધીરસીંહને સાથે લઇ તથા વીરમતીને એક જનાની મ્યાનામાં બેસાડી પાછો પોતાને બંગલે આવ્યો અને કુમારી વીરમતીને અને ખંડમાંસંતાડી.તત્પશ્ચાત ધીરસીંહને પણ પોતાને બંગલે બેસાડી કુમાર પોતે માહારાજશ્રી આગળ ગયો. અને માહારાજશ્રીને નમ્રતા પુર્વક અરજ કરી

'પુજ્ય પિતાશ્રી ! આજ મારે એક ખાસ અગત્યના કેસપર ન્યાય ઉતારવાનો છે તે કૃપા કરી આપ તથા માતુશ્રી દુરમતિ બેઉ ત્યાં પધારશો આપ બેઉના પધારવાથીજ હું તે કેસમાં યોગ્ય ન્યાય ઉતારી શકીશ વળી કેસનો ન્યાય પ્રાઇવેટ (ખાનગી:) મીટીંગમાંજ ઉતારવાનો છે તેથી બંનેને પધારવા માટે કાંઇપણ જાતનો અદેશ નથી ધીરસિંહ પણ ક્યારના ત્યાં આવી ગયા છે અને આપના પધારવાની રાહ જોતા બેઠા છે. આપ બેઉ પધારશો ત્યારેજ કેસ સરૂ થશે'

વારૂ તમે જાઓ ! હું રાણી સહીત તારી પાછળજ આવું છું—આ સાંભળી કુમાર બલદેવસિંહ પોતાને બંગલે ગયો અને થોડી વાર પછી માહારાજા પણ રાણી સહિત ત્યાં આવી પહોન્યા માહારાજાને જોઇ સર્વ ઉભા થઇ સલામ કરી.અને તેઓ એક મધ્યમાં મુકેલા મૂખ્ય આસને બેઠા અને એક ચક નાંખેલા સામેના ખંડના દ્વાર આગળ રાણી દુર્માતિ બેઠાં

પછી પાટવી કુમાર બલદેવસિંહે ઉભા થઇ માહારાજશ્રીને અરજ કરી—

'પૂજ્ય પિતાશ્રી ! આ સકલ સંસાર કેવળ સત્ય અને ન્યાયથીજ ચાલી રહયો છે ટકી રહયો છે રાજ્યકર્તાનો એવો ધર્મ છે કે—ન્યાયાસન આગળ રજુ થયેલો ગુન્હેગાર ચહાય તો પોતાનો પુત્ર હોય કિંવા કોઇ ગરીબ નગર વાસી હોય તો પણ તે બેઉ ન્યાય આગળ સરખાજ છે. એજ ખરી ધર્મ નીતિ ન્યાયનીતિ છે. મ્હેં પોતેજ આપણી રાંકડી પ્રજામાંનું ! કોઇનું ! સત્તાનો દુરપ્રયોગ કરી ખુન કર્યું હોય અથવા કરવા પ્રયાસ કર્યો હોય તો મને પણ યોગ્ય દંડ દેવા રાજ્ય સત્તાધિકારીયે અથવા રાજ પિતાશ્રીયે દયા ખાવી જોઇયે કે પક્ષ ખેંચવો ન જોઇયે. એજ ખરો ન્યાય છે. એજ ધર્મ છે. મારી કોઇપણ સ્વાર્થીક તૃષ્ણા તૃપ્ત કરવા મ્હેં કોઇનાપર કદાચ વખતે બલાતકાર કર્યો અથવા તો તેનું ખુન કર્યું. અને રાજ પિતાશ્રી મને પોતાનો પુત્ર લેખી ક્ષમા કરે તો તેથી પ્રજાનું મારૂં અને રાજ પિતાશ્રીનું ત્રણેનું ન્યાય ભંગ થતાં કેટલું અનિષ્ટ થાય ! એ વિચારવાનું છે. પિતાશ્રી ! આ કેસ શરૂ કરતાં પહેલાં હું આપને એટલીજ વિજ્ઞપ્તિ કરવા છુટ લઉં છું કે—આ કેસ એવો છે કે ગમે

તેવા રાજ્યકર્તા, ન્યાયકર્તાથી ન્યાયભ્રષ્ટ થઇ જવા સંભવ રહે. જ્યાં સુધી હૃદય મંદિરમાં ન્યાય સજીવ છે પ્રવાહિત છે ત્યાં સુધીજ મનુષ્યનું રાજ્ય કરતાનું જીવન રમણીય છે. માટેજ આ કેસમાં ન્યાયના મહત્વનું નિરંતર આપને સ્મરણ રહેવું જરૂરનું છે કે જેથી કરી આપ સ્નેહથી ગમત્વથી કે સંબંધથી અકર્ષાઇ ન્યાયભ્રષ્ટ ન થાય.'

રાજ પિતાશ્રીએ ધન્યવાદ સાથે કુમારને કેસ ચલાવવા અનુમતિ આપી કુમારે સઘળા ખલાસીયોને અને જેણે વીરમતિને દરીયામાં ધક્કો મારયો હતો તે દાસીને તેમજ ત્યાં બીજા કેટલાંક માણસો હાજર હતાં તે સઘળાંઓને રજુ કર્યા અને સઘળાઓએ રાની દુરમતિ વિરૂદ્ધમાં જુબાની આ પટ રચી વિરમતિ બાને દાસી પાસે ધક્કો મરાવી તેમને દરીયામાં નખાવી દીધાં. તે દાસીએ પણ એ વાત કબુલ કરી માહારાજાને આથી રાણી દુરમતિપર અત્યંત ગુસ્સો ચડયો, પરંતુ રાણી દુરમતિને હીમત ધરી માહારાજશ્રીને નિવેદન કર્યું કે.

કુમાર બલદેવસિંહે આ ખોટું તર્કટ ઉભું કરયું છે તેણે સર્વને ખાટી ધમકી આપી મારી નાંખવાનો ડર બતાવી સરવેને તેના પક્ષમાં લઇ લીધા છે. તેથી તે સઘળાઓ તેના પક્ષમાં બોલે છે. પરંતુ આપતો જરા વિચાર કરો કે વીરમતિ શું મને હવાલી છે ! મારે કયાં બીજા કુમારે કુમારી હતાં કે જેથી કરી હું તેની ઇર્ષા કરી આવું ઘોર કામ કરૂં! મને ખબર નથી પડતી કે, શા માટે કુમાર બલદેવસિંહે મારી વિરૂદ્ધ આવું નીચ પગલું ભરયુ હશે ! હું ધારૂંછું કે આ બધી શીખવની ધીરસિંહનીજ હશે. માટે આ એક પક્ષીય વાત આપને કોઇપણ પ્રકારે માનવી નહિધી રસિંહને તો મેં દુઃખ આપ્યું છે તેથી તે આવી રીતે મારૂં વેર લેવા તત્પર થાય એમાં કંઇ નવાઇ નથી. પણ આપને આવી વાત એકદમ માનવી યોગ્ય નથી. આ કેસમાં સત્ય શું છે ! અને જુઠ કયું છે! એ જણાઇ શકવાનું નથી. હા કદાચ જો અત્યારે વિરમતિ પોતેજ જો હાજર હોત તો આપને સાચજુઠનું પારખું હાલને હાલજ પડી જાત પરંતુ એ નથી તેથીજ આ લોકો ફાવી ગયા છે.

આ સાંભળતાંજ વીરમતિની ધીરજ રહી નહિ, તે એકદમ તેના બચાવનાર ખલાસી સાથે બહાર આવી બોલી.

'રાજમાતુશ્રી શરમ છે તમને કે તમે આ સઘળા માણસોને જુઠા પાડો છો અને તમે પોતે એકલાંજ સાચા બનો છો તમે તો તમારાથી ઘાતકી પણું જેટલું બન્યું તેટલું વાપરયું પરંતુ પુરવના વડીલોના પુણ્યો આડે આવ્યાંજ અને હું બચી. આ દાસીએ તમારા શીખવ્યા મુજબ મને

ધક્કો મારયો અને જે વારે હું દરીયામાં પડી તેજ પળે આ ખલાસી પણ મારી પાછળ પડી એક પાટીયા પર મને લઇ દરીયા કીનારાપર મહા મહેનતે લાવી મારો પ્રાણ બચાવ્યો ધન્ય છે આ ખલાસીને; કે જે નિમકહલાલ થયો. અને ધિક્કાર છે તમારા જેવી નિરદય માતાઓને કે જે પોતાનાજ કુમળાં બાળકોના ગળાં પર છરી ફેરવે છે, કદાચ જો મને ચકર આવ્યાં અને હું દરીયામાં પડી ગઇ તો શું પડતાં પડતાં દાસી દ્વારા મને તમે શું પકડાવી ન શકત ! અને પડી ગયા પછી પણ તમે તુરતજ હોંશીયાર ખલાસીને મહારી પાછળ દરીયામાં પડવા અને મને બહાર કાઢી લેવા આજ્ઞા કરી હોત તો શું મારો પ્રાણ તમે બચાવી ન શકત! પરંતુ હશે, જે થયું તે થયું—

'માતુશ્રી ! હું કોઇપણ પ્રકારે આ બાબત આપની સાથે વેર લેવા ઇચ્છતી નથી આપના એકના બોલવા પરથી, આ સઘળાઓ જુઠા ઠરતાં હતા. અને સાચ જુઠના નિર્ણય કરવા આપે મહારી હાજરી માગી તેથીજ મારે પ્રત્યક્ષ થઇ સત્ય વાતને પ્રકાશમાં લાવવી પડી. માતુશ્રી ! હવે આપને મારે એટલીજ નમ્ર વિજ્ઞપ્તિ કરવાની છે કે આ સંસાર ક્ષણીક છે. આયુષ પાણીના પરપોટા જેવું છે માટે રાગ દ્વેષ અને અનિતિનો ત્યાગ કરી સુનીતિ મારગે ચાલી, યશ મેળવી જીવન સાફલ્ય કરવું એજ સર્વનું કરતવ્ય છે મહારા કહેવાથી આપનું હૃદય દુઃખાયું હોય તો ક્ષમા કરશો.

વીરમતિના પ્રસિદ્ધ થવાથી અને તેની વાતપરથી દુરમતિ દોષપાત્ર ઠરી ચુકી દુરમતિને બોલવાનો કોઇપણ મારગ જડયો નહિ માહારાજાના કોપનું પાત્ર તે થઇ પડી અને તેના કુકરમોનું ફલ તે પામી, માહારાજાએ વીરમતિના શરીપર વાત્સલ્ય પ્રેમથી હાથ ફેરવ્યો, અને વહાલ કર્યું અને સંતજીવોનો આશિરવાદ આપ્યો. ધીરસિંહ બલદેવસિંહ સુરસિંહ અને એકત્ર થયેલા સર્વ મંડલને સત્યવાર્તા પ્રગટ થતાં અને યોગ્ય ન્યાય ઉતરતા આનંદ થયો. સભા વિસરજન થઇ સૌ સૌ પોતપોતાને સ્થાને ગયા. અસ્તુ.

સમાપ્ત

ભાગ ૪ થો	૩	૮	૦
અરબીયન નાઇટસ પુરૂ	૨	૦	૦
પંદર લાખપર પાણી	૧	૮	૦
નટવર ત્રણે ભાગ ચીત્ર સાથે	૨	૦	૦
ભવઇનો ભોમીયો	૦	૧૨	૦
વનરાજ ચાવડો	૧	૮	૦
ભવઈ સંગરે	૦	૮	૦
કામની ચરીત્ર	૦	૮	૦
ચંદ્રકાન્ત ભાગ ૧ લો	૨	૮	૦
ભાગ ૨ જો	૨	૮	૦
ભાગ ૩ જો	૨	૮	૦
બીલાસસુંદરી અને જાદુનો પલગ ૧ લો	૦	૬	૦
ભાગ ૨ જો	૦	૮	૦
ભાગ ૩ જો	૦	૧૦	૦
ખાટીમીઠી વારતાઓ	૦	૮	૦
લાલ કમલા	૦	૨	૦
મોહીનીચંદ્ર નોવેલ	૦	૮	૦
વીણાવેલી ભાગ ૧ લો	૦	૫	૦
ભાગ ૨ જો	૦	૬	૦
લાલાવાઘેલી આઠવારાણો વાગ વારતા	૦	૪	૦
પંચુ આખેન વારતાઓ	૦	૫	૦
નીંદા રસાની વારતા પુરી	૦	૮	૦
સુંદર કામદારની વારતા	૦	૪	૦
બરાસ કસ્તુરીની વારતા	૦	૪	૦
જેમંગળહાથીની વારતા	૦	૫	૦
ઘેલી કુસુમ	૧	૮	૦
રાજ કઠીઆરાની વારતા	૦	૮	૦
પાટાલની મેમદા	૦	૮	૦
લાલની લીલા	૦	૫	૦
સતી મોહણા	૦	૫	૦
સુંદર રસીક	૦	૫	૦
બહાદુર બારવટીયો	૧	૦	૦
પૃથુરાજ ચોહન મોટું	૧	૦	૦

જગદેવપરમારને વીરમતીની બહાદુરી	૦	૮	૦
કમલ કુમારી	૦	૮	૦
ચીતારનો ઘેરો	૦	૮	૦
અકબરની ઉદારતા	૦	૮	૦
સ્ત્રી ચરીત્ર વારતા	૦	૪	૦
તકદીરના તમાસા	૦	૪	૦
ચંદરાજ અને પ્રભાવતી	૦	૪	૦
મીઠી મધુર નોવેલ	૦	૪	૦
ચંદ્રહાસ આખેન	૦	૫	૦
લવકુસ આખેન	૦	૨	૦
ભક્ત બોડાનો નોવેલ	૦	૫	૦
સતી સીતા નોવેલ	૦	૫	૦
સતી લીલાવતી નોવેલ	૦	૮	૦
મીરાબાઇ નોવેલ	૦	૮	૦
નરસીમેતા નોવેલ	૦	૫	૦
ભક્ત સુદામા નોવેલ	૦	૮	૦
સતી દમયતી નોવેલ	૦	૫	૦
ભક્ત તુલસીદાસજી	૦	૫	૦
અખાની વાણી	૦	૮	૦
ભતુહરીસટક ગુજરાતી	૦	૧૨	૦
દયારામ કરત મોટુ	૦	૧૨	૦
શીવપુરાણ ગુજરાતીમાં	૧	૦	૦
પીતમણી વાણી	૦	૮	૦

હમારી દુકાનેથી સરવે જાતના પુસ્તકો ત્યા વારતાઓ ત્યા નાટકો ત્યા સરકારી નીસાળોમાં ચાલતી ચોપડીઓ ત્યા મુસલમાની કીસા ગુજરાતીમા ઝબાન ઉરદુ ત્યા કાયદાઓ વીગેરે હમારી દુકાનેથી મળશે.

સફરઅલી ફીદાભાઇ.

છોટાલાલ છગનલાલ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

જાહેર ખબર.

તમામ જાતનાં ભજનો તંબુરાનાં ગાવાનાં	તમામ જાતનાં નાટકના ગાયનો
૦-૮-૦ વીશ્વજીત અને વીશ્વાસઘાત	મોટાં પુરાણનાં પુસ્તકો મળશે
૦-૮-૦ કામકળા અનેકામરૂપનીવારતા	૦-૧૨-૦ જલંધર આખ્યાન મોટું
૦-૮-૦ હરીચંદ્ર અનેતારામતી નાટક	૦-૮-૦ ઓખાહરણ મોટું
૦-૮-૦ ભરથરી નાટક મોટું	-૩-૦ ઓખાહરણ નાનું
૦-૮-૦ ગે.પીચંદન નાટક મોટું	૨-૦-૦ ગીરધરકૃત રામાયન મોટું
૦-૮-૦ ચંદ્રહાસ નાટક મોટું	૦-૧૨-૦ ગીરધરકૃત રામાયન નાનું
૦-૮-૦ જગદેવ પરમારનાટક મોટું	૨-૦-૦ કૃષ્ણ ચરિત્ર મોટું
૦-૪-૦ રાણકદેવી રાહખેંગાર	૧-૦-૦ કબીરલીલા અમ્રતસીંધુસ્થાન
૦-૮-૦ વનરાજ ચાવડો મોટો	-૮-૦ રામલીલા મોટી
૦-૨-૦ મહીયારી લીલાવતી	૪-૦-૦ ભાગવત મોટું
૦-૪-૦ ભક્તશીરોમણી મોટી ૧	૧-૦-૦ પંચરત્ન ગીતા રેશમી પુંઠા
૦-૪-૦ ભક્તોની ભજનમાળા ૧	૧-૦-૦ યોગવસીષ્ટ બે પ્રકરણ
૧-૦-૦ ભજન ભંડાર મોટો ૧	૧-૪-૦ હુંડીનું આખ્યાન
૦-૬-૦ બોધચિંતામણીકવિરાજ ૧	૦-૨-૦ મીરાંબાઈનાં ભજન
૧-૦-૦ ભક્તમાળ આખ્યાન મોટું ૧	૦-૪-૦ નારદલીલા રસીક ગાયનો
૧-૦-૦ કાવ્યદોહન મોટું ભાગ ૧-૫	૦-૪-૦ મોટું બુલબુલ રસીક ગાયનો
૦-૮-૦ જ્ઞાનસાધન ભજનાવળી ૧	૦-૪-૦ મધુકર મોહીની ગાયનો
૦-૮-૦છોટમકૃતકીરતનમાળાભા. ૧-૩	૦-૧-૦ કંચનના કકડાનાં ગાયનો
૦-૬-૦ ઉપદેશ ચિંતામણી ૧	૦-૬-૦ રાગ રાગણીનો સંગ્રહ
૦-૮-૦ પ્રીતમકાવ્ય તથા વાણી ૧	૦-૪-૦ નાટારંગ નવાં ગાયનો
૧-૦-૦ ધોળ ભજનની પદમાળા મોટી ૧	૦-૪-૦ મુંબઈનું ઝવેરાત ગાયનો
૦-૮-૦ ભજન સાગર મોટો ૧	૦-૪-૦ ફુલના હારનાં ગાયનો

ખાત્રી માટે અરધા આનાની ટીકીટ બીડી સુચીપત્ર મફત મંગાવી લેશો.

બુકસેલર સરફઅલી કીકાભાઈ.

બુકસેલર છોટાલાલ છગનલાલ.

ઠે. રીચીરોડ--અમદાવાદ.